# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08

'તને કોઈ સ્વીપરની નોકરીએ પણ નહીં રાખે' : કંગના રનૌત....





પેજ-09

કાવહી લિયોનાર્ડની ટોરોન્ટોમાં વાપસી થઈ ગઈ....


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 32.00 | 26.00 |
| વડોદરા | 31.00 | 26.00 |
| સુરત | 31.00 | 26.00 |


પેજ 5

amazon now

એમેઝોન નાઉ એ ભારતમાં 1 બિલિયન ડોલર વાર્ષિક ગ્રોસ સેલ્સનો આંકડો...


**16** SEPTEMBER-2026 WEDNESDAY


ઈઝરાયલના વડાપ્રધાનના મેકઅપ પાછળ કરોડોનો ....



પેજ 10


**.....સુવિચાર.....**

દરેક કામમાં જોખમ હોય છે, પરંતુ કશું નહિ કરવામાં મોટું જોખમ હોય છે!


વર્ષ-15 । અંક-302 । વિક્રમ સંવત-2082 । મહા સુદ-00 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### ₹2,000 સુધી UPI પેમેન્ટ ફ્રી, ત્યાર બાદ લાગશે ચાર્જ! NPCIએ જાહેર કર્યો નવો નિયમ

# યુપીઆઈ ચુકવણી વ્યવસ્થામાં નવા નિયમો લાગુ

(એજન્સી) નવી દિલ્હી | તા.01

NPCIએ યુપીઆઈ મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) નું નવું ફ્રેમવર્ક લાગુ કરવાની જાહેરાત કરી છે. નવા નિયમ મુજબ રૂ.2,000 સુધીના યુપીઆઈ પેમેન્ટ પર કોઈ ચાર્જ નહીં લાગે. જ્યારે રૂ.2,000થી વધુના પેમેન્ટ પર વેપારીઓ પાસેથી MDR વસૂલવામાં આવશે. જોકે, આ ચાર્જ ગ્રાહકો પાસેથી લેવામાં આવશે નહીં અને તેમના માટે યુપીઆઈ પેમેન્ટ પહેલાની જેમ ફ્રી રહેશે. આ નિયમ 15 ઓક્ટોબર, 2026થી લાગુ થશે. નવા નિયમનો સીધો બોજ ગ્રાહકો પર નહીં આવે. યુપીઆઈથી પેમેન્ટ કરનારા ગ્રાહકો માટે સેવા ફ્રી રહેશે. મિત્રો અથવા પરિવારને પૈસા મોકલતા P2P ટ્રાન્ઝેક્શન પર પણ કોઈ ચાર્જ લાગશે નહીં. યુપીઆઈ QR કોડ દ્વારા દર મહિને રૂ.1 લાખ સુધીનું પેમેન્ટ મેળવતા નાના વેપારીઓને MDRમાંથી છૂટ આપવામાં આવશે. એટલે નાના દુકાનદારો અને વેપારીઓ માટે આ વ્યવસ્થામાં વધારાનો ચાર્જ નહીં આવે. રેલવે, ટેલિકોમ સર્વિસ, વીમા અને ઈંધણ જેવા ક્ષેત્રોમાં રૂ.2,000થી વધુના પેમેન્ટ પર 0.40% MDRની જગ્યાએ માત્ર રૂ.5 પ્રતિ ટ્રાન્ઝેક્શનનો ફ્લેટ ચાર્જ લાગશે.

### રૂ.75,000 કે તેથી વધુના પેમેન્ટ પર મહત્તમ રૂ.300 ચાર્જ





રૂ.75,000 કે તેથી વધુના ટ્રાન્ઝેક્શન માટે MDRની મહત્તમ મર્યાદા રૂ.300 પ્રતિ ટ્રાન્ઝેક્શન રહેશે. એટલે કે રૂ.1 લાખના પેમેન્ટ પર 0.40% પ્રમાણે રૂ.400 થવા છતાં વેપારી પાસેથી માત્ર રૂ.300 જ લેવામાં આવશે. રૂ.2,000 સુધીના યુપીઆઈ પેમેન્ટ સંપૂર્ણપણે ફ્રી રહેશે. રૂ.2,000થી વધુના પેમેન્ટ પર વેપારીઓએ 0.40% MDR ચૂકવવો પડશે. ઉદાહરણ તરીકે, રૂ.5,000ના પેમેન્ટ પર વેપારીને રૂ.20 ચાર્જ ચૂકવવો પડશે.

# ગુજરાતમાં રેલવે ક્ષેત્રે ઐતિહાસિક પહેલ

## શિવલખાથી પ્રથમ સૉલ્ટ કન્ટેનર ટ્રેન રવાના



(એજન્સી) અમદાવાદ | તા.15

ગુજરાતમાં રેલવેના માળખાગત માળખા, માલ પરિવહન સુવિધાઓ, લૉજિસ્ટિક્સ નેટવર્ક તથા યાત્રી રેલવે કનેક્ટિવિટીને વધુ સુદ્રઢ બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ હેઠળ માનનીય રેલવે, સૂચના અને પ્રસારણ તથા ઈલેક્ટ્રોનિકી અને સૂચના પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવ એ આજે, 15 સપ્ટેમ્બર 2026 ના રોજ વીડિયો કૉન્ફરન્સિંગ મારફતે ગુજરાતમાં વિવિધ રેલવે પરિયોજનાઓ અને યાત્રી સુવિધાઓનું લોકાર્પણ, ઉદઘાટન અને શુભારંભ કર્યું. આ અવસર પર માનનીય રેલવે મંત્રીએ શિવલખાથી ભારતની પ્રથમ સૉલ્ટ કન્ટેનર ટ્રેનને મીઠાપુર માટે લીલી ઝંડી બતાવીને રવાના કરી. આ સાથે જ શિવલખા, ભીમાસર, દેવલિયા, ચંડીસર અને લિંચ સ્થિત પાંચ ગતિશક્તિ કાર્ગો ટર્મિનલ્સ (GCTs) ને રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યા. સાથે જ અંજાર સ્ટેશન પર ટ્રેન નંબર 22829/22830 ભુજ-શાલીમાર એક્સપ્રેસના સ્ટોપેજનો શુભારંભ કરવામાં આવ્યો.

### મીઠા પરિવહનમાં નવાચારની નવી પહેલ

પોતાના સંબોધનમાં માનનીય રેલવે મંત્રીએ કહ્યું કે આજનો કાર્યક્રમ રેલવેમાં નવાચાર અને નવી વિચારસરણીને પ્રોત્સાહન આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ ઉદાહરણ છે. તેમણે કહ્યું કે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રેલવેની કામગીરીની પદ્ધતિમાં સર્વગ્રાહી પરિવર્તન આવ્યું છે. નવી સમસ્યાઓના નવા ઉકેલો શોધવા, નવાચારને અપનાવવા અને ક્ષેત્રની વાસ્તવિક સમસ્યાઓ માટે ટેકનોલોજી આધારિત ઉકેલો વિકસાવવાની દિશામાં રેલવે નિરંતર કામ કરી રહ્યું છે. ગુજરાત અને વિશેષ રૂપે કચ્છ ક્ષેત્રમાં મોટા પાયે મીઠાનું ઉત્પાદન થાય છે. મીઠું દરેક પરિવારની જરૂરી વસ્તુ છે અને તેનું દેશના વિવિધ ભાગો સુધી પહોંચવું જરૂરી છે.

### ૮ મહિનામાં વિદેશથી ૧૦ ફરાર આરોપીઓને પાછા લાવવામાં આવ્યા : ભગવંત માન

(એજન્સી) પંજાબ | તા.15

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને બેઠક દરમિયાન, મુખ્યત્વે કાઉન્ટર ઈન્ટેલિજન્સ (CI), એન્ટી-ગેંગસ્ટર ટાસ્ક ફોર્સ (AGTF) અને એન્ટી-નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (ANTF) દ્વારા હાથ ધરવામાં આવતી કામગીરીની વિગતવાર સમીક્ષા કરવામાં આવી. મુખ્યમંત્રી માને પોલીસ અધિકારીઓને સૂચના આપી કે તેઓ નક્કર ગુપ્ત માહિતીના આધારે સતત અને મોટા પાયે અભિયાનો ચલાવે, જેથી રાજ્યમાંથી ગેંગસ્ટરવાદ, સંગઠિત ગુનાખોરી અને ડ્રગની હેરાફેરીના નેટવર્કને સંપૂર્ણપણે નાબૂદ કરી શકાય. OFTEC સેલની કામગીરીની વિશેષ પ્રશંસા કરવામાં આવી, જેણે આઠ મહિનાના ગાળામાં વિદેશથી ૧૦ ફરાર આરોપીઓને સફળતાપૂર્વક પાછા લાવ્યા હતા.






**NATIONAL STOCK EXCHANGE OF INDIA LIMITED** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public Offer of its Equity Shares and has filed a red herring prospectus dated September 10, 2026 with the RoC. The RHP is made available on the website of the SEBI at www.sebi.gov.in as well as on the website of the BRLMs i.e., Kotak Mahindra Capital Company Limited at https://investmentbank.kotak.com; JM Financial Limited at www.jmfl.com; Morgan Stanley India Company Private Limited at www.morganstanley.com/india; Citigroup Global Markets India Private Limited at https://www.citigroup.com/global/about-us/globalpresence/india; HSBC Securities and Capital Markets (India) Private Limited at www.business.hsbc.co.in; J.P. Morgan India Private Limited at www.jpmipl.com; Anand Rathi Advisors Limited at www.anandrathiib.com; Avendus Capital Private Limited at www.avendus.com; Axis Capital Limited at www.axiscapital.co.in; DAM Capital Advisors Limited at www.damcapital.in; Equirus Capital Limited (*formerly known as Equirus Capital Private Limited*) at www.equirus.com; HDFC Bank Limited at www.hdfc.bank.in; ICICI Securities Limited at www.icicisecurities.com; IDBI Capital Markets & Securities Limited at www.idbicapital.com; IIFL Capital Services Limited (*formerly known as IIFL Securities Limited*) at www.iiflcapital.com; Motilal Oswal Investment Advisors Limited at www.motilaloswal.com; Nuvama Wealth Management Limited at www.nuvama.com; Pantomath Capital Advisors Private Limited at www.pantomathcapital.com, 360 ONE WAM Limited at www.360.one and SBI Capital Markets Limited at www.sbicaps.com, the website of BSE at www.bseindia.com and the website of our Company at www.nseindia.com. Any potential investor should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risks, please see the section "*Risk Factors*" beginning on page 26 of the RHP. Potential investors should not rely on the DRHP for making any investment decision but should only rely on the information included in the RHP filed by the Company with the RoC, the SEBI and the Stock Exchange.

The Equity Shares offered in the Offer have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended (the "U.S. Securities Act") or any other applicable law of the United States and, unless so registered, may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold (a) within the United States only to persons reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act and referred to in the RHP as "**U.S. QIBs**"; for the avoidance of doubt, the term "U.S. QIBs" does not refer to a category of institutional investor defined under applicable Indian regulations and referred to in the RHP as "QIBs") in transactions exempt from, or not subject to, the registration requirements of the U.S. Securities Act; and (b) outside of the United States in offshore transactions as defined in and in compliance with Regulation S under the U.S. Securities Act ("**Regulation S**") and the applicable laws of the jurisdiction where those offers and sales are made.


### પ્રયાગરાજમાં SP નેતાની

# ગોળી મારી હત્યા

(એજન્સી) પ્રયાગરાજ | તા.15

પૂર્વ સંગમ નગરી પ્રયાગરાજમાં મંગળવારે એક SP નેતાની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ ઘટના ગંગાનગર ઝોનના હાંડિયા વિસ્તારમાં બની હતી. આ ઘટનાના સમાચારથી પોલીસ અને વહીવટીતંત્રમાં ખળભળાટ મચી ગયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, બાઈક સવાર હુમલાખોરોએ SP નેતા પર ગોળીબાર કર્યો, જેમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા.તેમને તાત્કાલિક SRN હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા. મૃતક SP નેતાની ઓળખ મુંગરાવ ગામના રહેવાસી પવન યાદવ તરીકે થઈ છે, જેઓ જિલ્લા સચિવ અને ભૂતપૂર્વ ગ્રામ પ્રધાન હતા. અહેવાલો સૂચવે છે કે હુમલાખોરોએ અગાઉથી ઘાત લગાવીને આ હુમલો કર્યો હતો; તેઓ હાંડિયા ખાસ પોલીસ સ્ટેશનથી માત્ર 500 મીટર દૂર તેમની રાહ જોઈ રહ્યા હતા.

### સૂચના મળતાજ હડકંપ

આ ઘટનાના સમાચારથી પોલીસ વિભાગમાં હલચલ મચી ગઈ હતી. વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને સ્થળની તપાસ કર્યા બાદ ફોરેન્સિક ટીમની મદદથી તપાસ શરૂ કરી હતી. પોલીસને આશંકા છે કે આ ઘટના પાછળ જૂની અદાવત હોઈ શકે છે. એવી પણ આશંકા છે કે હુમલાખોરો હુમલાના ઘણા દિવસો પહેલાથી પવન યાદવ પર નજર રાખી રહ્યા હતા. હાલમાં, પોલીસ દરેક સંભવિત પાસાઓથી આ મામલાની તપાસ કરી રહી છે.






SHOWROOMS: GUJARAT: AHMEDABAD: RENAULT KARNAVATI WEST (S G HIGHWAY) Ph: 7428190227, RENAULT KARNAVATI EAST (ODHAV RING ROAD) Ph: 9873558180, RENAULT NARODA Ph: 8448081360. RENAULT ANAND Ph: 8448792901. RENAULT MEHSANA (NAGALPUR ROAD) Ph: 9711791268. RENAULT PALANPUR (ABU DELHI HIGHWAY) Ph: 9899672869.

# વિસાવદરમાં કોંગ્રેસને મોટો ઝટકો, પૂર્વ તાલુકા પંચાયત સભ્ય પ્રભુદાસભાઈ સતાસિયા આપમાં જોડાયા



AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ ખેસ પહેરાવી પ્રભુદાસભાઈ સતાસિયાનું આમ આદમી પાર્ટીમાં કર્યું સ્વાગત

અમદાવાદ | રાજ્યમાં ધીમે ધીમે આમ આદમી પાર્ટીનું સંગઠન વધુ મજબૂત બની રહ્યું છે. પક્ષની સતત વધી રહેલી કામગીરી અને લોકપ્રિયતાથી પ્રભાવિત થઈને અન્ય રાજકીય પક્ષોના અગ્રણીઓ તથા સામાજિક આગેવાનો આમ આદમી પાર્ટી તરફ આકર્ષાઈ રહ્યા છે. આ જ શ્રેણીમાં વિસાવદર તાલુકા પંચાયતના પૂર્વ સભ્ય પ્રભુદાસભાઈ સતાસિયા કોંગ્રેસ પક્ષ છોડીને આમ આદમી પાર્ટીમાં વિધિવત રીતે જોડાયા છે. વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ તેમને પાર્ટીનો ખેસ પહેરાવીને ભાવભર્યું સ્વાગત કર્યું હતું.આ પ્રસંગે ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસના મોટા નેતા અને પૂર્વ તાલુકા પંચાયત સભ્ય પ્રભુદાસભાઈ સતાસિયા આમ આદમી પાર્ટીના વિચાર અને કામગીરીથી પ્રભાવિત થઈને જોડાયા છે, જે પક્ષ માટે આનંદની વાત છે. સામે પક્ષે પ્રભુદાસભાઈ સતાસિયાએ પણ ઉમેર્યું હતું કે, વિસાવદર વિસ્તારમાં ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાની ઉત્કૃષ્ટ કામગીરી અને પ્રજાહિતના સારા કાર્યોથી પ્રેરાઈને તેમણે કોંગ્રેસ છોડી આમ આદમી પાર્ટી સાથે જોડાવાનો નિર્ણય કર્યો છે.

# લોકભવન ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં મીડિયા પ્રતિનિધિઓ સાથે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો

ગાંધીનગર | ગાંધીનગરના લોકભવન સ્થિત મહર્ષિ દયાનંદ સભામંડપ ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં રાજ્યના વરિષ્ઠ પત્રકારો, તંત્રીશ્રીઓ અને સંપાદકો માટે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, કૃષિ વિભાગના અગ્ર સચિવ શ્રી આર.સી. મીણા, માહિતી અને પ્રસારણ વિભાગના સચિવ શ્રી વિક્રાંત પાંડે, લોકભવનના સચિવ શ્રી મેહુલ દવે અને વરિષ્ઠ અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ તેમના ગુરુકુલ કુરુક્ષેત્રના અનુભવો વાગોળતા એક અત્યંત પ્રેરણાદાયી પ્રસંગ ટાંક્યો હતો. પહેલા ગુરુકુલમાં ૧૮૦ એકર જમીનમાં રાસાયણિક ખાતરો અને ઝેરી જંતુનાશકોનો ઉપયોગ કરીને ખેતી કરાવવામાં આવતી હતી. એક દિવસ ખેતરમાં જંતુનાશક દવાનો છંટકાવ કરી રહેલો ખેત-મજૂર માત્ર દવાની ઝેરી વાસથી જ ખેતરમાં બેભાન થઈને ઢળી પડ્યો. તેને ત્વરિત હોસ્પિટલ પહોંચાડાતા ૩ દિવસની સઘન સારવાર બાદ માંડ તેનો જીવ બચ્યો. આ ઘટનાથી રાજ્યપાલશ્રીનું હૃદય દ્રવી ઉઠ્યું. અને તેમને વિચાર આવ્યો કે જે દવાની દુર્ગંધથી માણસ મરણતોલ થઈ જાય, તે જ રાસાયણિક ખાતરો અને ઝેરી દવાઓના ખેતીમાં ઉપયોગથી તૈયાર થતો ખોરાક ગુરુકુલમાં ભણતા દેશના ૧૯ રાજ્યોના નિર્દોષ બાળકોને ખવડાવવો એ ઘોર અપરાધ છે. તે દિવસથી રાજ્યપાલશ્રીએ રાસાયણિક ઝેરવાળી ખેતી કાયમ માટે બંધ કરવાનો નિશ્ચય કર્યો.તેમણે વધુમાં ઉમેર્યું કે, રાસાયણિક ખેતી છોડ્યા બાદ તેમણે શરૂઆતમાં કૃષિ વૈજ્ઞાનિકોની સલાહથી જૈવિક ખેતી - ઓર્ગેનિક ફાર્મિંગ અપનાવી, પરંતુ તેમાં અનેક વ્યાવહારિક મુશ્કેલીઓ સામે આવી. ઘઉં અને ચોખા જેવા મુખ્ય પાકો માટે પ્રતિ એકર ૬૦ કિલો નાઈટ્રોજન જોઈએ. ૧ ટન છાણિયા ખાતરમાંથી માત્ર ૨ કિલો નાઈટ્રોજન મળે છે. એટલે કે પ્રતિ એકર ૩૦૦ ક્વિન્ટલ છાણિયા ખાતરની જરૂર પડે. આટલા ખાતરની જરૂરિયાત પુરી કરવા ૩૦ થી ૪૦ પશુઓ હોવા જોઈએ, જે સામાન્ય ખેડૂત માટે શક્ય નથી, જેથી ૩૦૦ ક્વિન્ટલ છાણિયું ખાતર એકઠું કરવું વ્યવહારિક રીતે અશક્ય છે.રાજ્યપાલશ્રીએ વધુમાં જણાવ્યું કે, ખેતરમાં આટલું બધું છાણ નાખવાથી મિથેન ગેસ ઉત્પન્ન થાય છે, જે કાર્બન ડાયોક્સાઈડ કરતાં ૨૨ ગણો વધુ હાનિકારક છે. ઉપરાંત, ઘાસચારો/નિંદામણ એટલું ઉગી નીકળે છે કે ખેડૂતના મજૂરી ખર્ચમાં મોટો વધારો થાય છે અને ઉત્પાદન ઘટે છે. રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, જૈવિક ખેતીના નિષ્ફળ અનુભવ બાદ તેમણે 5 એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી શરૂ કરી. પ્રાકૃતિક ખેતી એ સૂક્ષ્મ જીવાણુઓ, દેશી અળસિયાં અને મિત્ર કીટકોની ખેતી છે. તેમાં બહારથી કોઈ ભારેખમ ખાતર કે પ્રોસેસ્ડ જૈવિક ખાતર ખરીદવું પડતું નથી.રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે જંગલમાં કોઈ યુરિયા, ડીએપી, જંતુનાશક કે સિંચાઈ આપવા જતું નથી, છતાં ત્યાંના વૃક્ષો ફળોથી ભરેલા અને સંપૂર્ણ પોષક તત્ત્વોથી ભરપૂર હોય છે. આ જ કુદરતી સિદ્ધાંત ખેતરમાં જીવામૃત, ઘનજીવામૃત અને આચ્છાદન દ્વારા લાગુ થાય છે. આ પદ્ધતિથી જમીનની ફળદ્રુપતા અને ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ ઝડપથી વધે છે તથા જમીનની જળ ધારણ શક્તિ મજબૂત થાય છે.

## જામનગર જિલ્લામાં ખેડૂતોની વેદના સાંભળવા AAP મેદાનમાં

# “ખેડૂતોનું આ વર્ષ નિષ્ફળ ગયું”, દુષ્કાળ જાહેર કરવાની માંગ સાથે AAPનું સહી અભિયાન...

**દુષ્કાળ જાહેર કરવાની માંગ સાથે વરણા અને વાવડી ગામે સભાઓ, ખેડૂતો પાસેથી અરજીઓ અને સહીઓ એકત્ર કરાઈ**





અમદાવાદ | જામનગર જિલ્લામાં દુષ્કાળની પરિસ્થિતિને લઈને આમ આદમી પાર્ટી દ્વારા “દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહ” અંતર્ગત ગામે ગામ ખેડૂતો સાથે મુલાકાત અને સભાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા દ્વારા જામનગર તાલુકાના વરણા ગામે ખેડૂતો સાથે દુષ્કાળ અંગે સંવાદ કરવામાં આવ્યો હતો. વરસાદ અને સિંચાઈના પાણીના અભાવે ખેડૂતો આ વર્ષ હારી ચૂક્યા છે અને પાક નિષ્ફળ ગયો છે, ત્યારે સરકાર દુષ્કાળ જાહેર કરીને સહાય આપે તેવી માંગ સાથે ખેડૂતો પાસેથી અરજીઓ પર સહીઓ કરાવવામાં આવી હતી. આ ઉપરાંત જોડીયા તાલુકાના વાવડી ગામે “દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહ” સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સરકાર દ્વારા બળજબરીપૂર્વક, વળતર વગર ખેડૂતોના ખેતરોમાં નાંખવામાં આવતા વીજળીના થાંભલા સામે સંગઠિત થઈને સફળ આંદોલન કરનાર વાવડી ગામના ખેડૂતોએ પણ દુષ્કાળ જાહેર કરવાની માંગ માટેની અરજીઓ તૈયાર કરી હતી. આમ આદમી પાર્ટી દ્વારા જામનગર જિલ્લાના આ વિસ્તારોમાં ખેડૂતોને યોગ્ય સહાય મળે તે માટે નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે, અને એકત્રિત કરાયેલી તમામ અરજીઓ તથા સહીઓ આગામી સમયમાં મુખ્યમંત્રીને સુપરત કરવામાં આવશે.

# મગફળી ખરીદી પ્રક્રિયામાં 'નોમિની' પ્રથા શરૂ કરવાની 'આપ' નેતા ધાર્મિક માથુકિયાની માંગ

**જમીન માલિક વિના પણ નોંધણી થાય તેવી વ્યવસ્થા ગોઠવવા સરકારને વિનંતી : ધાર્મિક માથુકિયા AAP :**
**વૃદ્ધ, અશક્ત અને બહાર રહેતા ખાતેદારો માટે મગફળી રજિસ્ટ્રેશનમાં પ્રત્યક્ષ હાજરીનો નિયમ અશક્ય સાબિત થઈ રહ્યો છે : ધાર્મિક માથુકિયા AAP**

અમદાવાદ | આમ આદમી પાર્ટીની વિદ્યાર્થી પાંખ ASAPના પ્રદેશ પ્રમુખ ધાર્મિક માથુકિયાએ જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતમાં સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળી ખરીદી માટેની અરજી પ્રક્રિયા ચાલી રહી છે, જેમાં ખેડૂતો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. નિયમ મુજબ જેમના નામે જમીન છે તે ખાતેદારે પોતે જ કેન્દ્ર પર જઈને રજિસ્ટ્રેશન કરાવવું પડે છે. પરંતુ ૮૦ વર્ષથી વધુ વયના, અશક્ત કે હલનચલન ન કરી શકતા ખેડૂતો, ગુજરાત બહાર કે વિદેશ રહેતા ખાતેદારો અને ભાગીયા પાસે ખેતી કરાવતા ખેડૂતો માટે કેન્દ્ર પર પ્રત્યક્ષ હાજર રહેવું અશક્ય બની ગયું છે. આ પરિસ્થિતિમાં ખેડૂતો કેન્દ્ર સુધી પહોંચી શકતા નથી અને રજિસ્ટ્રેશનથી વંચિત રહી જાય છે.

'આપ' નેતા ધાર્મિક માથુકિયાએ આ ગંભીર સમસ્યાના ઉકેલ માટે પ્રક્રિયામાં સુધારો કરી નોમિની સિસ્ટમ દાખલ કરવાની માંગ કરી છે. તેમણે જણાવ્યું હતું કે, જો ખેડૂત પોતે ન આવી શકે, તો તેમના દ્વારા અધિકૃત કરાયેલ નોમિની વ્યક્તિ રજિસ્ટ્રેશન સહિતની તમામ પ્રક્રિયા પૂર્ણ કરી શકે તેવી જોગવાઈ કરવી જોઈએ. આ ઉપરાંત, રજિસ્ટ્રેશન માટે આપવામાં આવેલી એક મહિનાની ટૂંકી સમયસીમા ખેડૂતો માટે પૂરતી ન હોવાથી તેને લંબાવવાની વિનંતી કરાઈ છે. ખાતેદારની પ્રત્યક્ષ હાજરીનો નિયમ હળવો કરીને અને સમય મર્યાદા વધારીને સરકાર તાત્કાલિક નિર્ણય લે, જેથી ખેડૂતોને રાહત મળે અને તેમના હિતનું રક્ષણ થાય.

## News Brief

### રાજ્યમાં ભાદરવો ભર'પૂર', એક જ દિવસમાં 259 તાલુકામાં વરસાદ

અમદાવાદ : રાજ્યમાં એક મહિનાના લાંબા વિરામ બાદ 12મી સપ્ટેમ્બરથી શરૂ થયેલી વરસાદની બીજી ઈનિંગ ધમાકેદાર રહી. સવારના 6થી રાત્રિના 10 વાગ્યા સુધીમાં 259 તાલુકામાં વરસાદ નોંધાયો છે, જેમાં સૌથી વધુ ભાવનગરના વલ્લભીપુર અને આણંદના બોરસદમાં આશરે 6-6 ઈંચ અને રાજકોટના કોટડા સાંગાણી, ગીર સોમનાથના ઉના અને વડોદરાના કારંજમાં 4-4 ઈંચ વરસાદ ખાબક્યો છે. આ ઉપરાંત 51 તાલુકામાં બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે, જ્યારે બાકીના તાલુકાઓમાં બે ઈંચથી ઓછો વરસાદ નોંધાયો છે. ઉલ્લેખનીય છે કે, લાંબા સમયથી વરસાદની રાહ જોતા ખેડૂતોમાં આ મેઘમહેરથી ભારે ઉત્સાહ અને ખુશીની લહેર જોવા મળી રહી છે. તો બીજી તરફ રાજ્યમાં ચારેકોર વરસાદથી ઠેર-ઠેર પાણી-પાણી જોવા મળ્યું હતું છતાં હજી પણ રાજ્યમાં સરેરાશ 17% વરસાદની ઘટ જોવા મળી રહી છે. રાજ્યમાં દિવસ દરમિયાન વરસેલા વરસાદે અનેક જગ્યાએ તારાજી સર્જી હતી. રાજકોટમાં માત્ર બે ઈંચ વરસાદમાં ઠેર-ઠેર પાણી ભરાયા હતા. ગોંડલમાં અંડર બ્રિજમાં પાણી ભરાતા સ્કૂલ બસ ફસાઈ હતી. ગઢડામાં ચેકડેમો, નદીઓ અને નાળાં ઓવરફ્લો થયા હતા. જૂનાગઢનો આણંદપૂર ડેમ ઓવરફ્લો થયો હતો. પોરબંદરમાં વીજળી પડતા એક પશુપાલક અને ભેંસનું મોત થયું હતું. વેરાવળ-તાલાલા સ્ટેટ હાઈવે જળમગ્ન થયો હતો. આ ઉપરાંત વડોદરાના પાદરાની જાસપુર ચોકડી નજીક ખાડાનું યોગ્ય પુરાણ ન કરાતાં એક મહિલા પોતાની પૌત્રી સાથે અચાનક ઊંડા ખાડામાં ખાબકી હતી. આસપાસના દુકાનદારો અને સ્થાનિકોએ તુરંત દોડી જઈ બંનેને સલામત બહાર કાઢ્યા હતાં. ગોધરાના મધ્યમાંથી પસાર થતી મેસરી નદી બે કાંઠે વહેતી થતાં ગોન્દ્રાનો અને વ્હોરવાડ વિસ્તારને જોડતો કોઝવે પાણીમાં ગરકાવ થયો હતો.

### PM મોદીના જન્મદિને ગુજરાતમાં ઉજવણી : અમિત શાહ 17 સપ્ટેમ્બરે ગુજરાત આવશે

અમદાવાદ | વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે 17 સપ્ટેમ્બરે ગુજરાતમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાનના જન્મદિનની ઉજવણીને લઈને ભાજપના કાર્યકરો અને વિવિધ સંસ્થાઓ દ્વારા રાજ્યભરમાં સેવા, ધાર્મિક અને સામાજિક કાર્યક્રમો યોજાશે. આ દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ ગુજરાતની મુલાકાતે આવશે અને વડનગર તથા અમદાવાદ ખાતે આયોજિત વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે. અમિત શાહ 17 સપ્ટેમ્બરે સૌપ્રથમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વતન વડનગર પહોંચશે. અહીં યોજાનારા કાર્યક્રમોને વિશેષ મહત્વ આપવામાં આવી રહ્યું છે. અમિત શાહ વડનગરથી વારાણસી રેલીને પ્રસ્થાન કરાવશે. PM મોદીના જન્મદિને વડનગર અને વારાણસી વચ્ચેના જોડાણને પણ આ કાર્યક્રમમાં ઉજાગર કરવામાં આવશે. વડનગર બાદ અમિત શાહ અમદાવાદમાં વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. બાદમાં પ્રસિદ્ધ જગન્નાથ મંદિરમાં PMની લાંબી આયુ અને સારા સ્વાસ્થ્ય માટે આરતી કરાશે, જેમાં શાહ હાજરી આપશે. PM મોદીના જન્મદિનને નિમિત્તે મંદિરમાં વિશેષ પ્રાર્થના અને ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદના કાંકરિયામાં PM મોદીના જન્મદિન નિમિત્તે વિશાળ દીપ પ્રાગટ્ય કાર્યક્રમમાં 1.25 લાખ દીવડા પ્રગટાવવામાં આવશે. મોટી સંખ્યામાં લોકો અને કાર્યકરોની હાજરી વચ્ચે યોજાનારા આ કાર્યક્રમથી કાંકરિયા પરિસરમાં ભવ્ય દૃશ્ય સર્જાશે.

### ગાંધીનગરમાં ઐયાશ પતિની કરતૂતોથી મહિલા કોન્સ્ટેબલ ત્રાહિમામ

ગાંધીનગર | ગાંધીનગરના સેક્ટર 4/એ વિસ્તારમાં રહેતી અને પોલીસ વિભાગમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતી મહિલા કોન્સ્ટેબલે પતિના અન્ય સ્ત્રી સાથેના અવૈધ સંબંધો અને દહેજમાં ફોર્ચ્યુનર કાર-રૂપિયા 1.30 લાખની માંગણીથી ત્રાહિમામ પોકારી ઉઠી કલોલ તાલુકા પોલીસના શરણે પહોંચી સત્તાવાર ફરિયાદ નોંધાવી છે.

મહિલા પોલીસ વિભાગમાં ફરજ બજાવતા 35 વર્ષીય કોન્સ્ટેબલ પર દહેજની અતિશય માંગણીઓ અને શારીરિક-માનસિક ત્રાસનો ગંભીર મામલો સામે આવ્યો છે. તેમના લગ્ન 15 જૂન 2015ના રોજ પેથાપુરમાં એક પાર્ટીL પ્લોટમાં હિન્દુ ધર્મની વિધિ મુજબ થયા હતા. આ લગ્ન બાદ સંતાનમાં એક પુત્રનો જન્મ થયો હતો.

શરૂઆતમાં પરિસ્થિતિ સામાન્ય હતી. પરંતુ પતિ કોઈ કામ ધંધો ન કરતા હોવાથી પીડિતા પર નોકરી શોધવા માટે સતત દબાણ કરવામાં આવતું હતું. ત્યારબાદ તેણીને પોલીસ ખાતામાં નોકરી મળી જતાં સાસરિયાઓનું વર્તન એકદમ બદલાઈ ગયું હતું. પોલીસની નોકરીનો ચોક્કસ સમય ન હોવાથી મોડા આવવા પર મેણાંટોણાં મારવામાં આવતા અને તેમનો પૂરો પગાર પણ સાસરિયાઓ દ્વારા લઈ લેવામાં આવતો હતો.

સાસરિયાઓ દ્વારા અવારનવાર દહેજ બાબતે મહેણાં મારીને પિયરથી ફોર્ચ્યુનર ગાડી અથવા 1.30 લાખ રૂપિયા લઈને આવવા દબાણ કરાતું હતું. આ માંગણીઓ પૂરી ન થતાં પતિ લાકડીથી સખત માર માર્યો હતો અને સાસુ સસરાએ નોકરી છોડાવી દેવાની ધમકી આપી હતી. ઉપરાંત તમામ સોનાના દાગીના પણ બળજબરીથી કઢાવી લઈ સેક્ટર-6 નાગરિક બેંકના લોકરમાં મૂકી દેવામાં આવ્યા હતા.

# પતિએ રડતા રડતા હાથ જોડી કહ્યું- 'મારી નિશીને ન્યાય અપાવો'

અમદાવાદ | અમદાવાદના શીલજ વિસ્તારમાં પતિની નજર સામે જ સર્જાયેલા અકસ્માતમાં પત્નીનું મોત નિપજ્યાને 2 દિવસ વિતી ચૂક્યા છે. પરંતુ, અકસ્માત સર્જનારનો હજી સુધી કોઈ પત્તો ન લાગતા પતિએ રડતા રડતા વીડિયો બનાવી મૃતક પત્નીને ન્યાય અપાવવા અપીલ કરી. 11મી સપ્ટેમ્બરે રાત્રિના સમયે અલગ અલગ વાહનોમાં હાર્દિક અને તેની પત્ની નિશિ પસાર થઈ રહ્યા હતા ત્યારે જ બુલેટ ગતિએ આવતા બાઈકચાલકે અડફેટે લેતા નિશિનું મોત નિપજ્યું. અકસ્માત સર્જ્યા બાદ બાઈકચાલક બાઈક મૂકી ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો. બે દિવસ બાદ પણ તેનો પત્તો ન લાગતા પતિએ વીડિયો બનાવી સવાલ ઉઠાવ્યો.આરોપીનું બાઈક રાજસ્થાન પાસિંગનું હોવાનું સામે આવ્યું છે. સોલા સિવિલમાં સારવાર માટે ખસેડાયા બાદ આરોપી ત્યાંથી નાસી છૂટ્યો હતો. રાજસ્થાન ચાલ્યો ગયો હોવાની શક્યતાના પગલે પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી છે.બોપલમાં રહેતો હાર્દિક દરજી પોતે કોરિયોગ્રાફર છે અને હાલમાં સાયન્સ સિટીમાં આવેલા બ્લુમિંગ કેમ્પમાં ગરબા ક્લાસ ચલાવે છે. બે મહિના પહેલા જ લગ્નગ્રંથીએ જોડાયેલા હાર્દિક અને પત્ની નિશિ 11મી સપ્ટેમ્બરે રાત્રે ગરબા ક્લાસમાં ગયા હતા. જ્યાંથી રાત્રઈના સમયે બંને અલગ અલગ વાહનોમાં ઘરે પરત ફરી રહ્યા હતા. બંને શીલજમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે જ પૂરઝડપે આવેલા પલ્સર બાઈકના ચાલકે રોકેટ ગતિએ નિશિના વાહનનો ટક્કર મારતા 10 ફૂટ ઢસડાઈ અને ઘટનાસ્થળે જ મોત નિપજ્યું.

# કચ્છના માંડવીને મેઘરાજાએ ધમરોળ્યું, 7 ઇંચથી જળબંબાકાર :શેરીઓમાં પણ જોરદાર પૂર

અમદાવાદ | આજે સવારના 6થી બપોરના 2 વાગ્યા સુધીમાં 71 તાલુકામાં વરસાદ નોંધાયો છે. કચ્છના માંડવીમાં 7 ઈંચથી જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. નદીઓ બે કાંઠે વહેવાની સાથે શહેરી વિસ્તારોમાં પણ કમર સુધીના પાણી વહી રહ્યાં છે. આજે કચ્છમાં ધોધમારની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કરાયું છે. શ્રાવણ મહિના દરમિયાન જે વરસાદ વરસવો જોઈએ તે આ વર્ષે જોવા ન મળ્યો. જો કે, ભાદરવાના પ્રારંભે જ ધોધમાર વરસાદનો રાઉન્ડ આવતા ખેડૂતો અને સરકારે થોડી રાહત અનુભવી છે. અત્યાર સુધીમાં રાજ્યમાં 84.38 ટકા વરસાદ વરસી ગયો છે, જ્યારે હજુ પણ 15.62 ટકાની ઘટ વર્તાઈ રહી છે. સૌથી વધુ 50 ટકાની ઘટ કચ્છમાં છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું કે, હાલ રાજ્યમાં લો પ્રેશર, મોંનસૂન ટ્રફ, વેસ્ટન ડિસ્ટર્બન સક્રિય છે, જેથી વરસાદ વરસી રહ્યો છે. આજે અતિભારે વરસાદની આગાહીને લઈ રેડ, ઓરેન્જ અને યલો એલર્ટ જાહેર કરાયું છે. આ ઉપરાંત માછીમારો દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. અમદાવાદ અને ગાંધીનગરમાં સામાન્યથી મધ્યમ વરસાદની સંભાવના છે. બનાસકાંઠા જિલ્લામાં લાંબા વિરામ બાદ ફરી બે દિવસથી વરસાદી માહોલ જામ્યો છે. પાલનપુર, અમીરગઢ સહિતના વિસ્તારોમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. વહેલી સવારથી જ ઈકબાલગઢ પંથકમાં ઝરમર વરસાદ શરૂ થતાં ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. ખેતરોમાં સુકાઈ રહેલા પાક વચ્ચે વરસાદી માહોલથી ખેડૂતોને રાહત મળી છે. હવે આગામી દિવસોમાં વધુ સારો વરસાદ પડે અને તળાવો તેમજ ડેમોમાં પાણીની આવક થાય તેવી ખેડૂતો આશા રાખી રહ્યા છે. માંડવી શહેરના નીચાણવાળા વિસ્તારો ચારે બાજુથી પાણીથી ઘેરાયા છે. સલાયા, નવાપરા, આઝાદ ચોક સહિતના વિસ્તારોમાં ભારે પાણીનો ભરાવો થયો છે. નદીની જેમ પાણી વહી રહ્યાં છે. સિઝનમાં પહેલાવાર કચ્છ જિલ્લામાં ધોધમાર વરસાદ શરૂ થયો છે. માંડવી તાલુકાના મોટી રાયણ ગામે રુક્માવતી નદી બે કાંઠે વહેતી થઈ છે. ગામના ખેડુ યુવાન ઈમરાન જુણેજાએ ખુશી વ્યક્ત કરી જણાવ્યું કે, મુરઝાતી ખેતીને આ પાણીથી નવજીવન મળશે.

## વેજલપુરની 'બાબુ કાલિયા ગેંગ' સામે ગુજસીટોક હેઠળ ગુનો દાખલ

અમદાવાદ | અમદાવાદના વેજલપુર સ્થિત ફતેવાડી વિસ્તારમાં સંગઠિત ગુનાખોરી આચરતી કુખ્યાત બાબુ કાલિયા ગેંગ પર પોલીસે સકંજો કસ્યો છે અને તેની સામે ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ્સ એક્ટ (GUJCTOC) હેઠળ ગુનો દાખલ કર્યો છે. નોંધનીય છે કે, બાબુ કાલિયા ગેંગના કેસમાં બે આરોપીઓને જે તે સમયે 307ના ગુના હેઠળ ધરપકડ કરી હતી. એક દિવસના રિમાન્ડ મેળવ્યા બાદ તે જેલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. ત્યારબાદ આ કેસમાં નવી કલમ ઉમેરીને વધુ તપાસ અર્થે રિમાન્ડ માગતા કોર્ટે બાબુ કાલિયાના રિમાન્ડ આપ્યા છે, જ્યારે બીજો આરોપી વસીમ ઉર્ફે ડેમો હાલ જ્યુડિશિયલ કસ્ટડીમાં છે અને ત્રીજો આરોપી શહેજાન હાલ વોન્ટેડ છે.City & Local Guides ઝોન-7ના ડીસીપી શિવમ વર્માના જણાવ્યાનુસાર, વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી ફતેવાડીમાં બાબુ કાલિયા ગેંગ સામે ગુનાની કલમોનો ઉમેરો કરવામાં આવ્યો છે. આ ગેંગ સામે મારામારી આર્મ્સ એક્ટ અને કલમ 307 જેવા 15 જેટલા ગુનાઓ નોંધાયેલા છે. જેમાંથી હાલમાં કલમ 307ની એક એફઆઈઆરમાં 2 આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

# દિવ્યાંગ બાળકોના પ્રવેશ મુદ્દે શાળા સંચાલકોની શિક્ષણ સચિવને રજૂઆત : દિવ્યાંગ બાળક પ્રવેશ ન મેળવે તો પણ સુવિધા ઉભી કરવા દબાણ કરાતું હોવાનો આક્ષેપ

અમદાવાદ | દિવ્યાંગ બાળકોના શિક્ષણને લઈને રાજ્યના શાળા સંચાલક મહામંડળે શિક્ષણ સચિવને પત્ર લખ્યો છે. દિવ્યાંગ વ્યક્તિઓ માટેના અધિકારનો કાયદો-2016ને ધ્યાને રાખી સંચાલકોનું કહેવું છે કે, સામાન્ય શાળામાં દિવ્યાંગ બાળક પ્રવેશ મેળવે ત્યારે તેની જરૂરિયાત મુજબ રેમ્પ, ખાસ ટોયલેટ, ટેકટાઇલ પાથ સહિતની સુગમ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી જોઈએ તે કરવા તૈયાર છીએ. જો કે જે શાળામાં દિવ્યાંગ બાળક પ્રવેશ જ ન મેળવે ત્યાં પણ આવી તમામ સુવિધાઓ ફરજિયાત ઊભી કરવા માટે શાળા સંચાલકો પર દબાણ કરવામાં આવતું હોવાની રજૂઆત કરવામાં આવી છે. જેથી વર્ષોથી ચાલી આવતી શિક્ષણ પ્રણાલી પર પુનઃ વિચારણા કરી નવા નિયમો બનાવવા માટે માંગ કરવામાં આવી છે. શિક્ષણ વિભાગ હેઠળ કન્યા શાળા, કુમાર શાળા, મિશ્રશાળા જેવી સામાન્ય પ્રકારની શાળાઓ ચાલે છે. જ્યારે વિશિષ્ટ શાળાઓ જેવી કે અંધ શાળા,




અંધ અપંગ શાળા ચલાવવામાં આવે છે. જેમાં બાળકોની દિવ્યાંગતાના આધારે માતા-પિતા તેમના બાળકોને પ્રવેશ અપાવતા હોય છે. જે બાળકો ધોરણ 10 અને ધોરણ 12 બોર્ડની પરીક્ષા આપીને Ph.D સુધીનો અભ્યાસ પણ કરતા હોય છે.પરંતુ સામાન્ય શાળામાં દિવ્યાંગ બાળક પ્રવેશ મેળવે ત્યારે શાળા મંડળે સ્કૂલ બિલ્ડીંગમાં વર્ગખંડમાં 900 મિમિથી વધુ પહોળો વર્ગખંડનો દરવાજો બનાવવાનો હોય છે. તે જ રીતે બ્લેક બોર્ડ સુધી પહોંચવાનો રસ્તો તથા વ્હીલ ચેર ફરી શકે તેવી જગ્યા રાખવાની હોય છે. દિવ્યાંગ બાળક માટે ટોયલેટની ખાસ વ્યવસ્થા બનાવવાની હોય છે. તેમજ રેમ્પ અને ટેકટાઈલ પાથની સુવિધા કરવાની હોય છે. તેમજ દિવ્યાંગ બાળકને ભણાવવા માટેની ભાષા અલગ છે. જેથી સામાન્ય બાળકની સાથે સાથે દિવ્યાંગ બાળકને શિક્ષણ આપવું અઘરું હોવાની પણ શિક્ષણ સચિવને રજૂઆત કરવામાં આવી છે. જો કે શાળાઓમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા દિવ્યાંગ બાળકો માટે સુવિધા ઉભી કરવામાં આવી છે કે નહીં તે ચેકિંગ કરવામાં આવ્યું રહ્યું છે. જો સુવિધા ઉભી કરવામાં ન આવી હોય તો તેને નોટિસ આપવામાં આવતા રાજ્ય શાળા સંચાલક મંડળે તેનો વિરોધ કર્યો છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

### વડોદરા કરજણ હાઈવે પર લગ્ન પ્રસંગથી પરત ફરતા અકસ્માત

# કંડારી પાસે કારને નડ્યો ગમખ્વાર અકસ્માત

(એજન્સી) વડોદરા । તા. 15

વર્ષ ૨૦૨૬ના સપ્ટેમ્બર મહિનાની પંદરમી તારીખે વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાંથી પસાર થતા નેશનલ હાઈવે 48 ઉપર કંડારી ગામ નજીક એક અત્યંત ગમખ્વાર અને હૃદયદ્રાવક માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં લગ્ન પ્રસંગ પતાવીને કાર દ્વારા પોતાના વતન પરત ફરી રહેલા બે આશાસ્પદ યુવાનોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા હતા અને અન્ય ત્રણ વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા સમગ્ર પંથકમાં શોકની કાલિમા છવાઈ ગઈ છે.

પ્રાપ્ત થતી સત્તાવાર વિગતો અનુસાર, કરજણના જૂના બજાર વિસ્તારમાં રહેતા કેટલાક યુવાનો વડોદરા ખાતે આયોજિત એક લગ્ન સમારોહમાં હાજરી આપીને મોડી રાત્રે કાર દ્વારા પાછા ફરી રહ્યા હતા. આ દરમિયાન તેમની કાર નેશનલ હાઈવે 48 પર કંડારી ગામ પાસે રોડની સાઈડમાં ઊભી હતી, તે જ અરસામાં પાછળથી પૂરપાટ ઝડપે અને બેફામ ગતિએ આવી રહેલા એક ભારે વાહન ચાલકે પોતાની નજર ચૂકીને આ ઉભેલી કારને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી બધી ભયાનક અને જોરદાર હતી કે કારનો પાછળનો ભાગ સંપૂર્ણપણે કચડાઈ ગયો હતો અને અંદર બેઠેલા મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચી હતી.



આ દુર્ઘટના અંગે મીડિયા અહેવાલ અને પોલીસ સૂત્રો દ્વારા મળેલી માહિતી મુજબ, આ અકસ્માતમાં કારમાં સવાર પ્રેમ રાજેન્દ્ર શાહ અને મિહિર પટેલ નામના બે યુવાનોના ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરૂ ગયા હતા, જ્યારે અન્ય ત્રણ ઈજાગ્રસ્તોને સ્થાનિક લોકો અને પોલીસની મદદથી ત્વરિત ધોરણે સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સ્થાનિક પોલીસે તરત જ ગુનો નોંધીને ફરાર થઈ ગયેલા વાહન ચાલકની શોધખોળ અને કાયદેસરની તપાસ હાથ ધરી છે. લગ્નની ખુશીઓ માણીને પરત ફરતા બે યુવાનોના અકાળે અવસાનથી તેમના પરિવારજનોમાં આક્રંદ છવાઈ ગયો છે.

આ પ્રકારના માર્ગ અકસ્માતો દિનપ્રતિદિન વધતા જાય છે ત્યારે વાહન ચાલકોએ હાઈવે પર વાહન હંકારતી વખતે પૂરતી સાવચેતી, ટ્રાફિક નિયમોનું પાલન અને યોગ્ય ગતિ મર્યાદા જાળવવી અત્યંત આવશ્યક બની ગઈ છે. વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા પણ રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર અનધિકૃત રીતે ઊભા રહેતા વાહનો અને ઓવરસ્પીડિંગ સામે લાલ આંખ કરીને કડક પગલાં લેવાની ઝુંબેશ તેજ કરવામાં આવી છે, જેથી ભવિષ્યમાં આવા માસૂમ જીવોના ભોગ ન લેવાય અને નાગરિકો સુરક્ષિત રીતે પોતાની મુસાફરી પૂર્ણ કરી શકે.

ધમકીભર્યો ઈ-મેઈલ મળતાં જ કોર્ટ સત્તાધીશો અને પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને રાજ્યની સુરક્ષા એજન્સીઓ અને સ્થાનિક પોલીસને તુરંત એલર્ટ કરી દેવામાં આવી છે. હાલ સાયબર ક્રાઈમ ટીમ દ્વારા ટેકનિકલ એનાલિસિસ હાથ ધરીને ઈ-મેઈલ ક્યાંથી અને કયા આઈપી એડ્રેસ પરથી મોકલવામાં આવ્યો છે તે દિશામાં તપાસ તેજ કરવામાં આવી છે.

## સુરતમાં રાંદેરના ગણેશ મંડળે 1972નું જૂનું બજાર જીવંત કર્યું, સદી જૂની યાદો તાજી કરતું અદભુત આયોજન



સુરત | વર્ષ ૨૦૨૬ના સપ્ટેમ્બર મહિનાની પંદરમી તારીખે સુરત શહેરના ઐતિહાસિક રાંદેર વિસ્તારમાંથી એક અત્યંત અનોખા અને કલાત્મક સમાચાર સામે આવ્યા છે, જ્યાં એક જાણીતા ગણેશ મંડળ દ્વારા કોઈપણ પ્રકારની કૃત્રિમ બુદ્ધિમત્તા કે આધુનિક ટેકનોલોજીનો સહારો લીધા વિના અદ્ભુત કલાસર્જન કરીને પાંચ દાયકા પહેલાંના એટલે કે વર્ષ ૧૯૭૨ના 'રાંદેર ગામ બજાર'ને તદ્દન આબેહૂબ રીતે પુનઃજીવંત કરવામાં આવ્યું છે, જેનાથી સમગ્ર શહેરમાં ભારે આશ્ચર્ય અને ખુશીની લહેર દોડી ગઈ છે. આ સુંદર આયોજનને નિહાળવા માટે દૂર-દૂરથી લોકો ઉમટી રહ્યા છે અને ભૂતકાળની મીઠી યાદો તાજી કરી રહ્યા છે. પ્રાપ્ત થતી સત્તાવાર વિગતો અનુસાર, આજકાલ સોશિયલ મીડિયા પર જૂના સમયની તસવીરો અને વીડિયો બનાવવાનો ટ્રેન્ડ ખૂબ જ લોકપ્રિય બન્યો છે, પરંતુ આ મંડળના યુવાનોએ ડિજિટલ માધ્યમનો ઉપયોગ કરવાના બદલે વાસ્તવિક જમીની હકીકત અને વડીલોના અનુભવને પ્રાધાન્ય આપ્યું છે.

## વડોદરામાં પાર્ક પ્લાઝા ક્લબ હાઉસમાં અચાનક આગ ભડકી, શોર્ટ સર્કિટના કારણે ક્લબ હાઉસમાં મચી દોડધામ



(એજન્સી) વડોદરા । તા. 15

વર્ષ ૨૦૨૬ના સપ્ટેમ્બર મહિનાની પંદરમી તારીખે વડોદરા શહેરના ગીચ અને વ્યસ્ત ગણાતા ગોત્રી લક્ષ્મીપુરા રોડ પર આવેલા પાર્ક પ્લાઝાના ક્લબ હાઉસમાં સવારના સુમારે અચાનક શોર્ટ સર્કિટ થવાના કારણે ગમખ્વાર આગ ફાટી નીકળતા આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરી અને દોડધામ મચી જવા પામી હતી, જેના પગલે સ્થાનિક નાગરિકો અને વહીવટી તંત્ર તાત્કાલિક હરકતમાં આવી ગયા હતા.

આ ઘટના પાર્ક પ્લાઝા સંકુલના પહેલા માળે આવેલા ક્લબ હાઉસમાં બની હતી, જ્યાં વ્યાયામ માટે ઉપયોગમાં લેવાતા ટ્રેડમિલમાં અચાનક વીજ પ્રવાહ ખોરવાતા શોર્ટ સર્કિટ સર્જાઈ હતી અને આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગના કારણે આખા સંકુલમાં ધુમાડાના કાળા ગોટેગોટા ચારેય બાજુ ફેલાઈ ગયા હતા અને ગ્રાઉન્ડ ફ્લોર સુધી ધુમાડો છવાઈ જવાથી લોકોમાં ગભરાટ ફેલાયો હતો. સદનસીબે બનાવ બન્યો તે સમયે ક્લબ હાઉસની અંદર કોઈપણ વ્યક્તિ હાજર ન હોવાના કારણે સરા નસીબે કોઈ મોટી જાનહાનિ થતા અટકી ગઈ હતી અને સમયસર રાહત મળી હતી. આ ઘટનાની જાણ થતાં જ આસપાસના વિસ્તારમાં ચાલી રહેલા ગણેશ ઉત્સવના પંડાલમાં ઉપસ્થિત ભક્તો અને સ્થાનિક રહેવાસીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ત્વરિત ધોરણે ફાયર બ્રિગેડ વિભાગને આ અંગેની જાણ કરી હતી.

## સુરતમાં મહાનગરપાલિકાના સુમન સેલના ધર્મેશ પટેલ પાલિકા અધિકારીનું થયું નિધન

(એજન્સી) સુરત । તા. 15

વર્ષ ૨૦૨૬ના સપ્ટેમ્બર મહિનાની ચોવીસમી તારીખે ગુજરાતના અગ્રણી ઔદ્યોગિક અને વેપારી નગર સુરતમાંથી એક અત્યંત દુખદ અને હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે, જેમાં સુરત



મહાનગરપાલિકાના સુમન સેલના વડા અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ઈન્ચાર્જ શાસનાધિકારી ધર્મેશ પટેલનું ટૂંકી માંદગી બાદ આજે વહેલી સવારે આકસ્મિક નિધન થતાં સમગ્ર વહીવટી તંત્ર અને શિક્ષણ જગતમાં ભારે શોકની લાગણી પ્રસરી ગઈ છે. અત્યંત શાંત, સૌમ્ય અને મૃદુ સ્વભાવના ધનીષ્ઠ અધિકારીના અચાનક અવસાનથી તેમના પરિવારજનો, મિત્રો અને સાથી કર્મચારીઓમાં ઊંડો આઘાત જોવા મળ્યો છે, જોકે તેમના પરિવારજનો દ્વારા લેવામાં આવેલા એક ઉમદા અને ક્રાંતિકારી નિર્ણયથી મૃત્યુ બાદ પણ તેમની સેવાભાવના કાયમ માટે જીવંત રહી છે.

પ્રાપ્ત થતી વિગતવાર માહિતી મુજબ, દિવંગત ધર્મેશ પટેલ લાંબા સમયથી સુરત મહાનગર પાલિકામાં અત્યંત નિષ્ઠા અને જવાબદારીપૂર્વક ફરજ બજાવી રહ્યા હતા અને પાલિકાના મહત્વના સુમન સેલની કામગીરીની સાથે સાથે તાજેતરમાં જ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારી તરીકેની અતિ મહત્વની જવાબદારી પણ સંભાળી રહ્યા હતા. પાલિકાની આ બંને જવાબદારીઓ નિભાવતી વખતે તેઓ હંમેશાં પોતાના સાથી અધિકારીઓ અને કર્મચારીઓ સાથે અત્યંત સૌમ્ય વ્યવહાર તેમજ ઉત્કૃષ્ટ કાર્યશૈલી માટે જાણીતા બન્યા હતા.

## વડોદરામાં સંકલ્પ ભૂમિ વિકાસ માંગ, ડોક્ટર બાબાસાહેબ આંબેડકર સંકલ્પ ભૂમિ

(એજન્સી) વડોદરા । તા. 15

વડોદરા શહેરના રાજકારણમાં અને વહીવટી વર્તુળોમાં હાલમાં એક મહત્વપૂર્ણ મુદ્દો જોરશોરથી ચર્ચામાં આવ્યો છે, જ્યાં આગામી તારીખ ૨૩ સપ્ટેમ્બરના રોજ યોજાનાર સંકલ્પ દિનની ઉજવણી સંદર્ભે પૂર્વ વિપક્ષના નેતા દ્વારા સ્થાનિક વહીવટી તંત્ર સામે ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ, શહેરમાં થોડા સમય પહેલા જ આયોજિત પ્રધાનમંત્રીના વિશેષ કાર્યક્રમ પાછળ પાલિકા તંત્ર દ્વારા કરોડો રૂપિયાનો જંગી ખર્ચ કરવામાં આવ્યો હોવાની ચર્ચાઓ ચાલી રહી છે, ત્યારે તે જ તર્જ પર ભારતના સંવિધાન નિર્માતા ડૉ. બાબાસાહેબ આંબેડકરની પવિત્ર સંકલ્પ ભૂમિ ખાતે આવનાર શ્રદ્ધાળુઓ અને નાગરિકો માટે પૂરતી સુવિધાઓ ઊભી કરવાની જોરદાર માંગ કરવામાં આવી છે. આ અંગે મ્યુનિસિપલ કમિશનરને લેખિતમાં રજૂઆત કરીને યોગ્ય પગલાં લેવાની તાકીદ કરાઈ છે. વડોદરા શહેર સાથે ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવનનું અત્યંત ગાઢ અને ઐતિહાસિક જોડાણ રહેલું છે. ઈતિહાસના પાનાઓ પર નજર કરીએ તો, વડોદરા છોડીને જતા સમયે અહીંના સયાજી ગાર્ડન પાસે આવેલા એક વિશાળ વડના વૃક્ષ નીચે તેમણે દેશના અસંખ્ય અન્યાય, શોષણ અને અપમાનનો ભોગ બનતા વંચિત લોકોના અધિકારો માટે લડત આપવાનો ઐતિહાસિક સંકલ્પ લીધો હતો. આ અદભુત અને પ્રેરણાદાયક સ્થળને આજરોજ 'સંકલ્પ ભૂમિ' તરીકે ઓળખવામાં આવે છે અને દર વર્ષે ૨૩ સપ્ટેમ્બરના રોજ આ પવિત્ર સ્થળે 'સંકલ્પ દિન'ની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. આ ખાસ દિવસ નિમિત્તે માત્ર ગુજરાત જ નહીં પરંતુ પડોશી રાજ્ય મહારાષ્ટ્ર, રાજસ્થાન તેમજ દેશના અન્ય દૂરના વિસ્તારોમાંથી પણ હજારોની સંખ્યામાં અનુયાયીઓ અને શ્રદ્ધાળુઓ શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે વડોદરા આવે છે. આવનારા આ મહત્વપૂર્ણ ઉત્સવને ધ્યાનમાં રાખીને પૂર્વ વિપક્ષના નેતા ચંદ્રકાંત શ્રીવાસ્તવે વહીવટી તંત્ર સમક્ષ સ્પષ્ટ શબ્દોમાં રજૂઆત કરી છે કે જ્યારે મોટા નેતાઓ અને રાજકીય પક્ષોના ભવ્ય કાર્યક્રમો પાછળ મહાનગરપાલિકા દ્વારા પાણીની જેમ કરોડો રૂપિયા ખર્ચવામાં જરાય સંકોચ રાખવામાં આવતો નથી.

## સુરતમાં મેસમાં ખાવાથી સોથી વધુ વિદ્યાર્થીઓની તબિયત બગડી, શૈક્ષણિક સંસ્થાઓની મેસમાં આરોગ્યનું ચેકિંગ



સુરત | વર્ષ ૨૦૨૬ના સપ્ટેમ્બર મહિનાની પંદરમી તારીખે ગુજરાતના જાણીતા ઔદ્યોગિક નગર સુરતમાંથી એક અત્યંત ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે, જેમાં એક અગ્રણી યુનિવર્સિટીની હોસ્ટેલમાં ભોજન લીધા બાદ અંદાજે સો કરતા વધુ વિદ્યાર્થીઓની તબિયત અચાનક લથડી જતા સમગ્ર શહેરમાં અને વહીવટી તંત્રમાં ભારે હડકંપ મચી ગયો હતો. આ ગંભીર ઘટનાની નોંધ લઈને તુરંત જ સક્રિય થયેલી આરોગ્ય વિભાગની વિશેષ ટીમો દ્વારા શહેરની વિવિધ સરકારી હોસ્પિટલો અને જાણીતી શૈક્ષણિક સંસ્થાઓની ભોજન શાળાઓમાં અચાનક સઘન તપાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે, જેથી વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતા તત્વો સામે યોગ્ય પગલાં ભરી શકાય. પ્રાપ્ત થતી સત્તાવાર વિગતો અનુસાર, ગત શનિવારની રાત્રે યુનિવર્સિટીની હોસ્ટેલની મેસમાં ભોજન જમ્યા બાદ એકસાથે સો કરતા વધુ વિદ્યાર્થીઓને ઉલ્ટી અને ઝાડાની ગંભીર તકલીફ ઊભી થઈ હતી, જેના કારણે તાત્કાલિક ધોરણે તમામ અસરગ્રસ્તોને સારવાર માટે નજીકની હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા.

### એશિયન ગેમ્સમાં એન્સી સોજને રચ્યો નવો રેકોર્ડ

# એશિયન ગેમ્સમાં ગોલ્ડ માટે એન્સી સોજનની ઐતિહાસિક કૂદ



(એજન્સી) રાજપીપળા । તા. 15

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેર જીવન અને સેવા કાર્યકાળનાં પચ્ચીસ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત નીકળેલી બાઈક યાત્રાનું નર્મદા જિલ્લામાં ભવ્ય આગમન થયું હતું, જ્યાં નવસારી જિલ્લાના ઉનાઈ માતાજી મંદિરેથી તેરમી સપ્ટેમ્બરના રોજ પ્રસ્થાન કરાયેલી આ યાત્રાએ બીજા દિવસે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ખાતેથી નવો પ્રારંભ કર્યો હતો. આ યાત્રા દરમિયાન સ્થાનિક વહીવટી તંત્ર, જનપ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં જોડાયેલા યુવાનો દ્વારા ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું હતું અને છેવાડાના માનવી સુધી સરકારની કલ્યાણકારી યોજનાઓનો પ્રચાર કરવામાં આવ્યો હતો.

એકતાનગર ખાતે ગુજરાત વિધાનસભાના નાયબ દંડકશ્રી વિજયભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં પુણ્યસલીલા મા નર્મદાના પવિત્ર જળને કળશમાં ધારણ કરવામાં આવ્યું હતું, ત્યારબાદ બાઈક યાત્રા નિર્ધારિત માર્ગે આગળ વધી હતી. નાયબ દંડકશ્રીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીથી તિલકવાડા સુધી જાતે બાઈક ચલાવીને યુવાનોનો ઉત્સાહ બેવડાવ્યો હતો. આ યાત્રામાં ગુજરાત સરકારના કેબિનેટ મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયા પણ ઉત્સાહભેર જોડાયા હતા. ભાદરવા અને દેવલિયા થઈને આ યાત્રા જ્યારે તિલકવાડા ખાતે પહોંચી ત્યારે સ્થાનિક અગ્રણીઓ તથા આંગણવાડીની બહેનોએ પુષ્પવર્ષા કરીને ભવ્ય સ્વાગત કર્યું હતું. તિલકવાડા સ્થિત એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલના વિશાળ પ્રાંગણમાં સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓ સાથે એક વિશેષ સંવાદ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં લાભાર્થીઓએ પોતાના હૃદયસ્પર્શી અનુભવો અને પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયાએ ઉપસ્થિત જનમેદનીને સંબોધતા જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દુરદર્શી નેતૃત્વ હેઠળ ગુજરાત સહિત સમગ્ર દેશે વિકાસની અભૂતપૂર્વ નવી ઊંચાઈઓ સર કરી છે. વડાપ્રધાનશ્રીએ 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના સમગ્ર વિશ્વને આપીને વૈશ્વિક સ્તરે ભારતનું માન વધાર્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની લોકકલ્યાણકારી યોજનાઓ દ્વારા સમાજના છેવાડાના માનવીના સર્વાંગી ઉત્કર્ષ માટે સતત અને સઘન પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. વડાપ્રધાનશ્રીનું મુખ્ય વિઝન હંમેશાં 'હર ખેત મેં પાણી, હર હાથ કો કામ'નું રહ્યું છે અને આ દિશામાં સરકાર દ્વારા અત્યંત સરાહનીય પગલાં લેવામાં આવી રહ્યા છે, જેનાથી સામાન્ય નાગરિકો સીધા લાભાન્વિત થઈ રહ્યા છે.

### રાજકોટ કોર્ટ અને મહાત્મા મંદિરને ધમકી મળી, ગુજરાતના સંવેદનશીલ સ્થળોને બોમ્બની ધમકી

# ગુજરાતમાં બોમ્બ ધમકીથી હડકંપ મચી ગયો છે

(એજન્સી) રાજકોટ । તા. 15

વર્ષ ૨૦૨૬ના સપ્ટેમ્બર મહિનાની પંદરમી તારીખે ગુજરાત રાજ્યના અતિસંવેદનશીલ સ્થળો અને મહત્વપૂર્ણ સંસ્થાઓને બોમ્બ તેમજ ડ્રોન હુમલાથી ઉડાવી દેવાની ગંભીર ધમકી મળતા સમગ્ર રાજ્યમાં સુરક્ષા એજન્સીઓ અને પોલીસ વિભાગમાં એકસામટી દોડધામ મચી જવા પામી છે, જેના પગલે તમામ પ્રમુખ સ્થળોની સુરક્ષા વ્યવસ્થાને અત્યંત સઘન અને કડક બનાવી દેવામાં આવી છે. અગાઉ પણ સચિવાલય અને અન્ય મહત્વના સ્થળોને નિશાના બનાવવાની ઘટનાઓ સામે આવી ચૂકી છે ત્યારે ફરી એકવાર ખાલિસ્તાની જૂથના નામે ઈ-મેઈલ મારફતે મોકલાયેલી આ નવી ધમકીએ નાગરિકો તેમજ વહીવટી તંત્રની ચિંતામાં મોટો વધારો કર્યો છે.

પ્રાપ્ત થતી સત્તાવાર વિગતો અનુસાર, રાજકોટ કોર્ટના ઓફિશિયલ ઈ-મેઈલ આઈડી તેમજ બાર એસોસિયેશનને એક અત્યંત ખતરનાક અને ધમકીભર્યો ઈ-મેઈલ પ્રાપ્ત થયો હતો, જેમાં રાજકોટ કોર્ટ ઉપરાંત જામનગર, વાડીનાર પોર્ટ, સિક્કા પોર્ટ અને નાયરા રિફાઈનરી જેવા અતિસંવેદનશીલ ઔદ્યોગિક વિસ્તારોને ડ્રોન દ્વારા નિશાન બનાવવાની વાત કહેવામાં આવી છે. આ



ઉપરાંત, ગાંધીનગર ખાતે આવેલા ભવ્ય અને સાંસ્કૃતિક રીતે મહત્વપૂર્ણ મહાત્મા મંદિરમાં પણ બોમ્બ બ્લાસ્ટ કરવાની ગર્ભિત ધમકી આ ઈ-મેઈલ દ્વારા આપવામાં આવી છે. આ પ્રકારે એકસાથે રાજ્યના અનેક મહત્વના અને વ્યાપારી તેમજ ન્યાયિક સંકુલોને નિશાના પર લેવાની વાત સામે આવતા જ પોલીસ તંત્ર ત્વરિત હરકતમાં આવી ગયું છે અને ઉચ્ચ સ્તરીય બેઠકોનો દોર શરૂ થઈ ગયો છે.

આ ગંભીર મામલાની સંવેદનશીલતાને ધ્યાને રાખીને રાજ્યની ઉચ્ચ સુરક્ષા એજન્સીઓ, સ્થાનિક પોલીસ અને સાયબર ક્રાઈમની વિશેષ ટીમો દ્વારા સંયુક્ત રીતે ટેક્નિકલ એનાલિસિસ અને તપાસનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે. સાયબર શાખાના નિષ્ણાતો દ્વારા એ બાબતની સઘન તપાસ કરવામાં આવી રહી છે કે આ ધમકીભર્યો ઈ-મેઈલ અસલમાં કયા આઈપી એડ્રેસ પરથી અને કઈ જગ્યાએથી મોકલવામાં આવ્યો છે, જેથી આ કૃત્ય પાછળ સંકળાયેલા અસલી ગુનેગારોને ઝડપીને કાયદાકીય શંકાના ઘેરામાં લાવી શકાય. અગાઉ પણ આવા જ બનાવટી કેસમાં સંડોવાયેલા શખ્સોને પોલીસે ગણતરીના દિવસોમાં ઝડપી પાડ્યા હતા, અને આ વખતે પણ પોલીસ પ્રશાસન દ્વારા કોઈપણ પ્રકારની ક્ષતિ કે ચૂક રાખ્યા વગર અત્યંત કડક પગલાં લેવામાં આવી રહ્યા છે.

આ ઘટના બાદ રાજ્યના તમામ મુખ્ય ધાર્મિક, ઔદ્યોગિક, ન્યાયિક અને સરકારી સંકુલોની આસપાસ પોલીસ બંદૂકધારી જવાનો સાથે સઘન પેટ્રોલિંગ અને ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે, જેથી કોઈપણ અનિચ્છનીય બનાવને અગાઉથી જ રોકી શકાય. વહીવટી તંત્ર દ્વારા તમામ નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ કોઈપણ પ્રકારની અફવાઓથી દૂર રહે અને સંપૂર્ણ સતર્કતા જાળવીને પોલીસ તંત્રને સહકાર આપે.

### કન્ટેનરમાંથી દારૂ મળ્યો, પોલીસે જથ્થો જપ્ત કર્યો

# ઓલિવ ઓઈલની આડમાં વિદેશી દારૂ ઝડપાયો

(એજન્સી) વડોદરા । તા. 15

વર્ષ ૨૦૨૬ના સપ્ટેમ્બર મહિનાની પંદરમી તારીખે વડોદરા શહેરના છાણી વિસ્તારમાંથી પોલીસ કમિશનરની સ્કવોડ દ્વારા કરવામાં આવેલી એક અત્યંત સફળ અને બાતમી આધારિત રેડ દરમિયાન ઓલિવ ઓઈલના બોક્સની આડમાં છુપાવીને લાવવામાં આવતો અંદાજે રૂપિયા ત્રીસ લાખથી વધુ કિંમતનો વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે, જેના પગલે સ્થાનિક બુટલેગરો અને અસામાજિક તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

પ્રાપ્ત થતી વિગતવાર માહિતી અનુસાર, પી.સી.બી. ની સક્રિય ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે છાણી પોલીસ સ્ટેશન હસ્તકની હદમાં એક શંકાસ્પદ દસ વ્હીલવાળા મોટા કન્ટેનરને અટકાવીને તેની સઘન તલાશી લેવામાં આવી હતી. તપાસ દરમિયાન કન્ટેનરની અંદર ઓલિવ ઓઈલના સેંકડો બોક્સની બરાબર પાછળ અત્યંત ચતુરાઈથી છુપાવવામાં આવેલી જુદી જુદી પ્રખ્યાત બ્રાન્ડની વિદેશી દારૂની કુલ ૭,૩૪૨ બોટલો મળી આવી હતી, જેની કુલ બજાર કિંમત રૂપિયા ૩૦.૩૭ લાખ આંકવામાં આવી છે. પોલીસે આ મામલે કન્ટેનર, વિદેશી દારૂ અને અન્ય સામગ્રી સહિત કુલ રૂપિયા પંચાણું લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ ગંભીર ગુનાના સંદર્ભમાં પોલીસે સ્થળ પરથી જ હરિયાણાના નુહ જિલ્લાના વતની એવા કન્ટેનરના ચાલક મહમદવકીલ હમીદ અને ક્લીનર વકીલખાન હબીબ મેવની અટકાયત કરીને તેમની કડક પૂછપરછ હાથ ધરી હતી. પોલીસ સૂત્રો દ્વારા મળેલી માહિતી મુજબ, આ જથ્થો હરિયાણાના ગુડગાંવ ખાતેથી શંકર નામના શખ્સે ભરાવ્યો હતો અને વડોદરા ખાતે કોઈ અજાણી વ્યક્તિ દ્વારા ચોક્કસ કોડવર્ડ આપીને માલ લેવાનો હતો, પરંતુ પોલીસની સતત બે દિવસની વોચ અને સઘન નજરના કારણે કોઈ લેવા ન આવતા આખરે પોલીસે કન્ટેનર કબજે કર્યું હતું.

### કાનૂની પ્રક્રિયા અને નાગરિકો માટે રાહત

# રાજકોટમાં સાયબર ફ્રોડ કેસમાં ઝીરો ઈ એફઆઈઆર

(એજન્સી) રાજકોટ । તા. 15

રાજકોટ શહેરમાં વર્ષ ૨૦૨૬ના સપ્ટેમ્બર મહિનાની ચોવીસમી તારીખે નાગરિકો માટે એક અત્યંત રાહતરૂપ અને મહત્વપૂર્ણ ક્રાંતિકારી પગલું ભરવામાં આવ્યું છે, જેમાં સાયબર ફ્રોડના વધતા જતા કિસ્સાઓને ડામવા માટે હવેથી ઝીરો ઈ-એફઆઈઆરની પ્રક્રિયા સંપૂર્ણપણે ફરજિયાત કરી દેવામાં આવી છે.

પ્રાપ્ત થતી સત્તાવાર વિગતો અનુસાર, અગાઉ રાજ્યમાં માત્ર વાહન ચોરી કે મોબાઈલ ચોરી જેવા બનાવોમાં જ આ પ્રકારે ઓનલાઈન ફરિયાદની સગવડ ઉપલબ્ધ હતી, પરંતુ હવે નાગરિકોના મહેનત કમાયા નાણાં ઓનલાઈન છેતરપિંડીથી બચાવવા માટે સાયબર ફ્રોડના ગુનાઓને પણ આ વ્યવસ્થામાં આવરી લેવામાં આવ્યા છે. પોલીસ વડાના આદેશ અનુસાર ગત પહેલી સપ્ટેમ્બરથી આ નવા નિયમનો અમલ શરૂ થઈ ચૂક્યો છે, જેનાથી છેતરપિંડીનો ભોગ બનનાર વ્યક્તિએ હવે પોલીસ સ્ટેશનના ધક્કા ખાવાની કે લાંબી રાહ જોવાની જરૂર નહીં પડે.

આ સમગ્ર પ્રક્રિયાની વિશેષતા એ છે કે જ્યારે પણ કોઈ નાગરિક સાથે ઓનલાઈન ફ્રોડ થાય ત્યારે તેણે તુરંત જ ૧૯૩૦ નંબર પર ફોન કરીને ફરિયાદ નોંધાવવાની રહે છે, અને કોલ કરતાની સાથે જ ઓટોમેટીક પદ્ધતિથી ઈ-એફઆઈઆર જનરેટ થઈને સીધી જ સંબંધિત પોલીસ મથક સુધી પહોંચી જાય છે. શરૂઆતના તબક્કામાં આ નિયમ એક લાખ રૂપિયા સુધીના ફ્રોડ માટે રાખવામાં આવ્યો હતો, પરંતુ નાગરિકોને વધુ સરળતા રહે તે હેતુથી હવે આ મર્યાદા ઘટાડીને માત્ર પચાસ હજાર રૂપિયા સુધીના સાયબર ફ્રોડ માટે પણ લાગુ કરી દેવામાં આવી છે.

આ નવી વ્યવસ્થા અંતર્ગત જો કોઈ ભોગ બનનાર વ્યક્તિ શારીરિક કે અન્ય કારણોસર પોલીસ સ્ટેશનમાં આવીને રૂબરૂ ફિઝીકલ એફઆઈઆર નોંધાવવા સક્ષમ ન હોય અથવા ન ઈચ્છતી હોય તો પણ માત્ર પેલી ઓનલાઈન ઈ-એફઆઈઆરના આધારે જ પોલીસ દ્વારા સઘન તપાસ શરૂ કરી દેવામાં આવે છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**
તમારા પરિવાર સાથે વધુ સમય વિતાવી એકલાપણાની લાગણીથી મુક્ત થાવ. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ.

**વૃષભ : બ. વ. ઉ.**
કેટલીક અનિવાર્ય પરિસ્થિતિઓ તમને બેચેન કરી શકે છે.પણ તમારે તમારા મગજ પર કાબુ રાખી રાખી પરિસ્થિતિ સાથે કામ પાર પાડવા માટે તરત જ પ્રતિક્રિયા આપવાનું ટાળવું જોઈએ. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો.

**મિથુન : ક. છ. ઘ.**
વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. આજે કોઈ જૂનો મિત્ર તમારા થી નાણાકીય મદદ માંગી શકે છે અને જો તમે તેની મદદ કરો છો તો તમારા નાણાકીય હાલત અમુક નબળા થયી શકે છે.

**કર્ક : ડ. હ.**
તમે જે રીતે અનુભવો છો તેના પર અંકુશ લાવવો રહ્યો. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. પરિવારનું તમામ દેણું તમે ચૂકવી શકશો. આજે કોઈક તમારા પ્રેમની વચ્ચે આવી શકે છે. આજે તમારું મન ઓફીસ ના કામ માં નહિ લાગે.

**સિંહ : મ. ટ.**
તમે નવરાશની લહેજત માણવાના છો. જે લોકો ટેક્સ ચોરી કરે છે તે લોકો આજે મોટી મુશ્કેલી માં ફસાઈ શકે છે. તેથી તમને સલાહ આપવા માં આવે છે કે ટેક્સ ચોરી ના કરો. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે.

**કન્યા : પ. ઠ. ણ.**
તમે જો હાલના સમયમાં હતોત્સાહની લાગણી અનુભવતા હો તો-તમારે યાદ રાખવું જઈએ કે આજે યોગ્ય વિચારો અને વર્તન જરૂરી એવી રાહત લાવશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમારા પરિવારના સભ્યો રાઈનો પહાડ બનાવી મુકે એવી શક્યતા છે.

**તુલા : ર. ત.**
જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો.

**વૃશ્ચિક : ન. ય.**
મિત્ર અથવા કોઈ ઓળખીતાનું સ્વાર્થી વર્તન તમારી માનસિક શાંતિને હણી નાખશે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે. તમારી હિંમત પ્રેમ અપાવશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**
તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે.

**મકર : ખ. જ.**
થોડી મોજ-મજા માટે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો. આ વાત સારી રીતે સમજી લો કે દુ:ખ ના સમય માં સંચિત ધન જ કામ માં આવશે તેથી આજ ના દિવસ થી પોતાનો ધન સંચય કરવા નો વિચાર બનાવો। રસોડા માટે જરૂરી ચીજની ખરીદી સાંજે તમને વ્યસ્ત રાખશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**
લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. વગર સૂચના કોઈ દેણદાર આજે તમારા એકાઉન્ટ માં પૈસા નાખી શકે છે જેના લીધે તમે આશ્ચર્યચકિત અને ખુશ થયી શકો છો એક જૂનો મિત્ર દિવસના અંત ભાગમાં મુલાકાત લેશે.

**મીન : દ.ચ. ઝ. થ.**
વધુ પડતો ખોરાક લેવાથી દૂર રહો અને સ્વસ્થ રહેવા માટે હેલ્થ ક્લબની નિયમિત મુલાકાત લો. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. બહુ અગાઉથી ઘડેલી મુસાફરીની યોજના પરિવારમાં કોઈકની માંદગીને કારણે મુલત્વી રહેવાની શક્યતા. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્રનો કૉલ આવશે.

## અંબાજી શક્તિપીઠમાં દેવી સતીનું હૃદય બિરાજમાન હોવાથી શ્રદ્ધાળુઓમાં વિશેષ આસ્થા

# ૨૦ થી ૨૬ સપ્ટેમ્બર દરમિયાન ભાદરવી પૂનમ મહામેળો યોજાશે

માહિતી બ્યુરો,પાલનપુર

શક્તિ ભક્તિ અને શ્રદ્ધાનું સર્વોચ્ચ શિખર એટલે યાત્રાધામ અંબાજી. માતાજીનું હૃદય અહીં બિરાજમાન હોવાથી શ્રધ્ધાળુઓ આ શક્તિપીઠમાં વિશેષ આસ્થા ધરાવે છે. દેવી ભાગવત પુરાણમાં પણ શક્તિપીઠ અંબાજીનો મહિમા વર્ણવાયેલો જોવા મળે છે. આગામી ૨૦ થી ૨૬ સપ્ટેમ્બર દરમિયાન ભાદરવી પૂનમે અહીં મોટો મેળો ભરાશે ત્યારે આવો જાણીએ શક્તિપીઠ અંબાજીનો મહિમા.યાત્રાધામ અંબાજીમાં યોજાતા ભાદરવી પૂનમના મહામેળામાં હૈયાથી હૈયુ દળાય એવો માનવ મહેરામણ ઉમટશે. ભારત ભરમાંથી માઈ ભક્તોનું ઘોડાપૂર મેળામાં ઉમટે છે. શ્રદ્ધા વિશ્વાસ અને ભક્તિના ત્રિવેણી સંગમ સમા આ શક્તિપીઠમાં માતાજીનું હૃદય બિરાજમાન હોવાની માન્યતાને લીધે જ શ્રધ્ધાળુઓમાં અંબાજી શક્તિપીઠનું વિશેષ મહત્વ છે. મા અંબેના પ્રાગટ્યની મૂળ કથા પુરાણ ઉપર આધારીત એક કથા મુજબ પ્રજાપિતા દક્ષે બૃહસ્પતિ સક નામના મહાયજ્ઞનું આયોજન કર્યુ હતું. જેમાં દક્ષે બધા દેવોને નિમંત્રણ આપ્યુ હતું. પરંતુ પોતાના જમાઇ શંકર ભગવાનને બોલાવ્યા ન હતાં. પિતાને ત્યાં યજ્ઞ છે તેવા સમાચાર સાંભળીને ભગવાન શંકરની સમંતિ ન હોવા છતાં દેવી સતિ પિતાના ઘેર પહોંચી ગયાં. ત્યાં યોજાયેલા યજ્ઞમાં ભગવાન શિવને આમંત્રણ ન જોતાં અને પિતા દક્ષના મોઢે પતિની નિંદા સાંભળતા દેવી સતીએ યજ્ઞ કુંડમાં પડી પોતાનો પ્રાણ ત્યજી દીધો. ભગવાન શિવજીએ દેવી સતીના નિશ્ચેતન દેહને જોઈને તાંડવ આદર્યુ અને દેવી સતીના દેહને ખભે ઉપાડી ત્રણેય લોકમાં ઘુમવા માંડ્યાં. ત્યારે આખીયે સૃષ્ટિનો ધ્વંસ થઇ જશે તેવા ડરથી ભગવાન વિષ્ણુએ પોતાનું ચક્ર છોડીને દેવી સતીના શરીરના ટુકડા કર્યા. જે પૃથ્વી પર જુદી જુદી જગ્યાએ જ્યાં જ્યાં પડ્યા ત્યાં ત્યાં શક્તિ પીઠોનું નિર્માણ થયું. આવા 51 શક્તિપીઠોમાં અંબાજી શક્તિપીઠનું અનોખું અને અલગ મહાત્મ્ય હોવાથી માઇ ભક્તોમાં મા અંબેનું ધામ અંબાજી પ્રત્યે વિશેષ શ્રદ્ધા આસ્થા રહેલી છે.દેવી ભાગવતની દંતકથા અનુસાર પૌરાણિક સમયમાં મહિષાસુર નામે સમગ્ર બ્રહ્માંડ માટે ખતરનાક રાક્ષસ હતો. તેથી ત્રિદેવ બ્રહ્મા- વિષ્ણુ- મહેશના નેતૃત્વમાં તમામ દેવતાઓ આખરે બ્રહ્માંડની સર્વોચ્ચ શક્તિ મહાદેવી આદ્યશક્તિના અંતિમ આશ્રયે ગયાં. જ્યાં બચાવ અને મદદ માટે તેમની પૂજા કરી. જેથી આદ્ય દેવી શક્તિ સૂર્યના કિરણોના તેજસ્વી વર્તુળથી ઘેરાયેલા શસ્ત્રો સાથે પૃથ્વી પર અવતર્યા અને દેવીએ તેમની પવિત્ર તલવારથી મહિષાસુર રાક્ષસને મારી નાખ્યો અને ત્યારથી તેઓ વિશ્વમાં મહિસાસુર મર્દિની તરીકે પ્રખ્યાત થઇ ગયાં. રામાયણમાં કહેલી દંતકથા અનુસાર ભગવાન શ્રીરામ અને લક્ષ્મણ સીતાજીની શોધમાં શ્રૃંગી ઋષિના આશ્રમમાં આવ્યાં. જ્યાં તેમને ગબ્બર ઉપર દેવી અંબાજીની પૂજા કરવાનું કહેવામાં આવ્યું. ભગવાન શ્રીરામે તે મુજબ કર્યું અને જગત માતા શક્તિ દેવી અંબાજીએ તેમને અજય બાણ નામનું ચમત્કારિક તીર આપ્યું. જેની મદદથી ભગવાન શ્રીરામે યુદ્ધમાં તેમના દુશ્મન રાવણ પર વિજય મેળવ્યો અને તેને મારી નાખ્યો.

**શ્રીકૃષ્ણની ચૌલ ક્રિયા:** એવી પણ એક દંતકથા છે કે દ્વાપર યુગના સમયગાળા દરમિયાન ભગવાન કૃષ્ણના વાળ પણ અહીં આ ગબ્બર ટેકરી પર કાઢવાની ક્રિયા જેને ચૌલ ક્રિયા કહેવાય છે પણ કરવામાં આવ્યા હતાં. તેમના પાલક માતાપિતા નંદ અને યશોદાએ પણ દેવી અંબાજી અને ભગવાન શિવની પૂજા કરી હતી. મેવાડના જાણીતા રાજપૂત રાજા મહારાણા પ્રતાપ આરાસુરી અંબા ભવાનીના સાચા ભક્ત હતાં. તેમને એકવાર માતા અંબાજીએ બચાવ્યા હતાં. તેથી તેમણે તેમની પ્રખ્યાત તલવાર માતા આરાસુરી અંબાજીના પવિત્ર ચરણોમાં ભેટ સ્વરૂપે અર્પણ કરી હતી.દર વર્ષે અંબાજી ખાતે ભાદરવી પૂનમનો મેળો યોજાય છે. યાત્રાધામ સાથે પૌરાણિક અને ઐતિહાસિક અનેક માન્યતાઓ અને દંતકથાઓ જોડાયેલી છે. જેમાં શ્રદ્ધાળુઓને સંપૂર્ણ વિશ્વાસ હોઈ દર વર્ષે ભાદરવી પૂનમના મેળામાં લાખોની સંખ્યામાં માઈભક્તો પદયાત્રા કરી મા અંબાના દર્શનાર્થે ઉમટે છે અને ધન્યતા અનુભવે છે. મા અંબા ભાવિક શ્રદ્ધાળુઓની મનોકામના પૂર્ણ કરતા હોવાની શ્રદ્ધાળુઓની માન્યતાને પગલે દર વર્ષે મેળામાં યાત્રિકો દર્શનાર્થીઓની સંખ્યામાં સતત વધારો થતો જોવા મળે છે. રાજ્ય સરકાર, શ્રી પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને જિલ્લા વહીવટીતંત્ર તથા સેવાભાવી સંસ્થાઓના સંયુક્ત પ્રયાસથી લાખો માઈભકતો માટે મેળામાં રહેવા, જમવા , સુવા અને દર્શનની વિશેષ સગવડો ઉપલબ્ધ કરવામાં આવે છે.



**કિશોરની હત્યા**

## દરેડમાં 16 વર્ષના કિશોરની હત્યા નિપજાવવાના પ્રકરણમાં પકડાયેલા ચારેય આરોપીઓ જેલ હવાલે

જામનગર : જામનગર તાલુકાના દરેડ ગામમાં પ્રેમસંબંધના મામલે 16 વર્ષના કિશોરની હત્યા નિપજવાના પ્રકરણમાં પકડાયેલા ચારેય આરોપીઓને જેલ હવાલે કરાયા છે. પોલીસે આરોપીઓ પાસેથી હુમલામાં વપરાયેલો ધોકો ઉપરાંત મોબાઈલ ફોન વગેરે કબજે કર્યા છે.દરેડ ગામના બસ સ્ટેશન સામે રહેતા 16 વર્ષીય સાગર રમેશભાઈ ખરા અને પાડોશમાં રહેતા દિનેશ જેઠાભાઈ ગોહીલની પુત્રી વચ્ચેના પ્રેમસંબંધના ચકચારી પ્રકરણમાં પ્રેમિકાના પિતા દિનેશ જેઠાભાઈ ગોહીલ, તેનો ભાઈ જગદીશ જેઠાભાઈ ગોહીલ, દિનેશનો મિત્ર રામકેશ ઉર્ફે પિન્ટુ પ્રેમનારાયણ પ્રજાપતિ તથા અભી અગ્રાવતે મળી ચારેય શખ્સોએ સાગરને ધોકા વડે માર મારી હત્યા નિપજાવી હતી.આ બનાવ અંગે મૃતકના મોટા ભાઈ પીયુષ રમેશભાઈ ખરા દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવતાં પોલીસે દિનેશ જેઠાભાઈ ગોહીલ, જગદીશ જેઠાભાઈ ગોહીલ, રામકેશ ઉર્ફે પિન્ટુ પ્રેમનારાયણ પ્રજાપતિ અને અભી અગ્રાવત સહિત ચાર શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ 103(1), 54, જી.પી. એક્ટની કલમ 135(1) તથા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમની કલમ 3(2)(5) હેઠળ ગુનો નોંધી ચારેયની ધરપકડ કરી હતી.જે ચારેય આરોપીઓ પાસેથી પોલીસે હત્યામાં વપરાયેલો ધોકો ઉપરાંત મોબાઈલ ફોન વગેરે કબજે કરી લીધા હતા. તેઓને અદાલત સમક્ષ રજૂ કરવામાં આવતાં ચારેયને જેલ હવાલે કરી દેવામાં આવ્યા છે.

**મુન્દ્રામાં નવરાત્રી સ્પેશિયલ**

## Urban Vogue એક્ઝિબિશન તા.૧૭-૧૮ સપ્ટેમ્બરે યોજાશે: ફેશન અને સંસ્કૃતિનો ભવ્ય સંગમ

મહેશ એલ સોની, નખત્રાણા

કચ્છના પેરિસ ગણાતા મુન્દ્રાના આંગણે શારદીય નવરાત્રીના દિવ્ય અને પાવન અવસરને અનુલક્ષીને ફેશન, લાઈફસ્ટાઈલ અને ડેકોરના ત્રિવેણી સંગમ સમા ભવ્ય Urban Vogue Exhibition - Navratri Special નું અનેરું આયોજન મુન્દ્રા ખાતે કરવામાં આવ્યું છે "નવરાત્રી એ માત્ર તહેવાર નથી, પણ ફેશન, સંસ્કૃતિ અને ઉત્સાહનો ઉત્સવ છે. Tradition Meets Trendsની થીમ સાથે અમે મુન્દ્રા અને કચ્છની જનતાને એક જ છત નીચે ટ્રેડિશનલ અને ટ્રેન્ડી કલેક્શન પૂરું પાડવા માંગીએ છીએ. સ્થાનિક અને બહારના વેપારીઓને એક મંચ આપી અને ગ્રાહકોને નવરાત્રીની શોપિંગની વન સ્ટોપ ડેસ્ટિનેશન પૂરી પાડવી એ જ અમારો પ્રયાસ છે."આ ફેસ્ટિવ શોપિંગ ફિએસ્ટા તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ ગુરુવાર અને તા. ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૬ શુક્રવાર એમ બે દિવસ દરમિયાન સવારે ૯:૦૦ કલાકથી રાત્રે ૯:૦૦ કલાક સુધી દરજી સમાજ વાડી, બસ સ્ટેશન પાસે, મુન્દ્રા - કચ્છ ખાતે યોજાશે. આ એક્ઝિબિશનમાં ખાસ નવરાત્રી સ્પેશિયલ ગરબા કલેક્શન - ચણીયાચોળી, કેડિયા, દુપટ્ટા, કુર્તી સહિત, લેટેસ્ટ ક્લોથિંગ બ્રાન્ડ્સ, ટ્રેડિશનલ અને ઓક્સીડાઈઝ જ્વેલરી, હેન્ડીક્રાફ્ટ અને હેન્ડલૂમ આઈટમ્સ, હોમ ડેકોર, કોસ્મેટિક અને બ્યુટી પ્રોડક્ટ્સ, આકર્ષક ગિફ્ટ આઈટમ્સ, ડિઝાઈનર ફૂટવેર, કિડ્સ વેર એન્ડ ટોયઝ, ફૂડ પ્રોડક્ટ્સ સહિત અનેક પ્રોડક્ટ્સની વાઈડ રેન્જ પ્રદર્શિત કરવામાં આવશે.

**ઉમરાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ**

## હું ભૂવી છું, ઘરેથી માયા નીકળશે, લીંમડા ગામે વૃદ્ધા સાથે રૂ.૨૨ હજારની ઠગાઈ



(એજન્સી) ભાવનગર | તા.15

ઉમરાળા તાલુકાના લીંમડા (હનુભા) ગામે અંધશ્રદ્ધા અને ઠગાઈનો એક સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે. ગામમાં શરમાળીયા દાદાની દેરી પાસે એકલા રહેતા ૮૦ વર્ષીય વૃદ્ધાને ઝાંસામાં લઈ એક અજાણી મહિલા વિધિ કરવાના નામે સોનાના દાગીના અને રોકડ રકમ મેળવી રફુચક્કર થઈ ગઈ છે.?બનાવની વિગત અનુસાર, ઉમરાળા તાલુકાના લીંમડા (હનુભા) ગામે શરમાળીયા દાદાની દેરી પાસે એકલા રહેતા ૮૦ વર્ષીય વૃદ્ધા સવિતાબેન તળશીભાઈ લાઠીયા ગત ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ બપોરે આશરે ૧૨થ૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એકલા હતા. તે વખતે એક અજાણી મહિલા તેમના ઘરે આવી હતી અને પોતાની ઓળખ ભૂવી તરીકે આપીને જોવાનું કામ કરતી હોવાનું જણાવ્યું હતું. મહિલાએ વૃદ્ધાનો વિશ્વાસ જીતવા કહ્યું કે તે જોવાના પૈસા લેતી નથી. પરિવાર વિશે માહિતી મેળવ્યા બાદ મહિલાએ દાવો કર્યો હતો કે, હું કહું તેમ વિધિ કરશો તો તમારા ઘરે કંકુના પગલાં પડશે અને ઘરેથી માયા નીકળશે.?ઢોંગી મહિલાએ પોતાની સાડીનો છેડો પાથરી તેમાં મીઠું, રૂ. ૨,૫૦૦ રોકડા તેમજ સવિતાબેને કાનમાં પહેરેલી સોનાની બુટી (૧ તોલું) અને સોનાની સરુ (૧ તોલું) એમ કુલ રૂ.૨૨,૫૦૦ની મત્તા મુકાવી હતી. ત્યારબાદ પોટલું વાળીને હું ૨ વાગ્યે વિધિ કરીને પાછી આવું છું કહીને નાસી છૂટી હતી. બે વાગ્યા સુધી મહિલા પાછી ન આવતાં સવિતાબેનને છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો.?સુરત રહેતા પોતાના પરિવારજનોને જાણ કર્યા બાદ, સવિતાબેને પુત્ર વલ્લભભાઈ અને પૌત્ર વિવેક સાથે ઉમરાળા પોલીસ સ્ટેશને પહોંચી ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બીએનએસની કલમ ૩૧૬(૨) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# લાલપુરના કાનાલુસ ગામની રહેણાંક ઓરડીમાંથી 1.795 કિલો નશીલા પદાર્થ ગાંજો ઝડપાયો

(એજન્સી) જામનગર | તા.15

જામનગરના કાનાલુસ ગામેથી પોલીસે 1 કિલો 795 ગ્રામ ગાંજા સાથે 3 શખ્સોને ઝડપ્યા છે. મેઘપર (પડાણા) પોલીસે દરોડો પાડી રૂ. 89,750નો ગાંજો અને અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ. 1,04,750નો મુદ્દામાલ કબજે કર્યો છે. અજીતસિંહ યાદવ, વેદપ્રકાશ મિશ્રા અને વિશાલગીરી નામના આરોપીઓ ઉત્તરપ્રદેશ અને બિહારના વતની છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.જામનગર જિલ્લાના મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશનની ટીમે કાનાલુસ ગામમાં દરોડો પાડી રહેણાંક ઓરડીમાંથી વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજો 1 કિલો 795 ગ્રામ, કિંમત રૂ.89,750, તેમજ અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.1,04,750નો મુદ્દામાલ કબજે કરી ત્રણ શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસે ગાંજાનો જથ્થો વેચાણ માટે રાખવામાં આવ્યો હોવાની દિશામાં તપાસ હાથ ધરી છે.રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાયની સૂચનાથી તથા જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં નશીલા માદક પદાર્થોના ગેરકાયદે વેપાર અને સેવન સામે કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. લાલપુર વિભાગના મદદનીશ પોલીસ અધિક્ષક પીયુષ વાંદાના સીધા માર્ગદર્શન હેઠળ મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એ.એલ.બારસીયાની રાહબરીમાં પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો.આ દરમિયાન પોલીસ હેડ કોન્સ્ટેબલને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે, કાનાલુશ ગામમાં પોસ્ટ ઓફિસની આગળની શેરીમાં ગોપાલ પ્રાગજીભાઈ ગોહિલની રહેણાંક ઓરડીઓ આવેલી છે, જેમાંથી ઓરડી નંબર-4માં ભાડેથી રહેતો અજીતસિંહ યાદવ તેના બે સાગરિતો વેદપ્રકાશ મિશ્રા અને વિશાલગીરી સાથે ગાંજાનો જથ્થો રાખી બેઠો છે અને ત્રણેય મળી ગાંજાનું વેચાણ કરવાની પેરવીમાં છે.બાતમીના આધારે પોલીસે ઓરડી નંબર-4માં દરોડો પાડતાં ત્યાંથી ત્રણ શખ્સો મળી આવ્યા હતા. પોલીસે અજીતસિંહ સુરેન્દ્રસિંહ યાદવ, વેદપ્રકાશ પ્રમોદકુમાર મિશ્રા અને વિશાલકુમાર મુરેન્દ્રગીરીને ઝડપી લીધા હતા. ઓરડીમાંથી કુલ 1 કિલો 795 ગ્રામ ગાંજો મળી આવ્યો હતો, જેની કિંમત રૂ.89,750 આંકવામાં આવી છે. ગાંજા સહિત અન્ય મુદ્દામાલ મળી કુલ રૂ.1,04,750નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે.



# દબાણો હટાવ્યાના અઠવાડિયામાં જ લીમખેડામાં ફરી અતિક્રમણ શરુ

### વહીવટીતંત્રની 3 દિવસની મહેનત પર પાણી ફરી વળ્યું, 9 મીટર સુધીના દબાણો દૂર કરાયા બાદ પતરાના શેડ, ઓટલા અને સીડીઓ બનાવી ફરી દબાણ શરૂ

દિપક રાવલ દાહોદ લીમખેડા

લીમખેડા શહેરમાં રોડ પરના દબાણો દૂર કર્યાના એક અઠવાડિયામાં જ ફરીથી અતિક્રમણ શરૂ થઈ જતાં વહીવટી તંત્રની કામગીરી સામે સવાલો ઊઠ્યા છે. શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે તંત્ર દ્વારા સતત 3 દિવસ સુધી મહેનત કરીને દબાણો દૂર કરવામાં આવ્યાં હતાં. જોકે, કાર્યવાહી પૂર્ણ થયાના થોડા જ દિવસોમાં કેટલાક લોકોએ ફરીથી રોડને અડીને પતરાના શેડ, ઓટલા અને સીડીઓ બનાવવાનું શરૂ કરી દીધું હોવાની સ્થિતિ સામે આવી છે.લીમખેડાના દાહોદ-ગોધરા રોડ તેમજ ઝાલોદ રોડ પર અગાઉ રોડની હદમાં કરવામાં આવેલા દબાણોના કારણે વાહનચાલકોને અવરજવરમાં મુશ્કેલી પડતી હતી. માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ દ્વારા ડિમાર્કેશન કરી રોડની હદ નક્કી કરવામાં આવી હતી. ત્યારબાદ મામલતદાર કચેરી, વહીવટી તંત્ર અને માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓની ટીમે સતત 3 દિવસ સુધી કામગીરી હાથ ધરી હતી. આ દરમિયાન 9 મીટર સુધીના દબાણો દૂર કરવામાં આવ્યાં હતાં.દબાણો દૂર થતાં મુખ્ય માર્ગો ખુલ્લા થયા હતા અને ટ્રાફિકની સમસ્યામાં રાહત મળવાની આશા સ્થાનિકોમાં જાગી હતી. જોકે, હવે એક અઠવાડિયા બાદ જ કેટલાક



સ્થળોએ ફરીથી દબાણો ઊભાં થવા લાગ્યાં છે. લોકો દ્વારા પતરાના શેડ, ઓટલા તેમજ સીડીઓ ફરીથી બનાવવામાં આવી રહી છે. રોડ પર ફરીથી બાંધકામો ઊભાં થવાથી અગાઉ દૂર કરવામાં આવેલા દબાણોનું પુનરાવર્તન થતું જોવા મળી રહ્યું છે.વહીવટી તંત્રની ભારે મહેનત બાદ ફરીથી અતિક્રમણ શરૂ થતાં અધિકારીઓની કામગીરી પર પાણી ફરી વળ્યું હોવાની લાગણી સ્થાનિકોમાં જોવા મળી રહી છે. ત્રણ દિવસ સુધી સતત કામગીરી કરીને રસ્તાઓ ખુલ્લા કરાયા હતા, પરંતુ હવે ફરીથી રોડની હદમાં બાંધકામો ઊભાં થવા લાગતાં તંત્રની મહેનતનું પરિણામ જળવાઈ રહે તે અંગે પ્રશ્નો ઊભા થયા છે.સ્થાનિકોના જણાવ્યા મુજબ, માત્ર એક વખત દબાણ દૂર કરવાથી સમસ્યાનો કાયમી ઉકેલ આવવાનો નથી. દબાણો દૂર કર્યા બાદ ફરીથી કોઈ અતિક્રમણ ન થાય તે માટે સતત દેખરેખ રાખવી જરૂરી છે. જો ફરીથી પતરાના શેડ, ઓટલા અને સીડીઓ બનાવવામાં આવશે તો રોડની પહોળાઈ ઘટી શકે છે અને ટ્રાફિકની સમસ્યા ફરી ગંભીર બની શકે છે. લીમખેડાવાસીઓની માંગ છે કે તંત્ર દ્વારા ફરીથી કરવામાં આવેલા દબાણો સામે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે. અગાઉની કામગીરી માત્ર એક વખત પૂરતી ન રહે અને પુન:અતિક્રમણ અટકાવવા માટે કડક પગલાં લેવામાં આવે. હવે ફરીથી ઊભાં થયેલા દબાણો સામે વહીવટી તંત્ર શું કાર્યવાહી કરે છે તેના પર સૌની નજર છે.

**ગણેશ ઉત્સવ**

## ભાવનગરમાં ૫૦૦થી વધુ સાર્વજનીક સ્થળોએ ગણેશ ઉત્સવનું આયોજન

ભાવનગર : ગોહિલવાડમાં સોમવારે ગણેશ ચતુર્થીના પાવન અવસરે ચોતરફ ધાર્મિક વિધિવિધાન અને ભકિતમય માહોલમાં વિઘ્નહર્તા ગણેશજીની આરાધનાના મહાપર્વ ગણેશ ઉત્સવનો રંગેચંગે શુભારંભ થયો છે. ભાવનગર શહેર-જિલ્લામાં અબીલ ગુલાલની છોળો વચ્ચે, આતશબાજીની જમાવટ સાથે અને રાસ ગરબાની રમઝટ સાથે ચોમેર શેરીઓ, મહોલ્લાઓમાં તેમજ રહેણાંકીય સોસાયટીઓના કોમ્યુનિટિ પ્લોટમાં, સાર્વજનિક મળી ૫૦૦થી વધુ સ્થળોએ ગજાનનની વિધિવત પધરામણી થતા ચોમેર ભારે ધર્મોલ્લાસનો માહોલ છવાયો છે.





રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

બહાદરપુરના મધ્ય બજારમાં આવેલા વૈદ્યનાથ મહાદેવ મંદિર પાસે ટાઈગર ગ્રુપ દ્વારા સતત 25 વર્ષથી ગણેશજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવે છે. આ પરંપરાને કારણે ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ટાઈગર ગ્રુપના યુવાનો સવાર-સાંજ શાસ્ત્રોક્ત વિધિ મુજબ આરતી અને પૂજા કરશે. ગણેશ વિસર્જન થાય ત્યાં સુધી દરરોજ એક દંપતીને પૂજામાં બેસવાનો લાભ મળશે.આ ઉપરાંત, ટાઈગર ગ્રુપ દ્વારા એક દિવસ ભજનનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે. આને કારણે ટાઈગર ગ્રુપના ભક્તો અને બજારના હરિભક્તોમાં ખુશીનો માહોલ છે.

# સ્ત્રી-પુરુષ મૈત્રી: કથીર અને કંચનની એરણે



-@તખુભાઈ સાંડસુર

આપણી સાંસ્કૃતિક પરંપરાઓમાં મૈત્રીને લિંગ સાથે જોડી દેવામાં આવે છે. એટલે કે સમલૈંગિક એવા લોકો સાથે જ તમે મૈત્રી સંબંધો બાંધી શકો,ઉભા કરી શકો અને નિભાવી શકો છો. પ્રતિપક્ષમાં એટલે કે લૈગિંક ભેદ ધરાવતા લોકો એકમેક સાથે મૈત્રી કેળવી શકતા નથી. અથવા જ્યારે કેળવે છે ત્યારે હજારો આંગળીઓ તેની સામે તીરની જેમ ભોંકાય છે. કોઈ બળવાખોર અથવા અત્યંત સભ્ય એવા સમાજના લોકો આવી કોઈ વાતની પરવા કર્યા વગર પોતાના રસ્તે જ અને પોતાની મનસુફી મુજબ જ ચાલે છે, વર્તે છે.ત્યાં ગજરાજની પાછળ ભોકંતા લોકોનું ઉદાહરણ આપીને આવી ટીકાઓને કચરા ટોપલીમાં પધરાવી દેવામાં આવે છે.

મૈત્રીના સંબંધોને મન સાથે, હૃદય સાથે જોડી રાખવા જોઈએ. કદાચ આપણી સભ્યતા,રૂઢિગત માન્યતાઓ એ મુજબ વર્તવાનું સૌને ડંકાની ચોટ ઉપર કહે છે. આ દીવાલને ભેદવાનું સાહસ કોઈ કરતું નથી! સ્વભાવિક છે, આવી મૈત્રી જ દૂ:સાહસનો ભાગ બની જાય છે. આજકાલ સોશિયલ મીડિયા ઉપર મેસેજની થતી આપ લે જ્યારે સ્ત્રી અને પુરુષ વચ્ચે હોય છે.ત્યારે મહદ અંશે મહિલા પોતાની જાતને સલામત અનુભૂતિનો અહેસાસ કેવી રીતે થઈ શકે તેની સતત કાળજી લેતી હોય છે.એક પ્રકારનો એવો ભય સતત તેને કોરી રહ્યો છે કે રખે ને આ સંબંધોને પ્રતિપક્ષનો માણસ મૈત્રીના મખમલી કીનખાબમા ચાલવાના બદલે કોઈ બાવળના બડીયા જેવા કાંટા રસ્તામાં નહીં પાથરી દેને!!? તેથી કોઈપણ મેસેજનો એ પ્રત્યુતર 'ભાઈ... ભાઈ... ભાઈ...' એવું પોકારણ ગઢના કાંગરે ચડીને આ પોતાની જાતને સબળા સમજતી માતૃશક્તિ કરતી રહે છે.પરંતુ વાસ્તવમાં તે જાતે અંદરથી કંઈક ખલબલી થઈ રહ્યાંનો અનુભવ કરતી રહે છે.

સંબંધોને લૈગિંક મર્યાદામાં મૂકવાની ભારતીય સભ્યતામાં એક જ ઉદાહરણથી જરૂરિયાત જણાતી નથી. કૃષ્ણ અને દ્રોપદી આપણા બે એવા પાત્રો કે જેને તમે આઈડિયલ મૈત્રીના ઉદાહરણો તરીકે કોઈપણ જગ્યા એ ગમે ત્યારે પ્રસ્તુત કરી શકો, તેવા તેના ચરિત્ર ચિત્રણો મળે છે. કૃષ્ણ સાથે કદાચ ભવોભવનો સાથ નિભાવવાનો ભલે દ્રોપદીના ભાગ્યમાં નથી. પરંતુ કૃષ્ણની આંખ,કાન અને હાથ તેને મદદ માટે 24 / 7 તૈયાર હતા. ઉદાહરણ બહુ ખૂબ સહજ છે કે શિશુપાલના વધ વખતે સુદર્શન ચક્ર કૃષ્ણની આંગળી ઉપર વાગી જાય છે.ઘાયલ કૃષ્ણ આંગળીથી જરૂર ઘાયલ થયા પરંતુ તેની શ્રદ્ધા ક્યાંય ખંડિત થયેલી ન હતી.દ્રોપદી પોતાનો પાલવ ફાડીને જે પાટો કૃષ્ણની આંગળી ઉપર બાંધે છે તે તત્ક્ષણ ભલે તેને માટે રુઝ લાવી ગયો. પરંતુ તે કૃષ્ણ માટે દ્રોપદીનો સાથ અને સાદ કરવાનું એક અહેસાન છોડી ગયો.તે પૂરું કરવા માટે વસ્ત્રાહરણ સભામાં કૃષ્ણએ આવવું પડ્યું.આ સંબંધોની એક ગરિમા દરેક પાસે અપેક્ષિત છે.

પણ સાંપ્રત સમય ફાસ્ટ,ફોગટ અને ફિયરને વરેલો સમય છે.તેથી પુરુષને કોઈ મેસેજ મોકલતા સ્ત્રીના ટેરવા થરથરે છે. એવા બબૂચકો પણ છે કે જે કોઈના આવા મેસેજથી અનેક ગલગલીયાઓની કલ્પનાઓમાં ઉડતા ઉડતા ક્યાં પહોંચીને શું કરી બેસે છે તે કશું નક્કી હોતું નથી તે વાત પણ એટલી જ સો ટચની છે.તેથી જ દરેક સ્ત્રી પાસે એક કસોટી જે મોટે ભાગે સોનાર પાસે હોય છે કે કયું કંચન છે અને શું કથીર છે,?!!

કવિ ખલીલ ધનતેજવીના બે શેર ખૂબ મોટો સંદેશ આપી જાય છે.

'મળવું હો તો આનાકાની નહીં કરવાની
મહોબત આમ છાનામાની નહીં કરવાની
જરૂર પડે તો ખલીલ આ માથું દઈ દેવાનું
મિત્રતામાં પાછી પાની નહીં કરવાની'

**નેત્રા શક્તિ કેન્દ્રમાં સંગઠનનો શંખનાદ, બુથ સમીક્ષા બેઠક યોજાઈ**

## બુથને વધુ સશક્ત બનાવવા કાર્યકરો સાથે મહત્વપૂર્ણ ચર્ચા અને માર્ગદર્શન

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

નેત્રા શક્તિ કેન્દ્રની બુથ સમીક્ષા બેઠક જોગમૈયા મંદિરના કમ્પાઉન્ડ ખાતે કચ્છ જિલ્લા ભાજપના કોષાધ્યક્ષ શ્રી સુરેશભાઈ ટાંકની અધ્યક્ષતામાં યોજાઈ હતી. બેઠકમાં ભાજપ લઘુમતી મોરચાના પ્રદેશ મંત્રી શ્રી ગુલામ હુસેન બારાચ, તાલુકા ભાજપના મહામંત્રી શ્રી અશ્વિનભાઈ તથા ઉપપ્રમુખ શ્રી દિનેશભાઈ જોષીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.બેઠકમાં શક્તિ કેન્દ્ર સંયોજક, બુથ પ્રમુખો તેમજ સક્રિય કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં શંકરભાઈ કુવટ, ચિરાગ પટેલ, સુખદેવસિંહ, સતીશ છાભૈયા, રાજદીપસિંહ, હરેશભાઈ, સચિનભાઈ, મંગલભાઈ, શંકરભાઈ, રાજેશભાઈ ચારણ, હિમતભાઈ, હિરેનભાઈ, રવાભાઈ, અશ્વિનભાઈ, વિનોદભાઈ, પ્રિન્સ નાકરાણી સહિત સક્રિય કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.બેઠક દરમિયાન સંગઠનને વધુ મજબૂત બનાવવા, બુથ સ્તરે કાર્યકરોની સક્રિયતા વધારવા તેમજ આગામી સંગઠનાત્મક કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આગેવાનો દ્વારા કાર્યકરોને સંગઠનના વિવિધ કાર્યો અંગે જરૂરી માર્ગદર્શન આપી આગામી સમયમાં વધુ સક્રિયતાથી કામગીરી કરવા આહ્વાન કરવામાં આવ્યું હતું.બેઠકમાં કાર્યકરોમાં સંગઠન પ્રત્યેનો ઉત્સાહ જોવા મળ્યો હતો અને બુથ સ્તરે સંગઠનને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.



# એમેઝોન નાઉ એ ભારતમાં 1 બિલિયન ડોલર વાર્ષિક ગ્રોસ સેલ્સનો આંકડો પાર કર્યો

(એજન્સી) બેંગલુરુ | તા 15

એમેઝોન એ આજે જાહેરાત કરી કે તેની અલ્ટ્રા-ફાસ્ટ ડિલિવરી સેવા એમેઝોન નાઉ એ છેલ્લા ત્રણ મહિનામાં ભારતમાં 1 બિલિયન ડોલર વાર્ષિક ગ્રોસ સેલ્સનો આંકડો પાર કર્યો છે. લોન્ચ થયા બાદથી દરેક ક્વાર્ટરમાં એમેઝોન નાઉ ના ઓર્ડર બમણા થયા છે, જેનાથી તે એમેઝોન ઇન્ડિયાના ઈતિહાસમાં સૌથી ઝડપથી વિકસતો ઈ-કોમર્સ બિઝનેસ બન્યો છે.તહેવારોની સીઝન પહેલાં કંપનીએ 10 અઠવાડિયાથી ઓછા સમયમાં એમેઝોન નાઉ નું 4 ગણા વધુ શહેરોમાં વિસ્તરણ કરીને મિનિટોમાં ડિલિવરી ભારતના 60થી વધુ શહેરો અને નગરો સુધી પહોંચાડી છે. મેટ્રો શહેરો ઉપરાંત, આ સેવા પદુબિદ્રી, તિરુપતિ, ગુંટુર, ગુરદાસપુર, જલંધર, વેલ્લોર, ધારવાડ, વારંગલ અને બરહામપુર જેવા નગરોના ગ્રાહકો માટે પણ ઉપલબ્ધ છે. આ ઓર્ડર 750થી વધુ માઈક્રો-ફુલફિલમેન્ટ અને અર્બન ફુલફિલમેન્ટ સેન્ટર્સના નેટવર્ક દ્વારા મિનિટોમાં ડિલિવર થાય છે.સમીર કુમાર, કન્ટ્રી મેનેજર, એમેઝોન ઇન્ડિયા 'ખૂબ જ ટૂંકા સમયમાં, એમેઝોન નાઉ એ ભારતમાં 1 બિલિયન ડોલર વાર્ષિક ગ્રોસ સેલ્સનો આંકડો પાર કર્યો છે, જેનાથી તે એમેઝોન ઇન્ડિયાના ઇતિહાસમાં સૌથી ઝડપથી વિકસતો ઈ-કોમર્સ બિઝનેસ યુનિટ બન્યો છે. દરેક ક્વાર્ટરમાં ઓર્ડર બમણા થવા સાથે, અમે ગ્રાહકોના આ પ્રતિસાદથી નમ્રતા અનુભવીએ




છીએ. અમે દિવાળી સુધીમાં 100 શહેરો સુધી વિસ્તરણ કરવાના માર્ગે છીએ, અને મિનિટોમાં ડિલિવરીને ઉત્તરમાં ગુરદાસપુર અને હોશિયારપુરથી દક્ષિણમાં વેમ્બાયમ અને અલમકોડ સુધી લઈ જઈ રહ્યા છીએ. આ તહેવારોની સીઝનમાં દેશભરના ગ્રાહકો સૌથી ઝડપી ગતિએ સૌથી વિશાળ પસંદગીની ડિલિવરીની અપેક્ષા રાખી શકે છે.'જૂન 2026માં, એમેઝોન એ એમેઝોન નાઉ ને દેશભરના 300થી વધુ શહેરોના ગ્રાહકો સુધી વિસ્તારીને ભારતનું સૌથી મોટું 'ડિલિવરી-ઈન-મિનિટ્સ' નેટવર્ક બનાવવાની યોજનાઓની જાહેરાત કરી હતી. કંપની દેશભરના ગ્રાહકોને સેલર્સના પ્રોડક્ટ્સની સૌથી મોટી પસંદગી – તેમને જ્યારે જરૂર હોય ત્યારે – પૂરી પાડવા માટે તેના ખાસ ફુલફિલમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સતત વિસ્તારી રહી છે: હજારો પ્રોડક્ટ્સ મિનિટોમાં અથવા થોડા કલાકોમાં ડિલિવર થાય છે, એક મિલિયનથી વધુની વિશાળ પસંદગી એ જ દિવસે, ચાર મિલિયનથી વધુ બીજા દિવસે અને લાખો પ્રોડક્ટ્સ અમર્યાદિત, ફ્રી પ્રાઈમ ડિલિવરી સાથે પહોંચે છે.એમેઝોન નાઉ પરના સેલર્સ રોજિંદી જરૂરિયાતની ચીજવસ્તુઓની વિશાળ પસંદગી પ્રસ્તુત કરે છે – કિરાણા (ફળો અને શાકભાજી તથા ફ્રોઝન ફૂડ સહિત), પર્સનલ કેર, ફેશન અને બ્યુટી પ્રોડક્ટ્સથી લઈને નાના ઉપકરણો, હોમ અને કિચન પ્રોડક્ટ્સ અને ઘણું બધું – જે બધું મિનિટોમાં ડિલિવર થાય છે.

## શું હવે UPI પર કપાશે પૈસા? સરકારે ફ્રી પેમેન્ટ માટે રૂ.2,000ની લિમિટ નક્કી કરતાં લોકોમાં ગણગણાટ

(એજન્સી) અમદાવાદ | તા 15

કેન્દ્રીય નાણાં મંત્રાલયે મહત્વપૂર્ણ નિર્ણયમાં 2,000 સુધીના UPI અને RuPay ડેબિટ કાર્ડ પેમેન્ટ પર કોઈ ચાર્જ નહીં લેવાય તેમ સ્પષ્ટ કર્યું છે. આ નિર્ણયથી કરોડો સામાન્ય નાગરિકો અને નાના વેપારીઓને મોટી રાહત મળી છે. જોકે, મોટા મૂલ્યના P2M ટ્રાન્ઝેક્શન પર ભવિષ્યમાં ચાર્જ લાગી શકે છે, જેનાથી UPI ઈકોસિસ્ટમની ટકાઉક્ષમતા સુનિશ્ચિત કરી શકાશે.ડિજિટલ ભારતમાં શાકભાજીની લારીથી લઈને મોટા મોલ સુધી ચુકવણીનું સૌથી મોટું માધ્યમ UPI બની ગયું છે. છેલ્લા કેટલાક સમયથી એવી ચર્ચાઓ ચાલી રહી હતી કે ટૂંક સમયમાં સામાન્ય યુઝર્સે પણ દરેક UPI પેમેન્ટ પર બેન્ક ચાર્જ ચૂકવવો પડશે. આ અટકળો વચ્ચે કેન્દ્રીય નાણાં મંત્રાલયે સોમવારે એક મહત્ત્વપૂર્ણ સત્તાવાર નોટિફિકેશન બહાર પાડીને સ્પષ્ટતા કરી દીધી છે. સરકારે સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે કે બેન્કો અને પેમેન્ટ સિસ્ટમ પ્રોવાઈડર્સ 2,000 સુધીના UPI પેમેન્ટ તેમજ RuPay ડેબિટ કાર્ડ પેમેન્ટ પર કોઈ પણ પ્રકારનો ચાર્જ વસૂલી શકશે નહીં.આ નોટિફિકેશનથી દેશના કરોડો સામાન્ય નાગરિકો અને નાના વેપારીઓને મોટી રાહત મળી છે, સાથે જ મોટા વેલ્યુ ધરાવતા ટ્રાન્ઝેક્શન અને મોટા ઈ-કોમર્સ વેપારીઓ માટે ભવિષ્યની વ્યવસ્થાના સંકેત પણ મળ્યા છે.

## એશિયન ગેમ્સ 2026 માટે મારવાડી યુનિવર્સિટીના ચાર ખેલાડીઓની ભારતીય ટીમમાં પસંદગી

રાજકોટ : જાપાનના આઈચી-નાગોયામાં 19 સપ્ટેમ્બરથી 4 ઓક્ટોબર 2026 દરમિયાન યોજાનારી એશિયન ગેમ્સ માટે મારવાડી યુનિવર્સિટીના ચાર ખેલાડીઓની ભારતીય ટીમમાં પસંદગી થઈ છે. આ ચારેય ખેલાડીઓ કુસ્તી અને બોક્સિંગમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. ભારતીય ટીમમાં પસંદગી પામેલા ખેલાડીઓમાં સુનીલ કુમાર, નિતેશ સિવાચ, સાગર જગલાન અને પરવીન હુડ્ડા નો સમાવેશ થાય છે.સુનીલ કુમાર ગ્રીકો-રોમન કુસ્તીની 87 કિલોગ્રામ વજન શ્રેણીમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. નિતેશ સિવાચ 97 કિલોગ્રામ વજન શ્રેણીમાં ગ્રીકો-રોમન કુસ્તીમાં ભાગ લેશે. સાગર જગલાન ફ્રીસ્ટાઈલ કુસ્તીની 74 કિલોગ્રામ વજન શ્રેણીમાં ભારત તરફથી મેદાનમાં ઉતરશે. જ્યારે પરવીન હુડ્ડા મહિલા બોક્સિંગની 65 કિલોગ્રામ વજન શ્રેણીમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. મારવાડી યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. આર.બી. જાડેજા એ ચારેય ખેલાડીઓને શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે, "યુનિવર્સિટીના ચાર ખેલાડીઓની એશિયન ગેમ્સ માટે ભારતીય ટીમમાં પસંદગી થવી સમગ્ર યુનિવર્સિટી પરિવાર માટે ગૌરવની વાત છે. ખેલાડીઓએ પોતાની રમતની સફરમાં શિસ્ત, મહેનત અને સતત પ્રયાસો દ્વારા આ સ્થાન મેળવ્યું છે. તેમની સફળતા એ પણ દર્શાવે છે કે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ યુવાનોને અભ્યાસની સાથે રમતગમતમાં આગળ વધવા માટે યોગ્ય તકો અને પ્રોત્સાહન આપવામાં મહત્વની ભૂમિકા ભજવે છે."યુનિવર્સિટી તરફથી ચારેય ખેલાડીઓને એશિયન ગેમ્સ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# News Brief

## વેટની વિદાયને 10 વર્ષ છતાં કરોડોના રિફંડ અટવાયા! ગુજરાતના વેપારીઓ સરકારી બાબુઓ સામે લાચાર




(એજન્સી) અમદાવાદ | તા 15

અમદાવાદ સહિત ગુજરાતના હજારો વેપારીઓના વેટ રિફંડ 10 વર્ષથી અટવાયેલા છે. વેટમાંથી GSTમાં શિફ્ટ થતા વેપારીઓના બેંક ખાતા વેટ પોર્ટલ પર દેખાતા નથી. ખાતા લોક હોવાથી સુધારા પણ અશક્ય છે. અધિકારીઓ એફિડેવિટ માંગી બિનજરૂરી વિલંબ કરી રહ્યા છે. ગાંધીનગરના એડિશનલ કમિશનર પાસે મંજૂરી અર્થે ગયેલા કેસો બે મહિનાથી અટકેલા છે.

પહેલી જુલાઈ 2017ના રોજ વેલ્યુ એડેડ ટેક્સ (વેટ)ની વિદાય લીધાને સાડા નવ વર્ષ થવા આવ્યા હોવા છતાં અમદાવાદ અને ગુજરાતના હજારો વેપારીઓના વેટના રિફંડ હજીય મળતા નથી. હિસાબ શાખામાં વેપારીઓના બેન્ક એકાઉન્ટ રિફ્લેક્ટ થતા નથી, કારણ કે વેપારીઓ વેટમાંથી જીએસટીમાં શિફ્ટ થઈ ગયા હોવાથી તેમના ખાતા વેટમાં દેખાતા નથી. હિસાબ શાખાના અધિકારીઓ તે ખાતા દેખાતા ન હોવાના કારણે રિફંડના ઓર્ડર થઈ ગયા પછી પણ રિફંડ આપતા નથી. વેટના ખાતાઓ લૉક કરી દેવામાં આવ્યા હોવાથી તેમાં સુધારા કરવા શક્ય નથી. વેપારીઓ વેટમાંથી જીએસટીમાં માઈગ્રેટ થઈ ગયા હોવાથી વેટના પોર્ટલ પર સુધારો કરવાની કોઈ તક મળતી નથી. દસ વર્ષથી એકાઉન્ટ ઓપરેટ ન કર્યા હોવાથી મોટાભાગના વેપારીઓ પાસે લોગ ઈન આઈડી અને પાસવર્ડ સચવાયેલા નથી, અને જેની પાસે છે તેઓ પણ એકાઉન્ટ લૉક હોવાને કારણે સુધારો કરી શકતા નથી.રિફંડ માગનારના બેન્ક એકાઉન્ટ ન દેખાય એટલે અધિકારીઓ વેપારી ભલે મુંબઈ કે દિલ્હીમાં રજિસ્ટ્રેશન ધરાવતા હોય, તો પણ તેમની પાસે એફિડેવિટ માંગે છે કે આ જ તેમનું બેન્ક એકાઉન્ટ છે. ભૂતકાળમાં આ ખાતામાં રિફંડ લીધેલા હોવા છતાં અત્યારે એફિડેવિટ આપવી પડે છે. વળી, રિફંડના એપ્રુવલ માટેના ઘણા કેસો ગાંધીનગરના એડિશનલ કમિશનર પાસે ટ્રાન્સફર થયા હોવાથી લગભગ બે મહિનાથી રિફંડ આવ્યા જ નથી. સરકારના જીઆર-સેલમાં કાયદા વિરુદ્ધ જઈને ફાઈલ પુનઃ સાદર કરીને રિફંડ ટલ્લે ચઢાવવામાં આવે છે. અપીલમાં 25 લાખ રૂપિયાથી વધુના રિફંડ માટે ડેપ્યુટી કમિશનર અને 50 લાખ રૂપિયાથી વધુ માટે એડિશનલ કમિશનરની મંજૂરી લેવી પડે છે. આ વિભાગમાંથી એક જ ફાઈલ પર ત્રણ-ત્રણ વાર જુદા-જુદા મુદ્દા કાઢીને ફાઈલ પરત મોકલવામાં આવે છે, જેના કારણે બેથી ત્રણ વર્ષ સુધીનો અસહ્ય વિલંબ થાય છે. વેટની વિદાયને દસ વર્ષ થવા છતાં અપીલના ઓર્ડર સામે વારંવાર વાંધા કાઢી વેપારીઓને પરેશાન કરવાનું બંધ કરવું જોઈએ.

## રેમન્ડ લિમિટેડની એરોસ્પેસ પેટાકંપનીએ ભારતની અગ્રણી એરોસ્પેસ અને ડિફેન્સ કંપની પાસેથી મલ્ટી-પ્રોગ્રામ એરોસ્પેસ ઓર્ડર મેળવ્યા

મુંબઈ: રેમન્ડ ગ્રુપની મુખ્ય કંપની રેમન્ડ લિમિટેડે આજે જાહેરાત કરી હતી કે આ ત્રિમાસિક ગાળા દરમિયાન કંપનીની એરોસ્પેસ પેટાકંપનીએ ભારતના અગ્રણી એરોસ્પેસ અને સંરક્ષણ ક્ષેત્રની કંપની પાસેથી એરોસ્પેસ ક્ષેત્રનો નોંધપાત્ર નવો બિઝનેસ મેળવ્યો છે.આ કરારમાં વિવિધ એરક્રાફ્ટ-સંબંધિત ઉપયોગો માટે 300થી વધારે પાર્ટ નંબર્સ (જેમાં પ્રિસિઝન-મશીન્ડ, કાસ્ટિંગ અને સ્ટ્રક્ચરલ ભાગોનો સમાવેશ થાય છે) આવરી લેવામાં આવ્યા છે, તેનું વાર્ષિક ઉત્પાદન પ્રમાણ 37000થી વધારે કોમ્પોનેન્ટનું છે. ઉત્પાદન અપેક્ષિત દર પ્રમાણે આશરે રૂપિયા 33 કરોડની વાર્ષિક વ્યવસાયિક ક્ષમતાને દર્શાવે છે. ઉત્પાદન કાર્ય વર્ષ 2026 અને વર્ષ 2027 દરમિયાન તબક્કાવાર શરૂ થશે. કાર્યક્ષેત્ર ચોકસાઇ મશીનિંગ, એરોસ્પેસ કાસ્ટિંગ્સ, સ્ટ્રક્ચરલ કોમ્પોનેન્ટ અને જટિલ એસેમ્બલીનો સમાવેશ કરે છે, તે એરોસ્પેસ વેલ્યુ ચેઈનના વિશાળ ભાગમાં કંપનીની ભાગીદારીનો વિસ્તાર કરે છે. આ અંગે ટિપ્પણી કરતા રેમન્ડ લિમિટેડના ગ્રુપ ચીફ ફાઈનાન્શિયલ ઓફિસર શ્રી રાકેશ તિવારીએ જણાવ્યું હતું કે 'આ ઓર્ડર મેળવવો તે પ્રોડક્ટ મિક્સ ઑપ્ટિમાઈઝેશનમાં સીધી રીતે બેસે છે જે અમે કોર માર્જિન લીવર તરીકે ઓળખ કરેલી છે. આ ઓર્ડર મેળવવો તે રેમન્ડ લિમિટેડની મજબૂત ઉત્પાદન પ્રક્રિયાની ફરીથી પુષ્ટિ કરે છે જે વેલ્યુ ચેઈનના એક તબક્કાને બદલે મશીનિંગ, કાસ્ટિંગ, સ્ટ્રક્ચર્સ અને એસેમ્બલીઓમાં ફેલાયેલી છે, જે પ્રોગ્રામ દીઠ અમારા કેપ્ચર રેટમાં વધારો કરે છે અને અમે જે બહુ-વર્ષના બેકલોગ સામે નિર્માણ કરી રહ્યા છીએ તેની ગુણવત્તામાં સુધારો કરે છે.તે ભારતના વિકસતા સ્થાનિક એરોસ્પેસ ઈકોસિસ્ટમમાં અમારા ગ્રાહક આધારને પણ વિસ્તૃત કરે છે, એક એવા બિઝનેસમાં જે અત્યાર સુધી મુખ્યત્વે નિકાસ-આગેવાની હેઠળ રહ્યો છે. આ નવા ઓર્ડર કંપનીના અનેક વર્ષોના એરોસ્પેસ ઓર્ડર પાઈપલાઈનને વધુ મજબૂત બનાવે છે અને ભારતમાં વૃદ્ધિ પામેલ, ઉચ્ચ-ચોકસાઈવાળા એરોસ્પેસ અને સંરક્ષણ ઉત્પાદન પ્લેટફોર્મ બનાવવાની તેની વ્યૂહરચનાને મજબૂત બનાવે છે.

### ક્રૂડ ઓઈલના વધતા ભાવ અને ડોલર મજબૂત થવાની અસર

## વિદેશી રોકાણકારોએ સપ્ટે.માં અત્યાર સુધીમાં રૂ. ૧૩,૧૩૮ કરોડ પાછા ખેંચ્યા

અમદાવાદ : ક્રૂડ ઓઈલના વૃધતા ભાવ અને યુએસ બોન્ડ યીલ્ડમાં વૃધારાથી ચિંતિત વિદેશી રોકાણકારોએ સપ્ટેમ્બરના પ્રથમ બે અઠવાડિયામાં ભારતીય ઈક્વિટીમાંથી જે. ૧૩,૧૩૮ કરોડ પાછા ખેંચી લીધા છે.ભારતીય શેરબજારમાં વિદેશી રોકાણકારોની વેચવાલી ફરી વૃધી છે. વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઈ) એ સપ્ટેમ્બરના પ્રથમ બે અઠવાડિયામાં ભારતીય ઈક્વિટીમાંથી રૂ. ૧૩,૧૩૮ કરોડ પાછા ખેંચી લીધા છે. ૧૧ સપ્ટેમ્બરના ડેટા અનુસાર, આ વેચાણ મુખ્યત્વે સ્થાનિક બજાર કરતાં વૈશ્વિક પરિસ્થિતિઓને કારણે છે. ક્રૂડ ઓઈલના વૃધતા ભાવ, યુએસ બોન્ડ યીલ્ડમાં વૃધારો અને મજબૂત ડોલરે રોકાણકારોને જોખમ લેવાથી રોક્યા છે.સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસના ડેટા અનુસાર, વિદેશી રોકાણકારોએ જુલાઈ અને ઓગસ્ટમાં ભારતીય શેરબજારમાં ભારે રોકાણ કર્યું હતું. એફપીઆઈ એ જુલાઈમાં રૂ. ૨૦,૨૦૦ કરોડ અને ઓગસ્ટમાં રૂ. ૨૯,૬૩૦ કરોડનું રોકાણ કર્યું હતું. જોકે, આ પહેલા, માર્ચ અને જૂન વચ્ચે સતત ચાર મહિના સુૃધી વિદેશી રોકાણકારો ભારતીય ઈક્વિટીમાંથી પૈસા ઉપાડી રહ્યા હતા.૨૦૨૬માં અત્યાર સુૃધીમાં ભારતીય ઈક્વિટીમાંથી કુલ વિદેશી રોકાણકારોનો ઉપાડ ૨.૩૭ લાખ કરોડ રૂપિયા સુૃધી પહોંચી ગયો છે. આ રકમ ૨૦૨૫ના સમગ્ર વર્ષ દરમિયાન ઉપાડવામાં આવેલા ૧.૬૬ લાખ કરોડ રૂપિયા કરતાં વૃધુ છે. આગામી સપ્તાહે યુએસ એફઓએમસીની બેઠકમાં બોન્ડ યીલ્ડમાં વૃધારો અને વ્યાજ દરમાં વૃધારાની શક્યતાએ પણ રોકાણકારોના સેન્ટિમેન્ટ પર ભાર મૂક્યો છે. ભવિષ્યમાં વિદેશી રોકાણકારોના રોકાણ પેટર્ન ઈરાન-યુએસ સંઘર્ષ અને ક્રૂડ ઓઈલના ભાવ પર તેની અસર પર આૃધાર રાખશે.

## બેંક ઓફ બરોડાએ એનું અત્યાધુનિક મોબાઇલ બેંકિંગ પ્લેટફોર્મ, AI-સંચાલિત bob વર્લ્ડ 2.0 લોંચ કર્યું

મુંબઈ : ભારતની અગ્રણી સરકારી બેંકોમાંથી એક બેંક ઓફ બરોડાએ પોતાની અત્યાધુનિક મોબાઈલ બેંકિંગ એપ્લિકેશન bob વર્લ્ડ 2.0 લોંચ કરવાની જાહેરાત કરી હતી. આ એપનો ડેમો 11 સપ્ટેમ્બર, 2026ના રોજ મુંબઈમાં ગ્લોબલ ફિન્ટેક ફેસ્ટ (GFF)માં બેંક ઓફ બરોડાના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ ડૉ. દેવદત્ત ચાંદ તથા બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર્સની સાથે ભારત સરકારના નાણાં મંત્રાલયના નાણાકીય સેવા વિભાગ (DFS)ના સચિવ શ્રી સંજય લોહિયાએ સામે આપવામાં આવ્યો હતો.બેંકની ડિજિટલ પરિવર્તનની સફરના આગામી તબક્કાનું પ્રતિનિધિત્વ કરતી bob વર્લ્ડ 2.0 એપ AIથી સંચાલિત છે, જે ભવિષ્ય માટે સજ્જ બેંકિંગ અનુભવ આપે છે અને યુનિફાઈડ ઓમ્નિ ચેનલ ડિજિટલ બેંકિંગ ઈકોસિસ્ટમ માટે પાયો નાંખે છે, જે તબક્કાવાર રીતે મોબાઈલ અને ઈન્ટરનેટ બેંકિંગ માધ્યમોમાં આગળ વધશે. આધુનિક માઈક્રોસર્વિસીસ આધારિત ડિજિટલ માળખા પર નિર્મિત અને ઈન્ટેલિજન્ટ ફાઈનાન્શિયલ ઈકોસિસ્ટમ તરીકે ડિઝાઈન કરેલી bob વર્લ્ડ 2.0 એપ સ્માર્ટ, વધારે અંગત, સંવાદ-આધારિત બેંકિંગનો સલામત અનુભવ આપે છે.bob વર્લ્ડ 2.0 એપનું હાર્દ ચાર મુખ્ય ક્ષમતાઓ છે - વોઈસ-સક્ષમ પેમેન્ટ અને નેવિગેશન, જે ગ્રાહકોને વોઈસ કમાન્ડ મારફતે નાણાકીય વ્યવહારો શરૂ કરવા અને વિવિધ ફંક્શનની સુલભતા મેળવવાની સુવિધા આપે છે, વિસ્તૃત પર્સનલ ફાઈનાન્શિયલ મેનેજમેન્ટ (PFM) મોડ્યુલ, જે ગ્રાહકોને તેમના ફાઈનાન્સનું સંપૂર્ણ ચિત્ર મેળવવાની અને નાણાકીય સ્થિતિ સુધારવા સક્ષમ બનાવે છે, સંવર્ધિત હાયપર-પર્સનલાઈઝ અને પર્સોના-આધારિત કસ્ટમર એક્સપિરિયન્સ, જે વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ, NRIs અને મિલેનિયલ્સ જેવા વ્યક્તિગત ગ્રાહકોની જરૂરિયાતો પૂરી પાડે છે તથા મલ્ટિ-લેયર્ડ સીક્યોરિટી ફ્રેમવર્ક, જે રિયલ-ટાઈમમાં સલામતી પ્રદાન કરે છે.આ લોંચ પર બેંક ઓફ બરોડાના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ ડૉ. દેવદત્ત ચાંદે કહ્યું હતું, "જેમ જેમ બેંકિંગ વધારે ડિજિટલ બનતું જાય છે, તેમ તેમ ગ્રાહકો વધારે સરળ, ઈન્ટેલિજન્ટ, સલામત અને અતિ વ્યક્તિગત અનુભવની અપેક્ષાઓ રાખે છે. bob વર્લ્ડ 2.0 સાથે અમે ગ્રાહકોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને મોબાઈલ બેંકિંગને નવી રીતે તૈયાર કર્યું છે. તેમાં એક જ પ્લેટફોર્મ પર ફાઈનાન્શિયલ વેલનેસ ટૂલ્સ, વોઈસ-સક્ષમ AI-સંચાલિત જોડાણ અને ગ્રાહકો માટે વ્યક્તિગત અનુભવ જેવી સુવિધાઓ સામેલ છે.

### ક્રુડના ઊંચા ભાવ, પશ્ચિમ એશિયામાં તણાવની અસર

## અમેરિકા, જાપાનની મધ્યસ્થ બેંકોની બેઠક પહેલા વૈશ્વિક બજારોમાં વેચવાલી

અમદાવાદ : સોમવારે વૈશ્વિક બજારોમાં ભારે વેચવાલી જોવા મળી હતી. અમેરિકાથી જાપાન સુધીના બજારોમાં ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે ભારતીય શેરબજારો આજે (૧૪ સપ્ટેમ્બર) ગણેશ ચતુર્થી નિમિત્તે બંધ રહ્યા હતા. હકીકતમાં, ક્રૂડ ઓઈલના ઊંચા ભાવે વૈશ્વિક બજારો પર દબાણ આવ્યું, જે પ્રતિ બેરલ ૧૦૯ ડોલરની નજીક ટ્રેડ કરી રહ્યા છે.પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવને કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો થયો છે. રોકાણકારો આ અઠવાડિયે જાપાની અને અમેરિકન મધ્યસ્થ બેંકોની બેઠક પર પણ નજર રાખી રહ્યા છે, જ્યાં વ્યાજ દરમાં વધારો થવાની ધારણા છે.ક્રૂડ ઓઈલના ભાવમાં મજબૂતીથી વિશ્વભરના શેરબજારો પર દબાણ આવ્યું હતું. સોમવારે યુએસ ફ્યુચર્સ બજારો નબળા ખુલ્યા હતા. શરૂઆતના ટ્રેડિંગમાં, S&P ૫૦૦ ફ્યુચર્સ લગભગ ૦.૮ ટકા, નાસડેક ફ્યુચર્સ ૧.૮ ટકા અને ડાઉ ફ્યુચર્સ ૧૩૦ પોઈન્ટથી વધુ ઘટયા હતા. યુરોપિયન બજારોમાં મુખ્ય સૂચકાંકો પણ લગભગ અડધા ટકા ઘટયા હતા. જોકે, ફીટસી વધારા સાથે ટ્રેડ કરી રહ્યો હતો.સોમવારે જાપાનનો નિક્કી ૦.૮૧ ટકા ઘટીને બંધ થયો હતો. કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ લગભગ ૩.૨૬ ટકા ઘટયો હતો. ઓસ્ટ્રેલિયન બજારોમાં થોડો વધારો નોંધાયો હતો. જ્યારે ચીની બજારો અડધા ટકાથી વધુ નબળા પડયા હતા. મોડી સાંજે ડાઉ જોન્સમાં ૨૩૫ અને નાસડેકમાં ૨૬૦ પોઈન્ટનો ઘટાડો નધાયો હતો.આ અઠવાડિયે, સમગ્ર વિશ્વ યુએસ ફેડરલ રિઝર્વના વ્યાજ દરો અંગેના નિર્ણય પર ધ્યાન કેન્દ્રિત કરશે. ફેડનું ભાવિ વલણ બજાર માટે નિર્ણાયક રહેશે. વધુમાં, યુએસ અને ઈરાન વચ્ચે વધતા તણાવ અને બ્રેન્ટ ક્રૂડ તેલની હિલચાલ પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.આજે ગણેશ ચતુર્થી પર્વને અનુલક્ષીને મુંબઈ શેરબજાર તેમજ નેશનલ સ્ટોક એક્સચેન્જ સત્તાવાર બંધ રહ્યા હતા. આ ઉપરાંત આજે કોમોડિટી એક્સચેન્જ, વિદેશી હૂંડિયામણ બજાર તેમજ મુંબઈ સોના-ચાંદી, તેલીબીયા સહિત અન્ય આગેવાન બજારો બંધ રહ્યા હતા.

## 'સ્માર્ટફોનના ભાવ 45% સુધી વધ્યા, GST 18%થી 5% કરો'; મોબાઈલ મેકર્સનો કેન્દ્ર સરકારને પત્ર

અમદાવાદ : મોબાઈલ ફોનની સ્થાનિક માંગ ઘટતાં ઈન્ડિયન સેલ્યુલર એન્ડ ઈલેક્ટ્રોનિક્સ એસોસિએશને (ICEA) નાણામંત્રી નિર્મલા સીતારમણને પત્ર લખી જીએસટી 18% થી ઘટાડીને 5% કરવાની રજૂઆત કરી છે. મેમરી ચિપ મોંઘી થવા અને ઊંચા ટેક્સને કારણે સ્માર્ટફોન મોંઘા બન્યા છે. હાલ ભારતમાં ઉત્પાદિત આઈફોન પણ અમેરિકા કરતાં 40,000 થી 1.15 લાખ રૂપિયા મોંઘા છે. આ ઘટાડાથી ગ્રાહકોને રાહત મળશે. દેશમાં મોબાઈલ ફોનની સ્થાનિક માંગમાં ઘટાડો થતાં ઉદ્યોગ જગતના અગ્રણી સંગઠન ઈન્ડિયન સેલ્યુલર એન્ડ ઈલેક્ટ્રોનિક્સ એસોસિએશન (ICEA) એ સરકાર સમક્ષ મોટી માંગણી મૂકી છે. સંગઠને નાણામંત્રી નિર્મલા સીતારમણને પત્ર લખીને મોબાઈલ ફોન પર હાલ લાગુ 18 ટકા જીએસટી (GST) ઘટાડીને 5 ટકા કરવાની રજૂઆત કરી છે. સંગઠનનું કહેવું છે કે મેમરી ચિપ મોંઘી થવા અને ઊંચા ટેક્સના કારણે સામાન્ય ગ્રાહકો માટે સ્માર્ટફોન ખરીદવા મુશ્કેલ બની રહ્યા છે. જોકે ઉત્પાદનની દ્રષ્ટિએ ભારત આજે વિશ્વનો બીજો સૌથી મોટો ઉત્પાદક દેશ છે અને નાણાકીય વર્ષ 2025-26 માં મોબાઈલ દેશની સૌથી મોટી નિકાસ ચીજવસ્તુ રહી છે.ICEA ના ચેરમેન પંકજ મોહિન્દ્રુએ પત્રમાં જણાવ્યું છે કે ઉત્પાદન અને નિકાસમાં ભારત આગળ વધ્યું છે, પરંતુ દેશની અંદર મોબાઈલ ફોનનું વેચાણ ઘટી રહ્યું છે. સામાન્ય લોકો હવે જૂના ફોન લાંબા સમય સુધી વાપરે છે અને બજેટ સ્માર્ટફોન સેગમેન્ટ પર ભારે દબાણ છે. જો સ્થાનિક માંગમાં વધારો નહીં થાય તો ભવિષ્યમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરની વૃદ્ધિ અટકી શકે છે. આથી સરકારે મોબાઈલ હેન્ડસેટ અને તેના સ્પેરપાર્ટ્સ પર જીએસટી ઘટાડીને 5 ટકા કરવો જોઈએ.સંગઠને ઉલ્લેખ કર્યો છે કે ભારતમાં જ આઈફોનનું ઉત્પાદન થતું હોવા છતાં ઊંચા ટેક્સ અને રૂપિયાના મૂલ્યમાં ઘટાડાના કારણે અહીં તે ખૂબ મોંઘા મળે છે. હાલમાં લોન્ચ થયેલી iPhone 18 સિરીઝ અને iPhone Duo ના મોડેલ્સ અમેરિકાની તુલનામાં ભારતમાં અંદાજે 40,000 રૂપિયાથી લઈને 1.15 લાખ રૂપિયા સુધી વધુ મોંઘા વેચાઈ રહ્યા છે. ટેક્સ ઘટવાથી ગ્રે માર્કેટ અને ટેક્સ ચોરી કરતા વિક્રેતાઓ પર અંકુશ આવશે અને ગ્રાહકો સત્તાવાર બિલ સાથે ફોન ખરીદશે.

## ICFAI ટીમ પરિણામ આધારિત શિક્ષણને વધુ વિદ્યાર્થી-કેન્દ્રિત બનાવવા માટે AI/ML આર્કિટેક્ચર વિકસાવી રહી છે

(એજન્સી) મુંબઈ | તા 15

ICFAI ની એક ફેકલ્ટી ટીમે AI/ML-આધારિત આર્કિટેક્ચર વિકસાવ્યું છે જે પરિણામ-આધારિત શિક્ષણ (OBE) ને વધુ દાણાદાર, વિદ્યાર્થી-કેન્દ્રિત અને કાર્યક્ષમ બનાવવા માટે રચાયેલ છે, જે હાલમાં સંસ્થાઓ દ્વારા ઉપયોગમાં લેવાતા પરિણામ માપન માટે મુખ્યત્વે માન્યતા-આધારિત અભિગમથી આગળ વધે છે.'ફાઉન્ડેશનલ ઓનલાઈન MBA કોર્સમાં શિક્ષણ પરિણામોના દાણાદાર ગણતરી માટે AI/ML આર્કિટેક્ચરનું અન્વેષણ' શીર્ષક ધરાવતું કાર્ય પ્રો. પ્રસાદ આર. દ્વારા 17-20 ઓગસ્ટ, 2026 દરમિયાન જર્મનીના બ્રેમેનમાં આયોજિત આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક ટેકનોલોજી અને ઓનલાઈન લર્નિંગ (ICETOL 2026) પર આંતરરાષ્ટ્રીય પરિષદમાં રજૂ કરવામાં આવ્યું હતું. કોન્ફરન્સમાં 54 દેશોમાંથી 500 થી વધુ પેપર્સ પ્રાપ્ત થયા હતા અને લગભગ 900 સહભાગીઓને એકઠા કર્યા હતા, જે શૈક્ષણિક ટેકનોલોજી અને ઓનલાઈન શિક્ષણમાં સંશોધન અને અભ્યાસ માટે આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પૂરું પાડે છે.આ પ્રોજેક્ટ



રાકેશ પી., સુનિતા યુ. એલ. અને પ્રસાદ આર. દ્વારા સહ-વિકાસ કરવામાં આવ્યો હતો, જેઓ સંશોધનના સહ-લેખકો પણ છે. માન્યતા પાલનથી લઈને શિક્ષણમાં સુધારો કરવા સુધી.ટીમ હાલમાં OBE ને જે રીતે અપનાવવામાં આવે છે તેમાં મૂળભૂત તફાવત ઓળખે છે. જ્યારે હાલની સંસ્થાકીય પ્રથા અને સોફ્ટવેર ઈકોસિસ્ટમનો મોટાભાગનો ભાગ માન્યતા માટે પરિણામ પ્રાપ્તિ દર્શાવવા તરફ લક્ષી છે, ત્યારે સંશોધકો દલીલ કરે છે કે મોટી તક શિક્ષણની વાસ્તવિક ડિઝાઈન અને અનુભવને સુધારવા માટે પરિણામ ડેટાનો ઉપયોગ કરવામાં રહેલી છે. 'મુખ્ય પ્રશ્ન એ છે કે ઉકેલ શેના માટે રચાયેલ છે - પછી ભલે તે મુખ્યત્વે માન્યતાની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે હોય કે શિક્ષણ ડિઝાઈન અને અનુભવની ગુણવત્તા સુધારવા માટે. થેલેટરમાં ભૂતપૂર્વનો સમાવેશ થાય છે, પરંતુ તે વધુ શક્તિશાળી છે કારણ કે તે વિદ્યાર્થી અને શિક્ષક બંનેને પરિણામો તરફના માર્ગો બનાવવા માટે સશક્ત બનાવે છે,' પ્રો. પ્રસાદ આર., જેમણે ICETOL 2026 માં સંશોધન રજૂ કર્યું હતું, તેમણે જણાવ્યું હતું.ટીમ દ્વારા વિકસાવવામાં આવેલ AI/ML આર્કિટેક્ચર દશ્યતાના ઊંડા સ્તરને શક્ય બનાવવાનો પ્રયાસ કરે છે. સંશોધન પાંચ MBA અભ્યાસક્રમોમાં હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં દરેક કોર્સમાં 70 વિદ્યાર્થીઓ હતા, જેમાં છ પ્રશ્ન/મૂલ્યાંકન પ્રકારો અને રચનાત્મક અને ટર્મિનલ મૂલ્યાંકનોમાં 927 પ્રશ્નો સામેલ હતા. આ સિસ્ટમે પ્રશ્ન સ્તરે અભ્યાસક્રમના પરિણામો અને બ્લૂમના વર્ગીકરણ સ્તરો અને વ્યક્તિગત વિદ્યાર્થીઓ માટે ગણતરી કરેલ પરિણામો, વ્યક્તિગત પ્રશ્નો, પ્રશ્ન પ્રકારો, મૂલ્યાંકન પ્રકારો અને એકંદર અભ્યાસક્રમનું મેપિંગ કર્યું.ગ્રેન્યુલારિટી જે શિક્ષણ ક્યાં થઈ રહ્યું છે તે જાહેર કરી શકે છે - અને તે ક્યાં નથી. પરંપરાગત અભ્યાસક્રમ-સ્તરના OBE રિપોર્ટથી વિપરીત, આર્કિટેક્ચર વ્યક્તિગત વિદ્યાર્થીઓ અને વ્યક્તિગત પ્રશ્નોના પ્રદર્શનમાં દશ્યતા પ્રદાન કરવા માટે રચાયેલ છે.

### વિજય કેડિયાનું સમર્થન ધરાવતી

## રોબોકિડ્ઝ એડુવેન્ચર્સ લિમિટેડ 'ફ્રેશ ઈશ્યુ' IPO લાવશે; ₹31.09 કરોડનો BSE SME IPO 21 સપ્ટેમ્બરે ખુલશે

(એજન્સી) પુણે | તા 15

રોબોકિડ્ઝ એડુવેન્ચર્સ લિમિટેડ, જે K-12 (સ્કૂલ સ્તરના) વિદ્યાર્થીઓ માટે રોબોટિક્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), કોડિંગ, ઈલેક્ટ્રોનિક્સ અને STEM શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરતી ટેક્નોલોજી-આધારિત લર્નિંગ અને કૌશલ્ય-વિકાસ કંપની છે, તે BSE SME પ્લેટફોર્મ પર તેના પ્રારંભિક જાહેર ભરણું (IPO) સાથે મૂડી બજારમાં પ્રવેશ કરી રહી છે. કંપનીને જાણીતા રોકાણકાર વિજય કેડિયાનું સમર્થન પ્રાપ્ત છે, જેઓ 'કેડિયા સિક્યોરિટીઝ પ્રાઈવેટ લિમિટેડ' દ્વારા કંપનીની 'પ્રી-ઈશ્યુ પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડી'માં 7.02% હિસ્સો ધરાવે છે. કંપની 10ની ફેસ વેલ્યુ (અંકિત મૂલ્ય) ધરાવતા 29,32,800 સુધીના ઈક્વિટી શેર્સનો 100% 'ફ્રેશ ઈશ્યુ' (નવા શેર) લાવવાનો પ્રસ્તાવ મૂકી રહી છે. આ માટે પ્રતિ ઈક્વિટી શેર 100-106ની પ્રાઈસ બેન્ડ નક્કી કરવામાં આવી છે, જેનું કુલ મૂલ્ય 31.09 કરોડ સુધીનું છે. લઘુત્તમ બિડ લોટ 2,400 ઈક્વિટી શેરનો નક્કી કરવામાં આવ્યો છે અને ત્યારબાદ 1,200 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકાશે. આ ઈશ્યુમાં 'ઓફર ફોર સેલ' (OFS)નો કોઈ ઘટક સામેલ નથી. કંપની ઈશ્યુમાંથી મળનારી ચોખ્ખી આવકનો ઉપયોગ મુખ્યત્વે તેની કાર્યકારી મૂડી (વર્કિંગ કેપિટલ)ની જરૂરિયાતોને પહોંચી વળવા, અમુક બાકી દેવાની ચુકવણી અથવા અગાઉથી ચુકવણી (પ્રી-પેમેન્ટ) કરવા અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવાની યોજના ધરાવે છે. પ્રસ્તાવિત ઉપયોગમાં, 23.46 કરોડ સુધીની રકમ કાર્યકારી મૂડીની જરૂરિયાતો માટે અને 2.20 કરોડ સુધીની રકમ અમુક બાકી દેવાની ચુકવણી અથવા અગાઉથી ચુકવણી માટે ફાળવવામાં આવશે. બાકીની રકમ, લાગુ મર્યાદાઓને આધીન, સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે વાપરવામાં આવશે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઈશ્યુની તારીખ ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ પ્રસ્તાવિત છે. આ ઈશ્યુ જાહેર સબ્સ્ક્રિપ્શન માટે ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ખુલશે અને ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બંધ થશે. બુક રનિંગ લીડ મેનેજર: GYR કેપિટલ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ ઈશ્યુના રજિસ્ટ્રાર: માશિતલા સિક્યોરિટીઝ પ્રાઈવેટ લિમિટેડ, પ્રસ્તાવિત લિસ્ટિંગ: BSE SME, ઈશ્યુનું માળખું: કુલ ઈશ્યુનું કદ: ૧૦ની ફેસ વેલ્યુ (અંકિત મૂલ્ય) ધરાવતા ૨૯,૩૨,૮૦૦ સુધીના ઈક્વિટી શેર - ૧૦૦% ફ્રેશ ઈશ્યુ (નવા શેરનો ઈશ્યુ), માર્કેટ મેકરનો હિસ્સો: ૧,૬૨,૦૦૦ સુધીના ઈક્વિટી શેર, જનતા માટે ચોખ્ખો ઈશ્યુ: ૨૭,૭૦,૮૦૦ સુધીના ઈક્વિટી શેર, QIB હિસ્સો: ૧૩,૮૧,૨૦૦થી વધુ નહીં તેટલા ઈક્વિટી શેર, એન્કર ઈન્વેસ્ટર હિસ્સો: ૮,૨૮,૦૦૦ સુધીના ઈક્વિટી શેર, ચોખ્ખો QIB હિસ્સો: ૫,૫૩,૨૦૦ સુધીના ઈક્વિટી શેર (એન્કર ઈન્વેસ્ટરનો હિસ્સો સંપૂર્ણપણે સબ્સ્ક્રાઈબ થયો છે તેમ માનીને), બિન-સંસ્થાકીય રોકાણકારો: ૪,૧૭,૬૦૦થી ઓછા નહીં તેટલા ઈક્વિટી શેર, વ્યક્તિગત રોકાણકારો: ૯,૭૨,૦૦૦થી ઓછા નહીં તેટલા ઈક્વિટી શેર, સ્પર્ધાત્મક શક્તિઓ : સંકલિત એન્ડ-ટુ-એન્ડ શિક્ષણ ઉકેલો: રોબોકિડ્ઝ પ્રયોગશાળા સેટઅપ, શૈક્ષણિક કિટ્સ, અભ્યાસક્રમ, શિક્ષક તાલીમ, શૈક્ષણિક સહાય અને ડિજિટલ લર્નિંગ પ્લેટફોર્મને જોડે છે, જે સંસ્થાઓને એકીકૃત સોલ્યુશન પ્રદાતા દ્વારા રોબોટિક્સ, AI અને STEM કાર્યક્રમો લાગુ કરવા સક્ષમ બનાવે છે.

ROBOKIDZ

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
WEDNESDAY • 16-09-2026

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ભાદરવા સુદ - 05

# 'ભાજપ- જેડીએસના ઘણા નેતાઓ કોંગ્રેસમાં આવવા તૈયાર'

કર્ણાટકમાં રાજકીય ખેંચતાણ વચ્ચે મુખ્યમંત્રી ડી કે શિવકુમારએ મોટો ધડાકો કર્યો છે. એમણે કહ્યું છે કે, ભાજપ અને જેડીએસના ઘણા નેતાઓ એમની અને કોંગ્રેસના બીજા નેતાઓ સાથે સંપર્કમાં છે. તેઓ કોંગ્રેસમાં આવવા માંગે છે. કોંગ્રેસ આ નેતાઓને પક્ષમાં લેવા તૈયાર છે. રાજકીય નિરીક્ષકો માની રહ્યા છે કે, કર્ણાટકમાં કોંગ્રેસ સત્તામાં હોવાથી સત્તા વગર રઘવાયા થયેલા બીજા પક્ષના નેતાઓ કોંગ્રેસ સાથે જોડાવા માંગે છે. ડી કે શિવકુમારના કહેવા પ્રમાણે જિલ્લા પ્રભારી મંત્રીઓ અને જિલ્લા અધિકારીઓને આવા નેતાઓની યાદી તૈયાર કરવાની જવાબદારી આપવામાં આવી છે. એવા નેતાઓને પક્ષમાં લેવામાં આવશે કે જેઓ કોંગ્રેસ સાથે મળીને કામ કરવા તૈયાર હોય. નવી પેઢીના યુવાનો મોકો શોધી રહ્યા છે. દેશને બચાવવા માટે કોંગ્રેસ સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

બહુજન સમાજ પાર્ટીના પ્રમુખ માયાવતીને વિશ્વાસુ સાથીની શોધ છે. ભત્રીજા આકાશ અને ઈશાન આનંદ પરથી ભરોસો ઉઠી ગયા બાદ હવે માયાવતીને એમની ભત્રીજી દિપીકા આનંદ પાસે મોટી અપેક્ષા છે. લંડનમાં વકીલાતનો અભ્યાસ કરી રહેલી ૨૨ વર્ષની દિપીકા આનંદને માયાવતી પોતાના ખાસ સાથી તરીકે સાથે રાખી શકે છે. માયાવતીએ ત્યાં સુધી કહ્યું છે કે જો જરૂર પડી તો ભવિષ્યમાં દિપીકા આનંદને બીએસપીની નેતાગીરી પણ સોંપી શકાશે. માયાવતીએ જોકે કહ્યું છે કે ભત્રીજીની આવડત જોયા પછી તેઓ નિર્ણય કરશે. જો દિપીકા આનંદ ભવિષ્યમાં પક્ષની જવાબદારી સંભાળવા માટે તૈયાર નહીં થાય તો બીજા કોઈ સમર્પિત દલીત મિશનરી કાર્યકરને જવાબદારી આપવામાં આવશે. પક્ષમાં જવાબદારી આપવાનો આધાર ફક્ત કુટુંબ નહીં, પરંતુ સંગઠન અને પક્ષ પ્રત્યેની નિષ્ઠા પણ જોવામાં આવશે.

મહાન સંત બાબા નીબ કરોરીની જિંદગી પરથી બનેલી ફિલ્મ 'હનુમાન અંશ' ખૂબ સફળ થઈ છે. હવે એવા સમાચાર આવ્યા છે કે, બાબાના જન્મસ્થળ અકબરપુર સ્થિત વારસાગત સંપત્તિનો વિવાદ વધ્યો છે. તંત્રએ મોકલેલી નોટીસનો જવાબ આપતા બાબાની છ પૌત્રીઓએ મકાન, ડાક બંગલો અને મંદિર પર પોતાનો વારસાઈ હક હોવાનો દાવો કર્યો છે. એમનું કહેવું છે કે સંપત્તિ એમના કુટુંબની છે અને એના પર કોઈ ટ્રસ્ટનો અધિકાર નથી. નીબ કરોરી બાબાના પૌત્રી ભાવના રાવત અને પતિ મનોજ રાવતએ જિલ્લા અધિકારી કાર્યાલયમાં ફરિયાદ આપી હતી. એમનો આક્ષેપ છે કે, ઠાકુરજી હનુમાન ટ્રસ્ટએ બાબાના વારસાઈ ઘર પર જબરજસ્તીથી કબજો કરી લીધો છે. ફરિયાદની ગંભીરતા જોતા જિલ્લા અધિકારી સંતોષકુમાર શર્માએ ત્રણ સભ્યોની તપાસ કમીટીની નિમણૂક કરી છે.

બિહારમાં અનામત નિતિને લઈને એનડીએના સાથી પક્ષો વચ્ચે ફરીથી દલીલ બાજી થઈ રહી છે. હિન્દુસ્તાની આવામ મોર્ચા (સેક્યુલર)ના રાષ્ટ્રીય પ્રમુખ અને બિહાર સરકારના મંત્રી સંતોષ કુમાર સુમન (કેન્દ્રીય મંત્રી જીતન રામ માંઝીના પુત્ર)એ ગરીબોના વિકાસ માટે એક નવી ફોર્મ્યુલા રજૂ કરી છે. એમણે અનામત વ્યવસ્થામાં રોટેશન પદ્ધતિને આધારે લાગુ કરવાની જરૂરિયાત પર ભાર આપ્યો છે. સંતોષ સુમનના આ નિવેદનને કેટલાક લોજપા (રામ વિલાસ)ના પ્રમુખ ચીરાગ પાસવાન પર કટાક્ષ તરીકે જોઈ રહ્યા છે. હવે નજીકના ભવિષ્યમાં નિવેદનબાજી વધવાની અપેક્ષા છે. નરકટીયાગંજ ખાતે આયોજીત એક કાર્યક્રમમાં સંતોષકુમાર સુમનએ કહ્યું હતું કે, જ્યાં સુધી અનામત પ્રથામાં રોટેશન પદ્ધતિ લાગુ કરવામાં નહીં આવે ત્યાં સુધી સમાજના સૌથી વધુ વંચીતનો વિકાસ સંભવ નથી.કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરી વિવાદાસ્પદ નિવેદનો માટે જાણીતા છે. નીતિન ગડકરી મુંબઈના ભારે ટ્રાફીક જામમાં ફસાઈ ગયા હતા. વરલીથી કાર્યક્રમ સ્થળ સુધી જવા માટે ગડકરીને એક કલાક મોડું થયું હતું. જોકે પરિસ્થિતિ પર અકળાવાને બદલે એમણે કબુલ કર્યું હતું કે એમની ભૂતકાળની ભૂલનો તેઓ ભોગ બની રહ્યા છે. એમણે એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, 'આજે એક કાર્યક્રમમાં પહોંચતા મને એક કલાક મોડુ થયું. વરલીથી નિકળ્યા પછી હું ટ્રાફીક જામમાં ફસાઈ ગયો હતો. હું મારી ભૂલની કિંમત ચૂકવી રહ્યો છું.

# અંબાજી ભાદરવી પૂનમ મહામેળો ૨૦૨૬

## જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલના નેતૃત્વમાં અંબાજીમાં નારી શક્તિના હસ્તે મોહનથાળ પ્રસાદ બનાવવાની શરૂઆત કરાઈ

માહિતી બ્યુરો | પાલનપુર

શક્તિપીઠ અંબાજી ખાતે આગામી ૨૦ સપ્ટેમ્બરથી ૨૬ સપ્ટેમ્બર દરમિયાન યોજાનાર ભાદરવી પૂનમ મહામેળા- ૨૦૨૬ને લઈને વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ગુજરાત સહિત દેશભરમાંથી ૩૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓ અંબાજી પગપાળા દર્શનાર્થે આવતા હોય છે, ત્યારે શ્રદ્ધાળુઓમાં માતાજીના પ્રિય મોહનથાળ પ્રસાદનું વિશેષ મહત્વ રહેલું છે. યાત્રાળુઓને પૂરતા પ્રમાણમાં અને શુદ્ધ પ્રસાદ મળી રહે તે માટે બનાસકાંઠા જિલ્લા કલેક્ટર શ્રી અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન શ્રી મિહિર પટેલના માર્ગદર્શન હેઠળ પ્રસાદને લઈને તમામ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. મેળાના સુચારૂ આયોજન માટે તંત્ર દ્વારા અલગ-અલગ ૨૮ સમિતિઓની રચના કરવામાં આવી છે.મેળાના પ્રારંભ પૂર્વે આજે ગણેશ ચતુર્થીના પાવન અવસરે અંબાજી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ કેમ્પસમાં વિશેષ ડોમ બનાવીને સ્વચ્છતાપૂર્ણ વાતાવરણમાં મોહનથાળ પ્રસાદ બનાવવાની કામગીરીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. શાસ્ત્રોક્ત



સફાઈ યોદ્ધા પિન્કીબેન સોલંકીએ પોતાની જણાવ્યું હતું કે, ભાદરવી પૂનમ મહામેળા પૂર્વે આજે યોજાયેલા હોમ-હવન અને મોહનથાળ પ્રસાદ નિર્માણના શુભારંભમાં સફાઈ કામદાર બહેનોને સહભાગી બનાવી આગળ રાખવામાં આવ્યા તે અમારા સૌ માટે અત્યંત ગૌરવ અને હર્ષની ક્ષણ છે. માઁ અંબાના આશીર્વાદ સાથે લાખો શ્રદ્ધાળુઓ માટે બનનારા પવિત્ર પ્રસાદ સેવાનો આવો ઉત્તમ અવસર માટે અમે સહભાગી બન્યા તે આનંદની બાબત છે. આ પાવન કાર્યમાં અમને અગ્રેસર રાખી અમારું બહુમાન કરવા બદલ અમે જિલ્લા કલેક્ટર શ્રી મિહિર પટેલ અને સમગ્ર વહીવટી તંત્રનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ તેમજ સમગ્ર મેળા દરમિયાન પૂરી નિષ્ઠા, શુદ્ધતા અને સ્વચ્છતા સાથે માઈભક્તોની સેવા કરવા કટિબદ્ધ છીએ

વિધિ મુજબ હોમ-હવન કરીને નિર્વિઘ્ને અને શુદ્ધતાપૂર્વક પ્રસાદ નિર્માણ કાર્ય શરૂ કરાયું હતું. આ વર્ષે પ્રસાદ નિર્માણનો પ્રારંભ 'નારી શક્તિ'ના હસ્તે કરાવવામાં આવ્યો હતો, જેમાં ડીએફઓશ્રી, પ્રાંત અધિકારીશ્રીઓ સહિતના મહિલા અધિકારીઓ અને અંબાજીના મહિલા સફાઈ યોદ્ધાઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.મહામેળા દરમિયાન અંદાજે ૪૦ લાખ જેટલા મોહનથાળ પ્રસાદના પેકેટ તૈયાર કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે, જેના માટે આખા મેળા દરમિયાન ૧૦૦૦ જેટલા ઘાણ વપરાશે. મોહનથાળના એક ઘાણમાં ૧૦૦ કિલો ખાંડ, ૨૦૦ કિલો બેસન (ચણાનો લોટ), ૭૬.૫ કિલોથી વધુ શુદ્ધ દેશી ઘી અને ૨૦૦ ગ્રામ ઈલાયચીનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રસાદ લાંબા સમય સુધી સારો અને ગુણવત્તાયુક્ત ટકી રહે તે માટે તેમાં દૂધનો ઉપયોગ કરવામાં આવતો નથી અને ઘીનો વિશેષ ઉપયોગ કરી તેની શુદ્ધતા અકબંધ રાખવામાં આવે છે.પ્રસાદની ગુણવત્તા, સ્વચ્છતા અને સુરક્ષા બાબતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશેષ કાળજી રાખવામાં આવી રહી છે. જિલ્લા પુરવઠા અધિકારીશ્રી અને વહીવટદારશ્રી સહિતના ઉચ્ચ અધિકારીઓ સતત પ્રસાદ નિર્માણ કાર્ય પર વોચ રાખી રહ્યા છે. આ ઉપરાંત, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમ દ્વારા સમયાંતરે પ્રસાદના સેમ્પલ લઈને તેની શુદ્ધતા ચકાસવામાં આવી રહી છે. પ્રસાદ નિર્માણ સ્થળે સુરક્ષાકર્મીઓને પણ તૈનાત કરવામાં આવ્યા છે, જેથી કોઈપણ અડચણ વિના શ્રદ્ધાળુઓને ઉચ્ચ ગુણવત્તાવાળો પ્રસાદ મળી રહે.

### ઈસાપીરની દરગાહે દર્શન સાથે ઉગેડી-દેશલપર મેળામાં આગેવાનોની ઉપસ્થિતિ

## હિન્દુ-મુસ્લિમ એકતા અને ભાઈચારાના પ્રતીક સમા ઈસાપીરના મેળામાં રાજકીય-સામાજિક આગેવાનો જોડાયા

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના ઉગેડી-દેશલપર વચ્ચે આવેલ ઈસાપીરની દરગાહ ખાતે આજે ઉર્સ-મેળાના પ્રસંગે ધાર્મિક આસ્થા સાથે વિવિધ રાજકીય તથા સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આગેવાનોએ ઈસાપીરની દરગાહે દર્શન કરી મેળાની મુલાકાત લીધી હતી. સવારે



નેજા અને ચાદરપોસી કરાઈ હતી જેમાં સૈયદ ઓસમાણશા બુખારી,સૈયદ મલુકશા બુખારી, સૈયદ અલીશા બુખારી, સરપંચ કરણભાઈ રબારી તેમજ ગામનાં આગેવાનો હાજર રહ્યા હતા આ પ્રસંગે કચ્છ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ વિ. કે. હુંબલ, કચ્છ જિલ્લા પંચાયત વિરોધ પક્ષના નેતા રાજેશભાઈ આહીર, કચ્છ જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ રામદેવસિંહ જાડેજા, તાલુકા પંચાયત સદસ્ય સલીમભાઈ જીએજા, ઉગેડી ગામના સરપંચ કરણભાઈ રબારી તથા દેશલપર (ગુંતલી) ગામના સરપંચ નારાયણભાઈ ચાવડા સહિત અનેક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.આ ઉપરાંત પૂર્વ સરપંચ મીઠુભાઈ વાઘેલા (ઉગેડી), ઉપસરપંચ ભુપતસિંહ, માજી સરપંચ મુસાભાઈ જીએજા, કાનાભાઈ રબારી, ઉપસરપંચ ઓસમાણભાઈ લાંગા, જાગૃત નાગરિક સલીમભાઈ ખલીફા (ઉગેડી), જુસબ સોઢા (ન.તા કોન્ગ્રેસ સમિતિ મહામંત્રી ) કાસમ સુમરા , પબાભાઈ આહીર સહિતના આગેવાનો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે નખત્રાણા તાલુકા કોંગ્રેસ સમિતિના મહામંત્રી જુસબભાઈ સોઢાએ જણાવ્યું હતું કે, ઈસાપીરનો મેળો વર્ષોથી હિન્દુ-મુસ્લિમ એકતા, ભાઈચારો અને સૌહાર્દની ભાવનાને મજબૂત બનાવતો રહ્યો છે. આવા મેળાવડા સમાજમાં પરસ્પર પ્રેમ અને એકતાનો સંદેશ ફેલાવે છે. ઈસાપીરના આશીર્વાદથી સૌના જીવનમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ આવે તેવી પ્રાર્થના તેમણે કરી હતી. મેળા પ્રસંગે બખમલાખડા ખાતે આગેવાનોએ ઉપસ્થિત રહી મલિયોને પ્રોત્સાહિત કર્યા હતા. ઈસાપીરની દરગાહે દર્શન કરી સૌએ સુખ-શાંતિ, ભાઈચારો અને સૌહાર્દની પ્રાર્થના કરી હતી.મેળામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ તથા ગ્રામજનો ઉમટી પડતાં સમગ્ર વિસ્તારમાં ઉત્સવમય માહોલ જોવા મળ્યો હતો. ઈસાપીરનો આ ઉર્સ-મેળો વર્ષોથી હિન્દુ-મુસ્લિમ એકતા, પરસ્પર પ્રેમ અને ભાઈચારાની પરંપરાનું જીવંત પ્રતીક બની રહ્યો છે.

## નોબલ યુનિવર્સિટીના શૂટિંગ સ્ટાર કુલદીપ પંડ્યાની વેસ્ટ ઝોનમાં શાનદાર સિદ્ધિ

નરેન્દ્ર દવે જૂનાગઢ

નોબલ યુનિવર્સિટી, જૂનાગઢની રમતગમત ક્ષેત્રે વધુ એક ગૌરવપૂર્ણ સિદ્ધિ ઉમેરાઈ છે. યુનિવર્સિટી ની ફેકલ્ટી ઓફ સાયન્સના વિદ્યાર્થી કુલદીપ પિયુષભાઈ પંડ્યા એ ગોવા ખાતે યોજાયેલી 13મી વેસ્ટ ઝોન શૂટિંગ ચેમ્પિયનશિપ-2026માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી નેશનલ ચેમ્પિયનશિપ માટે ક્વોલિફાય કરીને યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું છે. નેશનલ રાઈફલ એસોસિએશન ઓફ ઈન્ડિયા (NRAI) દ્વારા આયોજિત આ પ્રતિષ્ઠિત ચેમ્પિયનશિપ 3 થી 6 સપ્ટેમ્બર, 2026 દરમિયાન ગોવા ખાતે યોજાઈ હતી, જેમાં વેસ્ટ ઝોનના પ્રતિભાશાળી શૂટરોએ ભાગ લીધો હતો. કુલદીપ પંડ્યાએ 50 મીટર



રાઈફલ પ્રોન ઈવેન્ટમાં 600માંથી શાનદાર 568 પોઈન્ટ મેળવી ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. આ નોંધપાત્ર સ્કોર સાથે તેણે ડિસેમ્બર 2026માં યોજાનારી નેશનલ શૂટિંગ ચેમ્પિયનશિપ માટે ક્વોલિફાય કર્યું છે. કુલદીપની આ સિદ્ધિ નોબલ યુનિવર્સિટી માટે ગૌરવની ક્ષણ છે અને રમતગમત ક્ષેત્રે યુનિવર્સિટીની સતત વધી રહેલી પ્રતિષ્ઠાનું પ્રતિબિંબ છે. તેની એકાગ્રતા, શિસ્ત, મહેનત અને રમત પ્રત્યેના સમર્પણે હવે તેને રાષ્ટ્રીય કક્ષાએ પોતાની પ્રતિભા સાબિત કરવાની તક અપાવી છે. આ સિદ્ધિ પાછળ કુલદીપની સખત મહેનતની સાથે રાજશાખા રાઈફલ ક્લબ, જૂનાગઢ ના શૂટિંગ કોચશ્રી હિરેન ખૂંટીના તાલીમ અને માર્ગદર્શન તેમજ યુનિવર્સિટીના એસોસિએટ વાઈસ પ્રેસિડેન્ટશ્રી પાર્થ કોટેચા તથા સ્પોર્ટ્સ ડિરેક્ટરશ્રી આકાશ પૂજારી ના સતત માર્ગદર્શન અને પ્રેરણાનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે. આ સિદ્ધિ બદલ નોબલ યુનિવર્સિટીનાં પ્રમુખશ્રી ડૉ. નિલેશભાઈ ધૂલેશિયા, ઉપપ્રમુખશ્રી ગિરીશભાઈ કોટેચા, મેનેજિંગ ટ્રસ્ટીશ્રી વી.પી. ત્રિવેદી, સંસ્થાના કો-મેનેજિંગ ટ્રસ્ટીશ્રી કે.ડી. પંડ્યા તેમજ સંસ્થાના કુલપતિ ડૉ. એચ.એન. ખેર દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી છે તેમ સંસ્થાના રજિસ્ટ્રાર અને ડીન ડૉ. જય તલાટી દ્વારા એક યાદીમાં જણાવાયું છે.

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કોડિનાર દ્વારા ગ્રામીણ યુવાનો માટે પ-દિવસીય વ્યવસાયલક્ષી તાલીમનો શુભારંભ



નરેન્દ્ર દવે જૂનાગઢ

આજના આધુનિક યુગમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના અતિશય ઉપયોગથી જમીનની ફળદ્રુપતા અને માનવ સ્વાસ્થ્ય પર થતી વિપરીત અસરોને ધ્યાનમાં રાખીને, ખેતીમાં પ્રાકૃતિક અને જૈવિક પદ્ધતિઓ અપનાવવી અનિવાર્ય બની છે. આ જ હેતુસર, ગ્રામીણ યુવાનો આત્મનિર્ભર બને અને પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધે તે માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કોડિનાર ખાતે પ-દિવસીય 'જૈવિક ખાતર, જૈવિક કીટનાશક અને કમ્પોસ્ટના ઉત્પાદન' પરના વ્યવસાયલક્ષી તાલીમ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ તાલીમ કાર્યક્રમના ઉદઘાટન પ્રસંગે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી જીતેન્દ્રસિહએ ઉપસ્થિત યુવાનોને જૈવિક ખેતીનું મહત્ત્વ સમજાવ્યુ હતું. ગીર સોમનાથ જીલ્લાના નાયબ ખેતી નિયામક વિસ્તરણ ડો.પુશપકાંત સુવર્ણકાર એ જણાવ્યુ હતુ કે આ તાલીમ માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ યુવાનો માટે સ્વરોજગાર અને સ્ટાર્ટ-અપ ઊભી કરવાની એક સુવર્ણ તક છે આ તાલિમના કોર્ડીનેટર અને કેવિકેના વિષય નિષ્ણાત, પાક સંરક્ષણ શ્રી રમેશ રાઠોડે તાલીમાર્થી ઓને જણાવ્યુ હતુ કે માત્ર સિદ્ધાંત જ નહીં, પરંતુ વર્મીકમ્પોસ્ટ, અળસિયાનું ખાતર, વિવિધ જૈવિક ખાતરો અને લીમડા આધારિત કે અન્ય વનસ્પતિજન્ય જૈવિક કીટનાશકો જાતે બનાવવાની પ્રત્યક્ષ તાલીમ પણ આપવામાં આવશે. ગ્રામીણ યુવાનો આ તાલીમ મેળવીને પોતાના ગ્રામ્ય સ્તરે જૈવિક ઉત્પાદનોનો ગૃહ ઉદ્યોગ શરૂ કરી આર્થિક રીતે સક્ષમ બની શકશે. આ ઉત્પાદનોના ઉપયોગથી ખેડૂતોની ખેતી પાછળની પડતર કિંમત ઘટશે અને ઝેરમુક્ત પેદાશો બજારમાં આવશે. આ પાંચ દિવસીય કાર્યક્રમમાં વેરાવળ તાલુકાના ગામ્ય વિસ્તારોમાંથી ઉત્સાહી ૩૦ યુવાનો ઉપસ્થિત રહ્યા છે. આ તાલિમમા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના તજજ્ઞો દ્વારા યુવાનોને માર્કેટિંગ, પેકેજિંગ અને વ્યવસાયિક આયોજન વિશે પણ માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે. કાર્યક્રમના અંતે તમામ તાલીમાર્થી યુવાનો ને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે, જે તેમને ભવિષ્યમાં વ્યવસાય શરૂ કરવામાં ઉપયોગી સાબિત થશે.



રવાપર વિસ્તાર સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિના માર્ગદર્શન હેઠળ શ્રી રવાપર ગણેશ યુવક મંડળ દ્વારા આયોજિત ત્રિદિવસીય ગણેશ મહોત્સવ ના પ્રથમ દિવસે ભવ્ય શોભાયાત્રા મુખ્ય માર્ગો પરથી નિકળી હતી જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા.
તસવીર: મહેશ એલ. સોની નખત્રાણા



રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

સંખેડાના બહાદરપુરની રાઈ શેરીમાં આવેલા ગુપ્તેશ્વર મહાદેવ મંદિરે છેલ્લા 15 વર્ષથી એક જ જગ્યાએ ગણપતિ દાદાની સ્થાપના થાય છે. આ કારણે ભક્તોમાં ખૂબ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.રોજ સવાર-સાંજ મોટી સંખ્યામાં ભક્તો એકઠા થઈને આરતીમાં જોડાય છે. તેઓ સાચા મનથી આરતી કરીને ગામના દરેક નાગરિકના કલ્યાણ માટે પ્રાર્થના કરે છે. આ ઉપરાંત, 108 દેવડાની આરતી અને 56 ભોગનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે.આ સાથે જ, દરરોજ રાત્રે ગરબા અને ભજનનું પણ આયોજન કરાયું છે, જેમાં ભક્તો ઉત્સાહથી જોડાય છે.

## જાફરાબાદના માછીમારોને દરિયો ન ખેડવા તાકીદ

રિપોર્ટર કિશોર આર. સોલંકી જાફરાબાદ

જાફરાબાદ મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક કચેરી દ્વારા પરિપત્ર જાહેર કરવામાં આવ્યો કચેરીના કાર્યક્ષેત્રમાં તળે આવતા તમામ મત્સ્ય ઉતરાણ કેન્દ્રો જેવા કે જાફરાબાદ, શિયાળબેટ, ચાંચ બંદર, નવાબંદર, સૈયદ રાજપરા, તથા સિમર, ખડાબંદરના તમામ માછીમાર બોટ એસો. આગેવાનો, સહકારી મંડળીના પ્રમુખ શ્રી ઓ તથા માછીમાર બોટ માલિકોને પરિપત્ર દ્વારા જણાવેલ કે હવામાન વિભાગ અમદાવાદ ના બુલેટિન તથા વડી કચેરી ગાંધીનગર ના આધારીત પત્ર થી જાણ કરવામાં આવેલ છે કે દરિયામાં ઉંચા મોજા ઓ ઉછાળવાની ૪૧ કી. મી કલાક થી ૬૧ કિ.મી કલાકની ઝડપે પવન ફુંકાવાની સંભાવના અને દરિયો ગાંડોતૂર બનવાની શક્યતાઓ હોવાથી તા/૧૪/૦૯/૨૦૨૬ થી આગામી ૫ દિવસ બોટ માલિકો ને સૂચના ન મળે ત્યાં સુધી માછીમારી ટોકન બંધ કરવામાં આવેલ છે. અને દરિયામાં રહેલી તમામ માછીમારી બોટોને તાત્કાલિક અસરથી બંદર ઉપર પરત બોલાવી લેવા કડક આદેશ મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામક, જાફરાબાદ ની કચેરી દ્વારા હવામાન વિભાગની આગાહીને પગલે એક મહત્વપૂર્ણ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. આ પરિપત્રમાં જણાવ્યા અનુસાર, તારીખ ૧૪/૦૯/૨૦૨૬થી આગામી પાંચ દિવસ સુધી દરિયામાં ભારે પવન ફૂંકાવાની અને હવામાન અતિ ખરાબ રહેવાની સંભાવના હોવાથી માછીમારોની જાન-માલની સુરક્ષાને ધ્યાને રાખી આગામી સૂચના ન મળે ત્યાં સુધી કોઈ પણ માછીમારે દરિયામાં માછીમારી કરવા જવું નહીં. આ ઉપરાંત, હાલમાં દરિયામાં ગયેલી તમામ બોટોને તાત્કાલિક અસરથી પરત બોલાવી લેવા અથવા નજીકના બંદર પર સુરક્ષિત રીતે પાર્ક કરી દેવા આદેશ કરાયો છે. વહીવટીતંત્ર દ્વારા આગામી આદેશ સુધી માછીમારી બોટો માટેના ટોકન ઈસ્યુ કરવાનું પણ સંપૂર્ણપણે બંધ કરવામાં આવ્યું છે, અને જિલ્લાના તમામ બોટ માલિકો તથા માછીમારોને આ સૂચના ઓનો ચુસ્તપણે અને તાત્કાલિક અમલ કરવા જણાવાયું છે.

રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

સંખેડાના બહાદરપુર કોયારી ફળિયા યુવક મંડળે આ વર્ષે પણ ગણપતિ બાપ્પાની સ્થાપના કરી છે. આ મંડળ છેલ્લા 15 થી 17 વર્ષથી એક જ જગ્યાએ ગણપતિની સ્થાપના કરીને અખંડ દીવો પ્રગટાવવાની પરંપરા જાળવી રહ્યું છે. આ વર્ષે પણ હરિભક્તોએ ખૂબ ઉત્સાહથી ગણપતિ દાદાની સ્થાપના કરી.મંડળના યુવકોએ પોતાની શક્તિ મુજબ ભક્તિભાવ સાથે ગણપતિની સ્થાપના કરી હતી. તેમણે વિઘ્નહર્તા દાદા સૌની મનોકામના પૂરી કરે તેવી પ્રાર્થના પણ કરી.



## સંખેડામાં નવયુગ યુવક મંડળ દ્વારા વિઘ્નહર્તા દાદા ગણપતિનો ભવ્ય વરઘોડો કાઢવામાં આવ્યો



રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

સંખેડામાં નવયુગ યુવક મંડળ દ્વારા વિઘ્નહર્તા દાદા ગણપતિનો ભવ્ય વરઘોડો કાઢવામાં આવ્યો હતો. પ્રખ્યાત સુપર ઝણકાર બેન્ડના તાલે મોટી સંખ્યામાં લોકોએ વાજતે-ગાજતે સમગ્ર ગામમાં શોભાયાત્રા કાઢી હતી. ત્યારબાદ બાપ્પાની સ્થાપના કરવામાં આવી હતી.આ શોભાયાત્રામાં આજુબાજુના ગામના લોકો, મંડળના યુવકો અને સંખેડાના તમામ નાગરિકો જોડાયા હતા. ભક્તિમય માહોલમાં સૌએ દાદાના આશીર્વાદ લીધા હતા. શોભાયાત્રા દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે સંખેડા પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. નવયુગ યુવક મંડળ દ્વારા સંખેડા પોલીસ સ્ટેશનના સ્ટાફનો આભાર માનવામાં આવ્યો હતો. આ સાથે દાદા સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના પણ કરાઈ હતી.

## "70 કિમી દૂરથી ગરીબોના હકનો અવાજ : 24 વર્ષીય અકબર સોઢાની અનોખી પહેલ"

### 300 ગરીબ પરિવારોને ઘર મળે તે માટે ભુજની મહારેલીમાં જોડાવા દેશલપર (ગુંતલી)ના યુવાનની અપીલ



જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

ગરીબ પરિવારોને ઘર મળે તે માટે ચાલી રહેલી લડતને હવે ગામડેથી પણ મજબૂત સમર્થન મળી રહ્યું છે. દેશલપર (ગુંતલી) ગામના 24 વર્ષીય યુવાન અકબર સોઢાએ ગરીબ પરિવારોના હક માટે અવાજ ઉઠાવી ભુજ ખાતે યોજાનારી મહારેલીમાં બહોળી સંખ્યામાં જોડાવા લોકોને અપીલ કરી છે.ભુજ મધ્યે લખનધુવા સહિત ગાંધીધામના આશરે 300 ગરીબ પરિવારોને ઘર અપાવવાની માંગ સાથે આંદોલન ચાલી રહ્યું છે. આ લડતના સમર્થનમાં અકબર સોઢાએ દેશલપર ગામમાં લોકો સમક્ષ સંદેશ આપ્યો હતો કે ગરીબ પરિવારોને તેમનું ઘર મળે તે માટે સૌએ એકસાથે આગળ આવવું જોઈએ.ખાસ નોંધનીય બાબત એ છે કે દેશલપર (ગુંતલી)થી ભુજ આશરે 70 કિલોમીટર દૂર હોવા છતાં આ યુવાને અંતરની પરવા કર્યા વિના ગરીબોના પ્રશ્નને પોતાનો પ્રશ્ન માની સમર્થન આપ્યું છે.હાથમાં સંદેશ સાથે ઊભેલા અકબર સોઢાની તસવીર સોશિયલ મીડિયા પર પણ લોકોનું ધ્યાન ખેંચી રહી છે. માત્ર 24 વર્ષની ઉંમરે ગરીબ પરિવારોના હક માટે આગળ આવી રહેલા આ યુવાનની સંવેદનાને સ્થાનિક સ્તરે પ્રશંસા મળી રહી છે."ગરીબને ઘર મળે એ માત્ર એક પરિવારની નહીં, પરંતુ સમગ્ર સમાજની જવાબદારી છે" – એવો સંદેશ આપતી અકબર સોઢાની આ પહેલ માનવતાની ભાવનાને ઉજાગર કરે છે.

## નૌકાવિહારનાં નામે પ્રવાસીઓ પાસેથી 'વધારાની વસૂલાત'નો આક્ષેપ,પ્રવાસીઓમાં નારાજગી

સુશીલ પવાર | ડાંગ

ગુજરાતનાં પ્રવાસન નકશા પર આગવું સ્થાન ધરાવતા સાપુતારાનાં સર્પગંગા તળાવમાં નૌકા વિહારનો આનંદ માણવા આવતા પ્રવાસીઓ પાસેથી બોટ ટિકિટના નિર્ધારિત દર ઉપરાંત લાઈફ જેકેટના નામે પણ અલગથી રકમ વસૂલાતી હોવાની ફરિયાદો ઉઠતા બોટિંગ વ્યવસ્થાની પારદર્શિતા સામે અનેક સવાલો ઊભા થયા છે.ખાસ કરીને બોટિંગનો ઈજારો લીધા બાદ પ્રવાસીઓ માટે ઉપલબ્ધ કરાવવાની બોટની વ્યવસ્થા અને વસૂલવામાં આવતા ચાર્જ અંગે પ્રવાસીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. સાપુતારા સર્પગંગા તળાવ ખાતે બોટિંગ માટે લગાવવામાં આવેલા દરપત્રકમાં 4 વ્યક્તિની બોટ માટે રૂ.400 બોટ ટિકિટ અને રૂ.80 લાઈફ જેકેટ મળી કુલ રૂ.480, જ્યારે 6 વ્યક્તિની બોટ માટે રૂ.600ની બોટ ટિકિટ અને રૂ.120 લાઈફ જેકેટ મળી કુલ રૂ.720 દર્શાવવામાં આવ્યા છે. આમ, બોટના ભાડા ઉપરાંત લાઈફ જેકેટ માટે પણ અલગથી રકમ લેવામાં આવતી હોવાનું સ્થળ પરના દરપત્રક પરથી સ્પષ્ટ થાય છે.પ્રવાસીઓનો મુખ્ય સવાલ એ છે કે લાઈફ જેકેટ પ્રવાસીઓની સુરક્ષા માટે ફરજિયાત હોય તો તેની કિંમત બોટિંગના દરમાં સામેલ છે કે અલગથી વસૂલવાની જોગવાઈ કરવામાં આવી છે? જો લાઈફ જેકેટ ફરજિયાત સુરક્ષાનું સાધન હોય તો તેના નામે વધારાની વસૂલાત કરવાની પરવાનગી ઈજારાની શરતોમાં છે કે કેમ, તે અંગે વહીવટી તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.આ સમગ્ર મામલામાં વધુ ગંભીર સવાલ બોટની ઉપલબ્ધતાને લઈને ઊભો થયો છે. પ્રવાસીઓના જણાવ્યા મુજબ, ઈજારાની શરતો અનુસાર બે વ્યક્તિ માટે કપલ બોટ ઉપલબ્ધ રાખવાની જોગવાઈ હોવા છતાં હાલમાં માત્ર 4 અને 6 વ્યક્તિની બોટ જ ઉપલબ્ધ રાખવામાં આવી રહી હોવાની ફરિયાદ છે.પરિણામે કોઈ યુગલ અથવા નવદંપતી માત્ર બે વ્યક્તિ તરીકે સર્પગંગા તળાવમાં બોટિંગ કરવા ઈચ્છે તો તેમને બે વ્યક્તિની બોટ ઉપલબ્ધ કરાવવાને બદલે ચાર વ્યક્તિની બોટનો ચાર્જ ચૂકવવો પડતો હોવાનો પ્રવાસીઓ આક્ષેપ કરી રહ્યા છે.જો આ ફરિયાદ સાચી હોય તો સવાલ એ છે કે બે વ્યક્તિ બોટિંગ કરવા આવે ત્યારે તેમને બે વ્યક્તિના પ્રમાણમાં જ ચાર્જ લેવામાં આવે છે કે ચાર વ્યક્તિની બોટનો સંપૂર્ણ ચાર્જ વસૂલવામાં આવે છે? હાલમાં સાપુતારાનાં પ્રવાસન સ્થળે પરિવાર સાથે કે કપલ તરીકે આવતા પ્રવાસીઓ માટે આર્થિક બોજ ઊભો થાય તેવી સ્થિતિ સર્જાઈ રહી છે. હાલમાં પ્રશ્ન એ ઉભો થયો છે કે સર્પગંગા તળાવનું બોટિંગ ખાનગી ઈજારદારને સોંપતી વખતે વહીવટી તંત્ર દ્વારા કઈ કઈ શરતો નક્કી કરવામાં આવી હતી, તેમાં બે વ્યક્તિની કપલ બોટ ફરજિયાત રાખવાની જોગવાઈ છે કે નહીં, લાઈફ જેકેટ માટે અલગ ચાર્જ વસૂલવાની મંજૂરી છે કે નહીં તથા બોટિંગના દરો કયા આધારે નક્કી કરવામાં આવ્યા છે, તે હવે જાહેર કરવાની જરૂરિયાત ઊભી થઈ છે.પ્રવાસીઓ પાસેથી વસૂલાતી દરેક રકમની રસીદ આપવામાં આવે છે કે નહીં, દરપત્રક અને ઈજારાના કરારની શરતો વચ્ચે કોઈ તફાવત છે કે નહીં તથા ઈજારદાર દ્વારા મંજૂર દર કરતાં વધુ રકમ તો વસૂલવામાં આવતી નથી ને? તેની પણ તપાસ થવી જરૂરી બની છે.હાલમાં સાપુતારા આવતા પ્રવાસીઓ પાસેથી મનસ્વી રીતે વસૂલાત થતી હોવાની ફરિયાદો જો સાચી હોય તો પ્રવાસન સ્થળની છબી પણ ખરડાઈ શકે છે. એક તરફ સરકાર પ્રવાસન ક્ષેત્રને પ્રોત્સાહન આપવા કરોડો રૂપિયાનો ખર્ચ કરી રહી છે, ત્યારે બીજી તરફ પ્રવાસીઓને જ બોટિંગના નામે વધારાનો આર્થિક બોજ સહન કરવો પડે તેવી સ્થિતિ સર્જાતી હોય તો જવાબદાર તંત્રએ આંખ આડા કાન કરવાને બદલે તાત્કાલિક તપાસ કરવી જરૂરી છે.હવે જોવાનું એ રહેશે કે સર્પગંગા બોટિંગના ઈજારાના કરારની શરતોમાં ખરેખર શું લખ્યું છે? બે વ્યક્તિ માટે કપલ બોટની સુવિધા ફરજિયાત છે કે નહીં? લાઈફ જેકેટના અલગ ચાર્જની મંજૂરી છે કે નહીં? અને પ્રવાસીઓ પાસેથી વસૂલાતી રકમ સરકારી મંજૂર દર મુજબ જ છે કે નહીં?.આ તમામ મુદ્દે તંત્ર દ્વારા પારદર્શક ખુલાસો કરવામાં આવે તેવી પ્રવાસીઓમાં માંગ ઉઠી છે.ગિરિમથક સાપુતારા ખાતે બોટિંગ સંચાલકો દ્વારા પોતાના બાપાની પેઢી હોય તેમ પ્રવાસીઓ પાસે બોટદીઠ આડેધડ વસુલાત કરવામાં આવે છે ત્યારે હાલમાં જ નવનિયુક્ત થયેલ ચીફઓફીસર દ્વારા પારદર્શક તપાસ હાથ ધરાય તેવી માંગ ઉઠી છે.

સાપુતારા સર્પગંગા તળાવમાં બોટિંગ સંચાલકોને તંત્ર દ્વારા જાણે ઉઘાડી લૂંટ ચલાવવા માટે છૂટોદોર આપ્યો,બોટ ટિકિટનાં દર ઉપરાંત લાઈફ જેકેટના પણ અલગ રૂપિયા,બે વ્યક્તિની 'કપલ બોટ'ના બદલે 4 કે 6 વ્યક્તિની બોટ, નવદંપતીને પણ 4 વ્યક્તિનો ચાર્જ?.






(1)સાપુતારા ખાતે સર્પગંગા તળાવમાં નૌકાવિહાર કરવા આવતા પ્રવાસીઓના મનમાં અનેક સવાલો ઉદભવી રહ્યા છે.અહી બે વ્યક્તિ માટે કપલ બોટની સુવિધા કેમ નથી?બે પ્રવાસી આવે તો ચાર વ્યક્તિની બોટનો ચાર્જ કેમ વસૂલાય છે?લાઈફ જેકેટનો અલગ ચાર્જ લેવાની મંજૂરી કોના આદેશથી આપવામાં આવી છે.ઈજારાના કરારમાં બોટના કેટલા પ્રકારની જોગવાઈ છે?દરેક વસૂલાતની સત્તાવાર રસીદ પ્રવાસીઓને અપાય છે કે નહીં?તેમજ મંજૂર દર કરતા વધુ વસૂલાત થાય તો જવાબદાર સામે કાયદેસરની કાર્યવાહી થશે ?આ સમગ્ર કારભારમાં ઈજારાદાર સાથે અધિકારીઓની સંડોવણીની આશંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.ત્યારે આ સમગ્ર બાબતે જિલ્લા કલેકટર દ્વારા તટસ્થ તપાસનાં આદેશો અપાઈ તેવી માંગ ઉઠી છે.

## નર્મદા જિલ્લા માં મેઘરાજા ની પુનઃ પધરામણી, ધરતીપુત્રોમાં મેઘમહેરથી ખુશીની લહેર

સત્યવલંબ બારોટ | રાજપીપલા

રાજપીપલા સહીત સમગ્ર નર્મદા જિલ્લા માં મેઘરાજા ની પુનઃ પધરામણી થતા ખેડૂતો માં ખુશાલી વ્યાપી ગઈ છે અને ગરમીનો પારો ઘટતા નગરજનો એ પણ રાહત અનુભવી છે . પ્રાપ્ત માહિતી મુજબ છેલ્લા 40 દિવસ ની રાહ જોવડાવ્યા બાદ જિલ્લા માં વરસાદ ની રી એન્ટ્રી થઈ છે . આકાશ માં કાળા ડિબાંગ વાદળો ના ગડગડાટ અને વીજળી ના ચમકારા સાથે વરસાદ વરસતા ખેતરો માં સુકાતા જતા પાક ને જીવતદાન મળ્યું છે જેથી ખેડૂતો માં ખુશાલી વ્યાપી ગઈ છે . ખાસ કરીને વરસાદી ખેતી પર નિર્ભર ગ્રામ્ય વિસ્તાર ના આદિવાસી ખેડૂતો ને આ વરસાદ થી રાહત થઈ છે અને તુવેર . મકાઈ ., જેવા પાક ની ખેતી ને જીવતદાન મળ્યું છે તો પશુપાલન માટે ઘાસચારો પણ મળી રહેશે . છેલ્લા બે દીવસ થી વરસાદ ના હળવા ભારે ઝાપટા પડી રહ્યા છે અને પંથક માં વરસાદી માહોલ છવાયો છે .



## કઠલાલ પોલીસ સ્ટેશન ખાતે ઈકો-ફ્રેન્ડલી ગણેશોત્સવની અનોખી ઉજવણી

નરેન્દ્ર દવે જૂનાગઢ

કઠલાલ પોલીસ સ્ટેશન ખાતે ઈકો-ફ્રેન્ડલી ગણેશોત્સવની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. ગણેશોત્સવના પ્રથમ દિવસે ખેડા જિલ્લા ના DySP, PI અને PSI કક્ષાના પોલીસ અધિકારીઓ તેમજ લીલાવતી વૃદ્ધાશ્રમ અને ઉમિયા ટ્રસ્ટના વૃદ્ધાશ્રમમાં રહેતા વડીલોને મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. વૃદ્ધાશ્રમના વડીલોના હસ્તે ગણેશજીની આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ સ્ટેશન ખાતે ઉપસ્થિત તમામ વડીલોનું ફૂલ અર્પણ કરી ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ખેડા જિલ્લા પોલીસ અધિકારીઓ અને વૃદ્ધાશ્રમના વડીલો સાથે સહભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રીતે કઠલાલ પોલીસ દ્વારા ગણેશોત્સવને માત્ર ધાર્મિક ઉજવણી પૂરતો સીમિત ન રાખી, વડીલો સાથે આત્મીયતા અને સામાજિક સંવેદનશીલતાનો સંદેશ આપતી અનોખી ઉજવણી કરવામાં આવી હતી.

સ્વસ્થ રહેવા માટે લોકો ઘણા ફળો અને તેના જ્યુસનું સેવન કરે છે. આમળા આવા ફળોમાંનું એક છે. આમળામાં ઘણા બધા એન્ટીઓક્સીડેન્ટ અને પોષક તત્વો હોય છે, જે સ્વાસ્થ્યને અગણિત ફાયદા આપે છે. તેના રસનું સેવન કરવાથી લીવર અને પાચનતંત્ર સ્વસ્થ રહે છે. આ સિવાય તેમાં હાજર વિટામિન સી રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે, જે શરદી અને ઉધરસ સહિતની ઘણી સમસ્યાઓથી બચી શકે છે.

# સવારે ખાલી પેટ આ રસ પીવાથી થશે અનેક ફાયદા, સ્વાસ્થ્ય પણ સુધરશે



**રોગપ્રતિકારક શક્તિમાં વધારો |** ડાયટિશિયન શ્રદ્ધા શ્રીવાસ્તવ કહે છે કે આમળાના રસમાં વિટામીન અને મિનરલ્સ ભરપૂર માત્રામાં હોય છે, જે આપણને ઘણી બીમારીઓથી બચાવે છે. તેથી, રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે આ રસને આહારમાં સામેલ કરી શકાય છે. આ સિવાય આમળાનો રસ ઓક્સિડેટીવ સ્ટ્રેસ સામે રક્ષણ આપવામાં સક્ષમ છે.

**વજન ઘટશે |** જે લોકો વજન ઓછું કરી રહ્યા છે તેમના માટે આમળાનો જ્યુસ સારો વિકલ્પ છે. વાસ્તવમાં, આમળામાં ઘણા એન્ટીઑકિસડન્ટ ગુણો જોવા મળે છે, જે પાચન તંત્રને સુધારવામાં મદદરૂપ છે. આ જ્યુસ પીવાથી મેટાબોલિઝમ વધે છે, જે વજન ઘટાડવામાં મદદ કરે છે.

**કોલેસ્ટ્રોલ કંટ્રોલમાં આવશે |** શરીરમાં કોલેસ્ટ્રોલ વધવાથી હાર્ટ સંબંધિત બીમારીઓ થવાનું જોખમ વધી જાય છે. તેનાથી છુટકારો મેળવવા માટે આમળાના જ્યુસનું સેવન કરી શકાય છે. તમને જણાવી દઈએ કે આમળાના જ્યુસમાં ફેટી એસિડ, વિટામીન અને એવા ઘણા તત્વો હોય છે, જે કોલેસ્ટ્રોલ ઘટાડવામાં મદદ કરી શકે છે.

**પાચનતંત્ર સુધરશે |** આમળાનો રસ પણ પેટની સમસ્યાઓથી રાહત અપાવવામાં અસરકારક છે. વાસ્તવમાં, આમળાનો રસ બળતરા વિરોધી ગુણો અને એન્ટીઑકિસડન્ટોથી ભરપૂર હોય છે. તેથી જે લોકો પેટનું ફૂલવું, અપચો અને ગેસ જેવી સમસ્યાઓથી પીડિત હોય તેઓએ આ રસનું સેવન કરવું જોઈએ.

**આંખોની રોશની સુધરશે |** આમળાનો રસ નબળી દ્રષ્ટિ સુધારવા માટે એક ઉત્તમ વિકલ્પ છે. તમને જણાવી દઈએ કે આમળામાં કેરોટીન હોય છે, જે આંખો માટે સારું માનવામાં આવે છે. તેથી, ખાલી પેટ આમળાનો રસ પીવાથી મોતિયા, બળતરા અને આંખોમાં ભેજ જેવી સમસ્યાઓથી બચી શકાય છે.

**આમળામાં એન્ટીઓક્સીડેન્ટ અને પોષક તત્વો હોય છે**

**આમળાના રસનું સેવન કરવાથી પાચનતંત્ર સ્વસ્થ રહે છે**

**ખાલી પેટ આમળાના રસ પીવાના ફાયદા છે**

# રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે તમારા બાળકોને આ વસ્તુઓ ખવડાવો

તમારા બાળકોને બિમારીઓથી બચાવવા માટે અને તેમની રોગપ્રતિકારક શક્તિ વધારવા માનો છો. તો આ ત્યારે જ શક્ય છે જ્યારે તમે તમારા બાળક માટે યોગ્ય ડાયટ પ્લાન ફોલો કરો છો. જો તમારી ખાવાની દિનચર્યા અને ખરાબ જીવનશૈલી હોય તો વારંવાર બીમાર પાડવાનું જોખમ રહે છે.



**બાળકોમાં રોગપ્રતિકારક શક્તિ |** બાળકોમાં રોગપ્રતિકારક શક્તિ પુખ્ત વયના લોકો કરતાં ઓછી હોય છે. જેથી બાળકોના બીમાર પાડવાની શક્યતાઓ વધી જાય છે. આ જ કારણ છે કે હવામાનમાં થતા ફેરફારોથી બાળકો વારંવાર બીમાર પડે છે. ત્યારે તેમના આહારમાં એવી વસ્તુઓ શામેલ કરવી મહત્વપૂર્ણ છે, જે તેમની રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરશે. અહીં અમે તમને એવી વસ્તુઓ વિશે જણાવવા જઈ રહ્યા છીએ જે બાળકો માટે ખૂબ જ ફાયદાકારક છે.

**વિટામિન સી |** વિટામિન સી રોગપ્રતિકારક શક્તિ માટે ખૂબ જ મહત્વપૂર્ણ હોય છે. તેઓ શરીરમાં શ્વેત રક્તકણો વધારવાનું પણ કામ કરે છે. ત્યારે વધુમાં, વિટામિન સી ચેપ પેદા કરતા બેક્ટેરિયાને મારી નાખે છે. સાથે જ તમે તમારા બાળકોને સંતરા, આમળા અને દ્રાક્ષ જેવા ખાટા ફળો પણ ખવડાવી શકો છો. જે વિટામિન સીથી ભરપૂર હોય છે.

**પ્રોટીનયુક્ત ખોરાક |** તમે બાળકોનો વિકાસ વધારવા માંગતા હોવ તો ખોરાકમાં પ્રોટીનનો સમાવેશ ચોક્કસ કરવું જોઈએ. તેનાથી સ્નાયુઓ અને હાડકાં મજબૂત થાય છે. જો શરીરમાં પ્રોટીનની માત્રા યોગ્ય હોય તો કોઈપણ ઈજા જલ્દી ઠીક થઈ જાય છે. બાળકોના આહારમાં ચીઝ, ઈંડા, ટોફુ અને સોયાબીનનો સમાવેશ અવશ્ય કરો.

**બદામ |** બાળકોના રોજિંદા આહારમાં બદામનો સમાવેશ અવશ્ય કરો. 5 થી 6 બદામ આખી રાત પલાળી રાખો અને સવારે બાળકોને આપો. તેનાથી બાળકોને પુષ્કળ પ્રમાણમાં પ્રોટીન, હેલ્ધી ફેટ્સ અને વિટામિન ઈ મળશે. આ બાળકોને સક્રિય રાખવામાં મદદ કરશે.

**દહીં |** જો બાળકની પાચનશક્તિ સારી ન હોય તો પણ તેની રોગપ્રતિકારક શક્તિ નબળી પડી શકે છે. નિષ્ણાતો કહે છે કે બાળકોના આંતરડાના સ્વાસ્થ્ય પર પણ ધ્યાન આપવું ખૂબ જ જરૂરી છે. બાળકોએ તેમના દૈનિક આહારમાં દહીં અને છાશનો સમાવેશ કરવો જ જોઈએ. દહીંમાં પ્રોબાયોટીક્સ હોય છે, જે આંતરડામાં સારા બેક્ટેરિયાને વધારવામાં મદદ કરે છે. તેથી તેમના રોજિંદા આહારમાં દહીં અથવા છાશનો સમાવેશ કરો.

# એલોવેરામાં મિક્સ કરો આ વસ્તુઓ, ઘરે જ બની જશે બજારમાં ઉપલબ્ધ મોંઘું સ્કિન બ્રાઈટિંગ સીરમ!



એલોવેરાનો છોડ ઔષધીય ગુણોથી ભરપૂર છે. સામાન્ય રીતે લોકો પોતાના સ્વાસ્થ્ય અને ત્વચાની સંભાળ રાખવા માટે દરરોજ તેનો ઉપયોગ કરે છે. એલોવેરા જેલ ત્વચામાં થતી અનેક પ્રકારની સમસ્યાઓને દૂર કરવામાં મદદ કરે છે. જો તમે ચાંદ જેવી ચમકતી ત્વચા મેળવવા ઈચ્છો છો તો તેના માટે એલોવેરા જેલનો ઉપયોગ કરવો ખૂબ જ જરૂરી છે. તમે કદાચ નહીં જાણતા હોય, પરંતુ એલોવેરા જેલ કુદરતી રીતે ત્વચાને નિખારવામાં મદદરૂપ છે. એલોન એલોવેરામાં જોવા મળે છે. આ એક એવું સંયોજન છે જે ત્વચાના રંગને આછું કરી શકે છે. દરરોજ તેનો ઉપયોગ કરવાથી ચહેરા પરના ડાર્ક સ્પોટ્સ ઓછા થઈ શકે છે અને તમારી ત્વચાનો રંગ સુધરવા લાગે છે.

એટલું જ નહીં, એલોવેરા ત્વચાને હાઈડ્રેટ પણ રાખે છે. એલોવેરા અને વિટામીન સીને મિક્સ કરીને સ્કિન બ્રાઇટનિંગ સીરમ ઘરે તૈયાર કરી શકાય છે. આ માટે તમારે 2 ચમચી એલોવેરા જેલ, 1 ટેબલસ્પૂન વિટામિન સી પાવડર, 1 ચમચી નિસ્યંદિત પાણી, 1 ચમચી કેરિયર ઓઈલ લેવું પડશે. સીરમ તૈયાર કરવા માટે, સૌપ્રથમ એક નાના બાઉલમાં નિસ્યંદિત પાણી સાથે વિટામિન સી પાવડર મિક્સ કરો જ્યાં સુધી તે ઓગળી ન જાય. હવે એલોવેરા જેલ અને કેરિયર ઓઈલ ઉમેરો અને મિક્સ કરો. તૈયાર સીરમને ઘેરા રંગની કાચની ડ્રોપર બોટલમાં રેડો અને તેને રેફ્રિજરેટરમાં સ્ટોર કરો. તમે તેને તમારા ચહેરા પર 2 અઠવાડિયા સુધી વાપરી શકો છો.

# બાળકને સારી રીતે ઉછેરવા માટે બાર્બી ડોલ જેવા રમકડાથી રાખો દૂર, જાણો કેવી રીતે કરે છે તેમના પર ખરાબ અસર

આજકાલ બાળકોને નાની ઉંમરમાં જ વિડીયો ગેમ્સની લત લાગી જાય છે. આના વિના તેઓ ન તો ખાય છે અને ન ઊંઘે છે. જેની સીધી અસર તેમના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર પડે છે. જે બાળકો ઘણી બધી વિડિયો ગેમ્સ રમે છે તેઓ અતિશય સ્પર્ધાત્મક અને હાઈપર થઈ જાય છે. તેઓ તેમની હાર સ્વીકારવામાં અસમર્થ બની જાય છે અને જ્યારે તેઓ હારે છે ત્યારે તેઓ ખૂબ જ ચિડાઈ જાય છે. સાથે બાળકનો સ્વભાવ ધીરે ધીરે વધુને વધુ ચિડીયો થતો જાય છે.



**બંદૂક |** બાળકોને બંદૂક, તલવાર અને ગૂલેલ જેવા હિંસક રમકડાં આપવાનું ટાળવું જોઈએ. આ રમકડાં તમારા સૌમ્ય અને સરળ બાળકને હિંસક બનાવી શકે છે. આ રમકડાં સાથે રમીને, તેઓ તેમના મિત્રો અથવા ભાઈ-બહેનો સાથે ટીખળ કરે છે. આમ કરવાથી તેઓ ખરેખર ઝઘડાખોર અને હિંસક પણ બની શકે છે. આવા રમકડાં બાળકોને હિંસક તો બનાવે જ છે સાથે સાથે તેમનામાં નકારાત્મકતા પણ લાવે છે.

**બાર્બી ડોલ |** સ્લિમ ફિગર, શાર્પ ફીચર્સ, સુંદર વાળ અને સારા કપડાંથી શોભતી બાર્બી ડોલ ઘણા વર્ષોથી દુનિયાભરના બાળકોમાં ખૂબ જ લોકપ્રિય છે. તમને બજારમાં આવી ઘણી બાર્બી ડોલ્સ જોવા મળશે. ભલે તમારી દીકરીને આ ઢીંગલી ગમશે, પણ તેના મન પર પણ તેની ખરાબ અસર પડી શકે છે. આવી ઢીંગલીઓ સાથે રમવાથી તમારા બાળકના મનમાં સૌંદર્યની આ વ્યાખ્યા વિકસે છે, જે ભવિષ્યમાં સમસ્યાઓનું કારણ બની શકે છે.

**ટી સેટ |** દરેક વ્યક્તિ જાણે છે કે બાળકોને ચા અને કોફી આપવી તેમના સ્વાસ્થ્ય માટે હાનિકારક હોઈ શકે છે. તેમાં રહેલું કેફીન તેમની વૃદ્ધિને અવરોધે છે. આવી સ્થિતિમાં, જો તમે તેમને ચાનો સેટ આપો છો, તો પછી ખોટી ચા પીરસવાથી, તેમની તે ચા પીવાની ઈચ્છા અથવા લોભ પણ વધી જશે. હવે ભલે તમે તેને આ પીવા માટે ન આપો, પરંતુ આ રમકડા સાથે રમ્યા પછી તે ચોક્કસપણે કોઈને કોઈ બહાને ચા કે કોફી પીવાનો પ્રયત્ન કરશે. જે બાળકના સ્વાસ્થ્ય માટે યોગ્ય નથી.

**ડૉક્ટર સેટ |** ઘણા માતા-પિતા તેમના બાળકો યુવાન થાય તે પહેલા જ તેમની કારકિર્દી નક્કી કરવાનું શરૂ કરી દે છે. આ માટે તેઓ તેમના બાળકોની સમાન જીવનશૈલી જાળવવાનું શરૂ કરે છે. ઘણા માતા-પિતા પણ તેમના બાળકો ડોકટર બનવાના સપના જોતા હોય છે. આવી સ્થિતિમાં, તેઓ તેમને રમવા માટે ડૉક્ટરનો સેટ આપે છે. ડોક્ટર સેટ સાથે રમતા રમતા અને ખોટા રોગોનો ઈલાજ કરવાનો ડોળ કરતા હોય છે ત્યારે તેઓને ક્યારે ડોક્ટર બનવા માટે તેમના માતા-પિતા તરફથી દબાણ આવવા લાગે છે તેનો ખ્યાલ પણ આવતો નથી. આવી સ્થિતિમાં, જ્યારે બાળક મોટું થતા માતા-પિતાની અપેક્ષાઓને પૂરુ કરી શકતું નથી ત્યારે આ બાબત બાળકના માનસિક સ્વાસ્થ્ય પર ખૂબ અસર કરે છે.

## યુવાન દેખાવાની લાલચમાં એન્ટી એજિંગની દવાઓ બની શકે છે જીવલેણ!

બોલીવુડ એક્ટ્રેસ શેફાલી જરીવાલા પોતાની હેલ્થ પર વધારે ધ્યાન આપતી હતી. રિપોર્ટ મુજબ, શેફાલીને કાર્ડિયક અરેસ્ટ આવ્યો હતો. પરંતુ પોલીસને તપાસમાં તેમના રૂમમાંથી એન્ટી એજિંગની દવાઓ પણ મળી છે. તેમના પતિ પરાગ ત્યાગીએ કહ્યું કે, 8 વર્ષોથી તે આ દવાઓનું સેવન કરતી હતી તે સિવાય તે મિર્ગીના બીમારીથી ઝઝૂમી રહી હતી. એન્ટી-એજિંગ દવાઓને લઈને લોકોના મનમાં સવાલો થતા હશે કે આ દવાઓ કેટલી ખતરનાક હોઈ શકે તો જાણો આ દવા હેલ્થ માટે કેટલી હાનિકારક છે. એક્સપર્ટનું કહેવું છે કે, આ દવાઓ લાંબા સમય સુધી ખાવાથી શરીરમાં ખરાબ અસર થઈ શકે છે. એન્ટી એજિંગ દવાઓ ઘણા પ્રકારની હોય છે. આ દવાઓની અસર અલગ-અલગ રીતે થઈ શકે છે. તેમજ તે તેની પર નિર્ભર કરે છે કે તે વ્યકિત તે દવાઓનું કેટલું સેવન કરે છે. આજકાલ યુવાન દેખાવા માટે આ સપ્લીમેન્ટ માર્કેટમાં ફેમસ છે. તેનું લાંબા સમય સુધી સેવન કરવાથી એલર્જી તેમજ પાચન સંબંધિત સમસ્યાઓ થઈ શકે છે. આ દવાઓમાં સામાન્ય રીતે વિટામિન-એની માત્રા વધારે હોય છે. તેનાથી વધારે સેવન કરવાથી સ્કિન પર ખંજવાળ, બળતરા, અને સ્કિન ડ્રાય થઈ શકે છે તેમજ સ્કિન ડેમેજ પણ થઈ શકે છે આ દવાનું પ્રેગનેન્સીમાં સેવન કરવું તે ખતરનાક સાબિત થઈ શકે છે. આ એક ડાયબિટીસ દવા છે, જેને ઘણા લોકો લોંગેવિટીમાં ઉપયોગ કરે છે. તેને ખાવાથી ગેસ, એસિડિટી અને ડાયરિયાની સાથે-સાથે વિટામિન-B12 ઉણપ થઈ શકે છે.

# મનભાવન મોદક

જે રીતે દેશભરમાં ગુજરાતમાં ચૂરમાના લાડુ,રાજસ્થાન માં મોતી ચૂર ના લાડુ ની ધૂમ છે એજ રીતે મહારાષ્ટ્ર વગેરે રાજ્યો માં વારે તહેવારે મોદક નું ખાસ મહત્વ હોય છે.ખાસ કરીને ગણેશ ઉત્સવ તો મોદક વગર અધૂરો સમજો. સોસાયટીઓમાં ચાલતા સામૂહિક ગણેશ ઉત્સવ ના કાર્યક્રમ માં બાપ્પા ને ભોગ માં ધરાવેલ સૂકા મેવાના, ખોયા ના રંગબેરંગી મોદક નાના મોટા સૌ નું ધ્યાન આકર્ષિત કરતા હોય છે. જેવી આરતી પૂરી થાય ને થાળ ગવાઈ જાય એ ભેગા નાના બાળકો થી લઈને બુઝુર્ગો માં પ્રસાદ ની લાઇન માં ઊભા જોવા મળશે.કહો ને કે કાકા, તમને શ્યુગર છે નકામું નકામું ડાયાબિટીસ વધી જશે તો સ્માઈલ કરતા બોલશે કે બાપ્પા ને પ્રસાદ ન લઈએ તો ખોટું લાગી જાય રોજ ના એક મોદક ખાવાથી વધી જતું હોય તો વધવા દ્યો. ગણેશ ઉત્સવ પૂરો થયા બાદ કડવા કરેલા પ્રેમથી ગળે ઉતારી લઈશું.

તો એવું તે શું ચમત્કાર છે મોદક માં? ચાલો જાણીએ.

આમ તો મોદક નો ઈતિહાસ એ ૨૦૦ વર્ષ જુનો છે જેનો ઉલ્લેખ ચરક સંહિતા માં જોવા મળે છે. રામાયણ, મહાભારત અને પુરાણ માં પણ મોદક નો ઉલ્લેખ એક પવિત્ર મીઠાઈ રૂપે થયેલ છે. બાર મી સદી ના ચાલુક્ય રાજા સોમેશ્વર ત્રીજા દ્વારા લખાયેલ સંસ્કૃત ગ્રંથ માં "વર્ષોપલગોલક " નામની નાળિયેળ અને ગોળ માંથી બનતી મોદક આકારે વાનગી નું વર્ણન કર્યું છે.

શિવ પુરાણ માં બે કથા ગણેશજી અને મોદક ની વર્ણવેલ છે.

કથા : મોટાભાગે બધા માં મોદક નું જોડાણ ગણપતિ બાપ્પા સાથે વિશેષ વર્ણવેલ છે. સૌ પ્રથમ ભગવાન શિવ એ માતા પાર્વતી ને ચમત્કારિક મોદક આપ્યો હતો.ભગવાન શિવ એ પાર્વતીજી ને મોદક આપતા કહ્યું હતું કે આ પવિત્ર મોદક ખાનાર સર્વ ગુણ સંપન્ન, જ્ઞાન અને કળા માં નિપુણ થશે. ગણેશજી ની બુદ્ધિ પ્રતિભા થી પ્રસન્ન થઈને માતા પાર્વતી એ ભગવાન શિવ એ આપેલ મોદક પુત્ર ગણેશ ને ખાવા આપી દીધો હતો.



એક વખત અત્રિ ઋષિ ના પત્ની અનસુયાજી એ ગણેશજી ને પોતાના આશ્રમ માં જમવા બોલાવ્યા. ઋષિ પત્ની અનસૂયા જી ને ગણેશજી ના ભોજન ના સ્વાદ વિશે જાણ હતી એટલે વિવિધ પ્રકારનું સુપાચ્ય અને સ્વાદિષ્ટ ભોજન બનાવ્યું. ગણેશજી તો ભોજન આરોગવા માં વ્યસ્ત થઈ ગયા હતા એટલે એ કેટલું જમ્યા એ એમને ખબર નહતી. ગણેશજીની ભુખ સહેજ પણ સંતોષાયેલી ન જોતા ઋષિ પત્ની અનસૂયા એ પવિત્ર મોદક ગણેશજી ને આરોગવા આપ્યો.મોદક આરોગતા જ ગણેશજી સંતુષ્ટ થઈ ને ગયા હતા.

**મોદક પ્રસાદ બનાવવાની**

### રેસીપી :

ગણેશ ઉત્સવ સૌ પ્રથમ માં ભારત માં સંસ્કૃતિ અને રાષ્ટ્ર વાદ ને પ્રોત્સાહીત કરવા માટે મહારાષ્ટ્ર માં શિવાજી મહારાજ એ ગણેશ ઉત્સવ ની શરૂઆત કરી હતી ને મોદક ને મુખ્ય પ્રસાદ નું સ્થાન આપ્યું હતું. ત્યાર બાદ બાળ ગંગાધર રાવ તિલકે ગણેશ ચતુર્થી ને સાર્વજનિક મહોત્સવ નું સ્વરૂપ આપતા એ દેશભર માં લોકો એ સહર્ષ સ્વીકારી ને લોકો માં લોકપ્રિય ઉત્સવ બની ગયો હતો. આજે પણ ગણપતિ બાપ્પા મોરિયા એ જન જન માં આનંદ ઉત્સાહ ની લાગણીઓ પ્રેરે છે. ત્યારે ઉકચેડી એટલે બાફેલા મોદક પ્રસાદ બનાવવાની પરંપરા હતી પણ અત્યારે બાળકો ને "ચોકલેટ મોદક" યુવાનો ને ડ્રાય ફ્રુટ મોદક,બુઝુર્ગો ને મલાઈદાર કાણીવાળા માવેદાર પોચા મોદક ના ટેસ્ટ જીભે ચડ્યા છે. કદાચ બાપ્પા ની દૃષ્ટિ મોદક પર પડતી હશે તો એ પણ મોદક પ્રસાદ થી ખુશ થઈ જતા હશે.



- રુપાલી દવે

### રેસિપી ઓ :

#### ૧ બેસન મોદક :

વાટકો બેસન,રવો,એક ચમચી જાયફળ અને એલચી પાવડર,ટોપરું છીણ,ખોયા દોઢ કપ,સ્વાદ મુજબ દળેલી ખાંડ,કાજુ,બદામ,કિશમિશ, ગેસ પર ઝાડા તળિયા ની કડાઈ મૂકી ને એમાં એક ચમચો ઘી ગરમ કરો.ઘી ગરમ થાય એ ભેગા એમાં દોઢ કપ ખોયા ઉમેરી ને તવેથા વડે સહેજ શેકો.માવો શેકાઈ જાય એ ભેગા કડાઈ ગેસ પર થી ઉતારી ને એની અંદર જાયફળ અને એલચી નો ભુક્કો,કાજુ બદામ ના બારિક કટકા, છીણેલું નાળિયેર નો ભૂકો,ખસ ખસ,કિશમિશ નાખી ને બધું મિશ્રણ એક સરખું કરો. મિશ્રણ ઠંડું થાય એ બાદ એમાં બુરું ખાંડ પાવડર સ્વાદ અનુસાર ઉમેરી ને સરસ રીતે ભેળવી ને કડાઈ ને ઢાંકી દ્યો.

જાડા તળિયા વાળી કડાઈ ને ગેસ પર મૂકી ને એમાં ઘી ગરમ કરો. ગરમ ઘી માં ચણા નો લોટ અને રવો ઉમેરી ને એને આઠ થી દસ મિનિટ સુધી સતત તાવેથા થી હલાવતા રહો. બેસન તળિયે બેસી ન જાય એ માટે ગેસ ની આંચ ધીમી રાખજો. એકદમ કડાઈ ની અંદર નો લોટ સોનેરી થવા લાગે અને સુગંધ આવવા લાગે ત્યારે ગેસ બંધ કરી ને નીચે ઉતારી ને ઠંડુ થવા રાખો.થોડો ઘણો લોટ હૂંફાળો થાય ત્યારે એની અંદર સ્વાદ અનુસાર ખાંડ બૂરું,એલચી પાવડર ઉમેરી ને મિક્સ કરો. એક દમ લોટ ઠંડો થઈ જાય એ બાદ મોદક મોલ્ડ ની અંદર પ્રથમ ચણાના લોટ ની અંદર ખોયા નું પુરણ ભરીને એને સુંદર મોદક આકાર આપી ને બારીક સમારેલ ગુલાબ ની પાંદડી થી સજાવો.

#### ચોકલેટ મોદક :

ડાર્ક ચોકલેટ અથવા બાળકો ની મનપસંદ બારીક સમારેલ ચોકલેટ એક કપ,કોપરા નું છીણ,એલચી પાવડર, કન્ડેન્સ મિલ્ક એક કપ,બૂરું ખાંડ સ્વાદ અનુસાર. એક બાઉલ માં કન્ડેન્સ મિલ્ક અને કોપરા ના છીણ ની અંદર એલચી પાવડર ઉમેરી ને મોટા માથા ના ચમચા થી ચાર પાંચ મિનિટ હલાવી ને ફ્રીઝ માં દસ મિનિટ સુધી સેટ થવા મૂકી દ્યો.દસ મિનિટ બાદ મિશ્રણ ના નાના નાના ગોળા બનાવી નાખો. નાના નાના ગોળા ને મોદક મોલ્ડ માં મૂકી ને મોદક નો આકાર આપ્યા બાદ બોયલ કરેલ ડાર્ક ચોકલેટ ના લિક્વિડ માં બોળી ને ઘી ગ્રીઝ કરેલ ટ્રે માં ગોઠવી ને એને સુંદર રીતે રંગ બેરંગી ગળી વરિયાળી છાંટી ને ફ્રીઝ માં સેટ કરવા મૂકી દ્યો. ગણપતિ બાપ્પા મોરિયા.

સ્વતંત્ર સેનાની બાળ ગંગાધર રાવ ટિળક ના માર્ગદર્શન હેઠળ એ સમય એ સમગ્ર ભારતે ગણપતિ બાપ્પા મોર્યા ના ગગન ચુંબિ નારા લગાવ્યા હતા.આ એકતા અને અખંડતા ના નારા ની ગુંજ અંગ્રજો ના કાન માં પડતા જ એ સમજી ગયા હતા કે અદૃશ્ય તાકાત સામે ઝૂકશું નહી તો સાવ ઝૂકી જઈશું.

# રાધિકા અંબાણીની ગણેશ વંદનાએ સૌના દિલ જીત્યા

## હાથથી વણેલા કાંજીવરમ ડ્રેસમાં ખાસ ભરતનાટ્યમ પરફોર્મન્સ; સલમાન, આલિયા સહિતનાં સેલેબ્સ પહોંચ્યા

(એજન્સી) મુંબઈ | તા.15

અંબાણી પરિવાર કોઈપણ તહેવારને ખૂબ જ ધામધૂમથી ઉજવે છે. તેમાં પણ દર વર્ષે ગણપતિ ઉત્સવમાં એન્ટિલિયાને સુંદર રીતે સજાવવામાં આવે છે. આ વર્ષે પણ અંબાણી પરિવારના ઘરે 'એન્ટિલિયા ચા રાજા'નું આગમન થઈ ગયું છે. પરિવારે ધામધૂમથી બાપ્પાનું સ્વાગત કર્યું હતું. આ દરમિયાન સલમાન ખાન સહિતના બોલિવૂડ સેલેબ્સ બાપ્પાના દર્શન કરવા પહોંચ્યા હતા. આ દરમિયાન ઘરની નાની વહુ રાધિકા મર્ચન્ટના ખાસ પરફોર્મન્સે સૌનું ધ્યાન આકર્ષિત કર્યું. રાધિક અનંત અંબાણી માત્ર બિઝનેસવુમન જ નહીં પરંતુ પ્રશિક્ષિત ભરતનાટ્યમ ડાન્સર છે. ત્યારે આ ગણેશ ચતુર્થીના અવસરે રાધિકાએ ખાસ ગણપતિ વંદના કરી હતી. ખાસ પ્રસંગે રાધિકાએ ડિઝાઈનર મનીષ મલ્હોત્રાનો કસ્ટમ ક્રિએશન આઉટફિટ પહેર્યો હતો. આ આઉટફિટ સંપૂર્ણપણે હાથથી વણેલા કાંજીવરમ સિલ્કથી તૈયાર કરવામાં આવ્યો હતો.

આ એથનિક આઉટફિટમાં ઘેરા જ્વેલ પિંક રંગના કાપડ પર ગોલ્ડ જરીનું કામ કરવામાં આવ્યું હતું. આઉટફિટમાં એન્ટિક ગોલ્ડ મારોડી એમ્બ્રોઈડરી અને જરદોષીનું ઝિણવટભર્યું કામ કરવામાં આવ્યું હતું. રાધિકાએ કાંજીવરમ સાડીને બદલે પરફોર્મન્સને ધ્યાનમાં રાખીને ખાસ આઉટફિટ તૈયાર કરાવ્યો હતો. મનીષ મલ્હોત્રાએ તેને પ્રી-સ્ટિચ્ડ સ્કર્ટ સિલ્વેટમાં બનાવ્યું હતું, જેથી ડાન્સ મુવમેન્ટ દરમિયાન તેને સહજતા રહે.

આ પ્રસંગે બોલિવૂડની ઘણી હસ્તીઓ મુકેશ અંબાણીના ઘરે પહોંચી. સલમાન ખાન, કેટરીના કૈફ-વિક્કી કૌશલ, કિયારા અડવાણી-સિદ્ધાર્થ મલ્હોત્રા અને ઘણા સિતારાઓ ઉજવણીમાં સામેલ થયા. મૂર્તિના સ્વાગત દરમિયાન એન્ટિલિયા ગલગોટાના ફૂલો, ભવ્ય લાઈટિંગ અને તહેવારોની સજાવટથી ઝગમગી ઉઠ્યું. સામે આવેલા વીડિયો અને તસવીરોમાં ઘરની અંદર અને બહાર થઈ રહેલા ઉત્સવની ઝલક જોવા મળી.

આ પ્રસંગે નીતા અંબાણી, રાધિકા મર્ચન્ટ, અનંત અંબાણી અને મુકેશ અંબાણી ગણપતિ બાપ્પાનું સ્વાગત કરતા જોવા મળ્યા.



















# હનુમાન અંશે 38મા દિવસે 22 કરોડ કમાવ્યા

## કુલ કલેક્શન 268 કરોડ, મિર્ઝાપુર-હૈવાન કરતાં વધુ કમાણી; હવે મેકર્સ તુલસીદાસ પર ફિલ્મ 'રામ બોલા' બનાવશે

(એજન્સી) મુંબઈ | તા.15

નીમ કરોલી બાબા પર બનેલી 'હનુમાન અંશ'એ રિલીઝના 38મા દિવસે 22.50 કરોડનું નેટ કલેક્શન કર્યું. બીજી તરફ, રિલીઝના 10મા દિવસે 'મિર્ઝાપુર ધ મૂવી'એ 13.25 કરોડ કમાવ્યા. અક્ષય કુમાર અને સૈફ અલી ખાનની 'હૈવાન' પણ ત્રણ દિવસમાં નબળી સાબિત થઈ. ફિલ્મે પહેલા વીકએન્ડમાં 7.35 કરોડનો નેટ બિઝનેસ કર્યો છે.

સિનેમાઘરોમાં આ સમયે 'હનુમાન અંશ'ની સૌથી વધુ ચર્ચા છે. દર્શકોની ભીડને જોતા ફિલ્મના શોઝ વધારીને 8,902 કરી દેવામાં આવ્યા છે. દોઢ અઠવાડિયા જૂની 'મિર્ઝાપુર ધ મૂવી'ના શોઝ ઘટીને 7,225 રહી ગયા છે. 'હૈવાન'ને હવે 4,374 શોઝ જ મળ્યા છે.

ફિલ્મ 'હનુમાન અંશ'ની સફળતા પછી તેના ડિરેક્ટર વિશાલ ચતુર્વેદીએ પોતાની આગામી ફિલ્મ 'રામ બોલા'ની જાહેરાત કરી છે. મહાવીર જૈન ફિલ્મ્સ અને લેખક-નિર્દેશક વિશાલ ચતુર્વેદીની આ ફિલ્મ મહાકવિ ગોસ્વામી તુલસીદાસના જીવન પર આધારિત હશે. આમાં તુલસીદાસના જીવન, આધ્યાત્મિક યાત્રા અને તેમની સાથે જોડાયેલા અજાણ્યા પાસાઓને મોટા પડદા પર બતાવવાનો પ્રયાસ કરવામાં આવશે.




માત્ર 2 કરોડ રૂપિયાના ખર્ચે બનેલી 'હનુમાન અંશ' રિલીઝ સમયે 10-20 લાખ રૂપિયા જ કમાઈ રહી હતી. એટલું જ નહીં, આઠમા દિવસે ફિલ્મને ફ્લોપ પણ જાહેર કરવામાં આવી હતી. આ જ સમયે આવરાપન 2 અને બંટવારા 1947 રિલીઝ થતાં તેને સિનેમાઘરોમાંથી ઉતારવામાં આવી રહી હતી. આગળ ટોક્સિક રિલીઝ થતાં ફિલ્મની ગણી-ચૂની સ્ક્રીન્સ જ બચી હતી, પરંતુ 21મા દિવસથી ત્રણેય ફિલ્મોની સરખામણીમાં આ ફિલ્મ શાનદાર કમાણી કરવા લાગી. ફિલ્મ હવે વિદેશોમાં પણ રિલીઝ થઈ ચૂકી છે. ફિલ્મે ભારતમાં કુલ 214.63 કરોડ કમાયા છે. જ્યારે, તેનું વર્લ્ડવાઈડ ગ્રોસ કલેક્શન 268.05 કરોડ થઈ ગયું છે.

### 'મિર્ઝાપુર ધ મૂવી'નું વર્લ્ડવાઈડ કલેક્શન

ફિલ્મ મિર્ઝાપુર એ ભારતમાં અત્યાર સુધીમાં 220.04 કરોડનું કુલ ગ્રોસ કલેક્શન કર્યું છે. તેનું નેટ કલેક્શન 184.70 કરોડ પહોંચી ગયું છે. ફિલ્મનું પ્રોડક્શન બજેટ 80-90 કરોડ જણાવવામાં આવી રહ્યું છે. આ હિસાબે ફિલ્મ ફાયદામાં છે. જોકે, કેટલાક રિપોર્ટ્સમાં પ્રમોશન અને અન્ય ખર્ચાઓ સાથે બજેટ 250 કરોડ જણાવવામાં આવ્યું છે.

શુક્રવાર- 'હનુમાન અંશ' એ 10.50 કરોડની નેટ કમાણી કરી. 'મિર્ઝાપુર ધ મૂવી' એ 9.50 કરોડ કમાયા.

શનિવાર- 'હનુમાન અંશ'નું નેટ કલેક્શન 18.50 કરોડ રહ્યું. 'મિર્ઝાપુર ધ મૂવી' એ 13.50 કરોડ કમાયા.

રવિવાર- 'હનુમાન અંશ' એ 22.50 કરોડની નેટ કમાણી કરી. 'મિર્ઝાપુર ધ મૂવી' નું નેટ કલેક્શન 13.25 કરોડ રહ્યું.

આ બંને ફિલ્મો વચ્ચે રિલીઝ થયેલી 'હૈવાન' ત્રણ દિવસમાં જ ડિઝાસ્ટર સાબિત થઈ ચૂકી છે. પ્રિયદર્શનના નિર્દેશનમાં બનેલી આ ફિલ્મે રવિવારે 1.85 કરોડની નેટ કમાણી કરી. શનિવારે ફિલ્મે 2.50 કરોડ અને શુક્રવારે પહેલા દિવસે 3.00 કરોડ કમાયા હતા. વીકએન્ડ પછી પણ તેની કમાણી ઘટી ગઈ છે. અક્ષય કુમાર અને સૈફ અલી ખાનની આ ફિલ્મ માટે આગળની કમાણી વધારવી મુશ્કેલ લાગી રહી છે. લગભગ 130 કરોડના બજેટમાં બનેલી 'હૈવાન'એ પહેલા વીકએન્ડમાં 8.80 કરોડનું ગ્રોસ કલેક્શન કર્યું.

# લાલબાગચા રાજાના દરબારમાં પહોંચ્યા વિદ્યુત જામવાલ

## આરતી સાથે શંખ અને ડમરુ વગાડીને બાપ્પાના આશીર્વાદ લીધા

(એજન્સી) મુંબઈ | તા.15

બોલિવૂડ એક્ટર વિદ્યુત જામવાલ ગણેશોત્સવના અવસરે મુંબઈના પ્રસિદ્ધ લાલબાગચા રાજાના દરબારમાં બાપ્પાના દર્શન કરવા પહોંચ્યા. સોમવારે ગણેશ ચતુર્થીના અવસરે તેમણે બાપ્પાના દર્શન કર્યા. દર્શન દરમિયાન વિદ્યુતે આરતી કરવાની સાથે શંખ અને ડમરુ પણ વગાડ્યું. આ દરમિયાન તેઓ પરંપરાગત સફેદ પોશાકમાં જોવા મળ્યા.

લાલબાગચા રાજાનું આ વર્ષ 2026માં 93મું વર્ષ છે. આ વખતે બાપ્પાનો દરબાર મહાદેવ-થીમવાળા મંદિરના રૂપમાં શણગારવામાં આવ્યો છે. જોકે આ પહેલી વાર નથી જ્યારે વિદ્યુત જામવાલે શંખ વગાડ્યો છે. જૂન 2026માં એક યોગ કાર્યક્રમ દરમિયાન પણ વિદ્યુતે શંખનાદ કર્યો હતો.



તો, વર્ષ 2025ની શરૂઆતમાં વિદ્યુતે શંખ વગાડતો પોતાનો એક વીડિયો શેર કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે શંખ વગાડવાથી શરીર અને મન, બંને પર સકારાત્મક અસર પડે છે. તેમણે વીડિયોના કેપ્શનમાં લખ્યું હતું, "આ નવા વર્ષમાં જે કોઈ આ શંખનો અવાજ સાંભળે, તેની તરંગો તેના અંદરની શ્રેષ્ઠ વસ્તુઓને બહાર લાવે. આ અવાજ તે વ્યક્તિ સાથે શેર કરો, જે તમારા મતે વધુ સારું કરવાની ક્ષમતા ધરાવે છે."

વિદ્યુતે 2024ના 'એક્શન હીરો ફિટનેસ એવોર્ડ્સ' દરમિયાન સ્ટેજ પર પણ શંખ વગાડવાની આ પ્રેક્ટિસ બતાવી હતી. તેમણે કહ્યું હતું, "આ 99.99 ટકા સમસ્યાઓને દૂર કરી શકે છે." તેમણે આગળ જણાવ્યું હતું કે શંખ વગાડવાનું શીખવું તેમની ફિટનેસ જર્નીનો એક મહત્વપૂર્ણ ભાગ રહ્યો છે.

ગણેશોત્સવ 2026માં બોલિવૂડ અને ટીવી સ્ટાર્સે પૂરા ઉત્સાહ સાથે ગણપતિ બાપ્પાનું સ્વાગત કર્યું. ગણેશ ચતુર્થીના એક દિવસ પહેલા સુનીતા આહુજા બાપ્પાને ઘરે લઈ આવી.

શિલ્પા શેટ્ટી, હંસિકા મોટવાણી, ધનશ્રી વર્મા, ડેઝી શાહ અને દીપશિખા નાગપાલ સહિત અનેક સિતારાઓએ ઘરમાં ગણપતિની સ્થાપના કરી.અમિતાભ બચ્ચન દર રવિવારની જેમ જલસાની બહાર ચાહકોને મળવા પહોંચ્યા. આ દરમિયાન તેમણે 'ગણપતિ બાપ્પા મોરિયા' લખેલો ખેસ પહેર્યો હતો.

અંબાણી પરિવારે પણ ભવ્ય રીતે બાપ્પાનું સ્વાગત કર્યું. રાધિકા મર્ચન્ટ ભાણેજને ખોળામાં લઈને દર્શન કરવા પહોંચ્યા. અનંત અંબાણી પણ તેમની સાથે હાજર રહ્યા.

# 'તને કોઈ સ્વીપરની નોકરીએ પણ નહીં રાખે' : કંગના રનૌત

(એજન્સી) મુંબઈ | તા.15



અભિનેત્રી અને સાંસદ કંગના રનૌત, રાખી સાવંતના નિવેદન પર ભડકી ઉઠી છે. રાખીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર એક વાંધાજનક ટિપ્પણી કરી હતી, જેના પર કંગનાએ તેમને ઠપકો આપતા કહ્યું છે કે આવા નિવેદનો આપનારાઓને કોઈ સફાઈ કામદારની નોકરી પણ નહીં આપે.

કંગના રનૌતે પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી લખ્યું છે કે, "માત્ર આ (રાખી) જ નહીં, પરંતુ મોટાભાગના નિષ્ફળ અને ઈર્ષાળુ લોકો કોઈ સફળ મહિલાના ચારિત્ર્ય પર કાદવ ઉછાળીને પોતાની ઈર્ષ્યા, અદેખાઈ, નિષ્ફળતા અને હલકી વિચારસરણીને યોગ્ય ઠેરવવાનો પ્રયાસ કરે છે. પરંતુ હવે બહુ થયું. આવી વારંવાર અને જાણી જોઈને કરવામાં આવતી ચારિત્ર્ય હત્યા અને જાહેરમાં બદનામ કરવાના પ્રયાસોને સહન કરવાનું બંધ કરવું પડશે. પોતાને કારણ વગર અપમાનિત અને દુઃખી અનુભવવાનું બંધ કરો અને દરેક વાત પર સ્પષ્ટતા આપવાનું પણ બંધ કરો.'

આગળ કંગનાએ લખ્યું, 'સફળતા માટે ભલે તું તારું બધું જ દાવ પર લગાડી દે, પણ સાચી મજાની વાત તો એ છે કે કોઈને તારી પાસેથી કંઈ જોઈતું જ નથી.

# 'જુમ્મા ચુમ્મા' ગીતના શૂટિંગનો અજાણ્યો કિસ્સો: પાણીના પ્રેશરથી 20 ફૂટ દૂર પટકાઈ હતી અભિનેત્રી

(એજન્સી) મુંબઈ | તા.15

શૂટિંગ દરમિયાન પડદા પાછળ ઘણીવાર કેટલાક એવા કિસ્સા બનતા હોય છે જે કાયમ માટે યાદ રહી જાય છે. કેટલીકવાર આ કિસ્સાઓ રમૂજી હોય છે તો કેટલીકવાર ખુબ જ ગંભીર. આજે અમે તમને આવા જ એક ન ભૂલી શકાય તેવા કિસ્સા વિશે જણાવવા જઈ રહ્યા છીએ.

અમિતાભ બચ્ચન સ્ટારર ફિલ્મ 'હમ'ના ગીત 'જુમ્મા ચુમ્મા દે દે'નું શૂટિંગ ચાલી રહ્યું હતું. દાયકાઓ પછી પણ આ ગીતની ગણતરી બોલિવૂડના ક્લાસિક ગીતોમાં થાય છે, જેને ચિન્ની પ્રકાશે કોરિયોગ્રાફ કર્યું હતું.

કોરિયોગ્રાફરે તાજેતરમાં એક ઈન્ટરવ્યુ દરમિયાન ડાન્સ શીખવવામાં પડેલી મુશ્કેલીને યાદ કરી હતી અને જણાવ્યું હતું કે, કેવી રીતે એક સીન દરમિયાન કિમી કાટકર ઘાયલ થઈ ગઈ હતી. ચિન્ની પ્રકાશે મુંબઈની મુકેશ મિલ્સમાં 15 દિવસ સુધી ચાલેલા એ શૂટિંગને યાદ કર્યું અને પ્રોડક્શનના સ્કેલ, અમિતાભ બચ્ચનના દ્રઢ સંકલ્પ અને ગીતના શૂટિંગમાં આવેલા જોખમો વિશે વાત કરી હતી.

'જુમ્મા ચુમ્મા દે દે'ના સૌથી યાદગાર સીનમાંથી એકમાં અમિતાભ બચ્ચન કિમી કાટકરની સ્કર્ટ ખેંચે છે અને પછી તેમના પર પાણી છાંટે છે. સ્ક્રીન પર જે ક્ષણ ખૂબ જ મસ્તી-મજાકવાળી દેખાઈ રહી હતી, તે શૂટિંગ દરમિયાન એક ગંભીર પડકાર બની ગઈ હતી.

ચિન્ની પ્રકાશે ખુલાસો કર્યો કે પાણીના પ્રવાહ માટે વાપરવામાં આવી રહેલું સાધન ખૂબ જ શક્તિશાળી હતું.

ચિન્નીએ કહ્યું કે, 'તે અસલી નોઝલ નહોતી. તે તો ફાયર એન્જિનની નોઝલ હતી. મને એ પણ ખબર નહોતી કે તેનાથી આટલું દબાણ ઊભું થશે, કારણ કે 15-20 છોકરાઓ, અમિત જી અને તમામ જૂનિયર આર્ટિસ્ટ તેને પકડીને ઊભા હતા. બીજી તરફ માત્ર કિમી હતી. જ્યારે અમે પહેલીવાર આ સીન કર્યો, તો તે સાચે જ તે ટેબલ પરથી 20 ફૂટ નીચે પડી ગઈ. તેને ઈજા થઈ હતી અને તે રોવા લાગી હતી. શૂટિંગ અટકાવવું પડ્યું હતું. પરંતુ તે છોકરીએ હાર ન માની. તે એ શક્તિ સામે લડતી રહી.'

'જુમ્મા ચુમ્મા દે દે' આખરે અમિતાભ બચ્ચન સાથે જોડાયેલા સૌથી યાદગાર ગીતોમાંથી એક બની ગયું.

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

# એશિયન ગેમ્સમાં ભારતીય હોકી ટીમનો ભવ્ય પ્રવેશ થયો

● ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે મેદાનમાં ઉતરશે ભારત



(એજન્સી) નવી દિલ્હી । તા. 15

વૈશ્વિક સ્તરે રમાનાર આગામી મહાસંગ્રામ અર્થાત એશિયન ગેમ્સના રોમાંચક મુકાબલા પહેલા ભારતીય હોકી પ્રેમીઓ માટે એક અત્યંત ઉત્સાહવર્ધક અને ગર્વ લેવા જેવી ખબર સામે આવી છે, જેમાં ભારતીય પુરૂષ હોકી ટીમને જાપાન અને દક્ષિણ કોરિયા જેવા મજબૂત દેશોની સાથે સત્તાવાર રીતે પૂલ એ માં સ્થાન આપવામાં આવ્યું છે. આ આગામી બાર ટીમોની પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે મેદાનમાં ઉતરી રહેલી ભારતની આ હોકી ટીમ પોતાની શ્રેષ્ઠ રમત અને શિસ્તબદ્ધ પ્રદર્શન દ્વારા ફરી એકવાર સોનેરી ઈતિહાસ રચવા માટે પૂરી રીતે સજ્જ થઈ ચૂકી છે.

આ મહત્વપૂર્ણ સ્પર્ધાના આયોજન માટે તમામ તૈયારીઓ જોરમાં ચાલી રહી છે અને તાજેતરમાં જ બહાર પાડવામાં આવેલા ડ્રો અનુસાર ભારતીય ટીમને ખૂબ જ સંતુલિત જૂથમાં રાખવામાં આવી છે, જેનાથી ટીમની આગળ વધવાની શક્યતાઓ વધુ પ્રબળ બની છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વર્તમાન સમયમાં એશિયાભરમાં સર્વોચ્ચ રેન્કિંગ ધરાવતી ભારતીય હોકી ટીમને પૂલ એ માં મૂકવામાં આવી છે, જ્યાં તેની સાથે જાપાન અને દક્ષિણ કોરિયા ઉપરાંત બાંગ્લાદેશ, શ્રીલંકા અને ઈન્ડોનેશિયા જેવા દેશો પણ સમાન જૂથમાં લડત આપતા નજરે પડશે. આ મહાસંગ્રામ માત્ર એશિયન ગેમ્સના ખિતાબ પૂરતો સીમિત નથી, પરંતુ તે આગામી ઓલિમ્પિક રમત માટે સીધો ક્વોલિફાયર પણ સાબિત થવાનો છે, જેના કારણે દરેક મેચ અત્યંત રોમાંચક અને નિર્ણાયક બનશે.

# ચેસ ઓલિમ્પિયાડમાં ભારતનો દબદબો દેખાશે

## સમરકંદમાં ચેસ ઓલિમ્પિયાડ શરૂ, ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે મેદાનમાં ભારત

(એજન્સી) સમરકંદ । તા. 15



વિશ્વભરના રમતપ્રેમીઓની નજર અત્યારે ઉઝબેકિસ્તાનના ઐતિહાસિક શહેરમાં શરૂ થઈ રહેલા મહાસંગ્રામ પર કેન્દ્રિત થઈ છે, જ્યાં આજથી એટલે કે પંદરમી સપ્ટેમ્બરથી છતાલીસમું ફિડે ચેસ ઓલિમ્પિયાડ ૨૦૨૬નો શાનદાર પ્રારંભ થયો છે. સિલ્ક રોડ ઈન્ટરનેશનલ એક્ઝિબિશન સેન્ટર ખાતે યોજાઈ રહેલી આ વૈશ્વિક સ્પર્ધામાં દુનિયાભરના દિગ્ગજ ખેલાડીઓ પોતાની બુદ્ધિપ્રતિભાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવા માટે એકાંતરે મેદાનમાં ઉતરી રહ્યા છે. અગાઉના બુડાપેસ્ટ સત્રમાં ભારતની ટીમે ઓપન અને મહિલા બંને વર્ગમાં શાનદાર વિજય મેળવીને ઈતિહાસ રચ્યો હતો અને આ વખતે પણ ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે દેશની ટીમ ખિતાબ બચાવવા માટે પૂરી તાકાત સાથે મેદાનમાં સજ્જ છે.

આ અદભુત રમતગમત મહાસંઘમાં ભાગ લેવા માટે દુનિયાભરના દેશોમાંથી મોટી સંખ્યામાં ટીમો ઉઝબેકિસ્તાનની ધરતી પર પહોંચી ચૂકી છે, જેના કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. ઉપલબ્ધ વિગતો અનુસાર, આ વર્તમાન સત્રમાં કુલ બસો આઠ ટીમો ઓપન વિભાગમાં અને એકાણું ટીમો મહિલા વિભાગમાં ભાગ લઈ રહી છે, જેઓ આગામી તારીખ સત્તાવીસ સુધી ચાલનારી આ સ્પર્ધામાં અગિયાર રાઉન્ડની સ્વિસ પદ્ધતિથી રોમાંચક મુકાબલા રમશે. અમેરિકા આ સ્પર્ધામાં ઓપન વિભાગમાં સૌથી ઉપરના ક્રમે છે, જ્યારે ભારતીય મહિલા ખેલાડીઓ કોનેરૂ હંપીના નેતૃત્વ હેઠળ ટોચના ક્રમાંક પર બિરાજમાન થઈને ટ્રોફી જીતવા માટે પ્રબળ દાવેદાર બની રહી છે. બુદ્ધિની આ વૈશ્વિક રમતના ઈતિહાસ પર નજર કરીએ તો ઓલિમ્પિયાડ હંમેશાંથી ખેલાડીઓની માનસિક ક્ષમતા અને એકાગ્રતાની કસોટી કરતું આવ્યું છે, જેમાં વર્ષોથી વિવિધ દેશો વચ્ચે કાંટાની ટક્કર જોવા મળતી હોય છે. અગાઉના વર્ષોમાં થયેલી સ્પર્ધાઓની યાદી તપાસીએ તો અનેક મહાન ખેલાડીઓએ પોતાના દેશ માટે ગૌરવ પ્રાપ્ત કર્યું છે, અને આ પરંપરાને જાળવી રાખવા માટે આ વર્ષે પણ તમામ યુવા અને અનુભવી ખેલાડીઓ કમર કસીને તૈયાર થયા છે.

# રમેશ પાથિરાગેને એશિયન ગેમ્સ પહેલા મોટો ઝટકો લાગ્યો છે

(એજન્સી) કોલંબો । તા. 15



આગામી સમયમાં યોજનારી મહત્ત્વપૂર્ણ એશિયન ગેમ્સની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે ત્યારે શ્રીલંકાના સ્ટાર ભાલા ફેંક ખેલાડી રમેશ પાથિરાગે સામે એક ગંભીર અને અણધારી મુશ્કેલી ઊભી થઈ છે. હંગેરીના બુડાપેસ્ટ ખાતે યોજાયેલી વર્લ્ડ એથ્લેટિક્સ અલ્ટીમેટ ચેમ્પિયનશિપમાં શાનદાર વિજય મેળવીને પોતાના વતન કોલંબો પરત ફરી રહેલા આ યુવા ખેલાડીના મુખ્ય ભાલા હવાઈ મુસાફરી દરમિયાન ગંભીર રીતે ક્ષતિગ્રસ્ત થઈ ગયા છે, જેના કારણે તેની રમતગમતની સફર પર થોડા સમય માટે અનિશ્ચિતતાના વાદળો ઘેરાયા છે. આ અકસ્માત બાદ ખેલ જગતમાં ભારે ચર્ચા જાગી છે અને રમતપ્રેમીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

ખેલાડી દ્વારા ઉપયોગમાં લેવાતા તમામ મહત્ત્વપૂર્ણ ભાલા રસ્તામાં નષ્ટ થઈ ગયા છે, છતાં આત્મવિશ્વાસથી ભરપૂર આ ખેલાડીએ આ બાબતને બહુ મોટો મુદ્દો ન બનાવતા આગળ વધવાની વાત કરી છે. પ્રાપ્ત માહિતી મુજબ, આ યુવા ખેલાડીએ અત્યાર સુધીમાં પોતાની શાનદાર રમતથી દુનિયાભરમાં ડંકો વગાડ્યો છે અને આ વર્ષે અનેક વખત નેવું મીટરથી વધુ અંતર સુધી ભાલા ફેંકીને નિકટના પ્રતિસ્પર્ધકોને પાછળ છોડી દીધા છે. વિદેશી ધરતી પર મળેલી મોટી સફળતાઓ બાદ વતન પરત ફરતી વખતે થયેલી આ દુર્ઘટના છતાં તેનું મનોબળ અત્યંત મજબૂત જોવા મળી રહ્યું છે, જે તેની જીતની ઝંખનાને સ્પષ્ટપણે દર્શાવે છે.

આંતરરાષ્ટ્રીય એથ્લેટિક્સ જગતમાં રમેશ પાથિરાગેની સફર અત્યંત પ્રેરણાદાયક રહી છે અને તેણે ટૂંકા સમયમાં અનેક મોટા મુકાબલાઓમાં સોનાના ચંદ્રકો જીતીને ઈતિહાસ રચ્યો છે. અગાઉ જુલાઈ મહિનામાં ગ્લાસગો ખાતે યોજાયેલા કોમનવેલ્થ ગેમ્સમાં પણ તેણે શાનદાર પ્રદર્શન કરીને વિરોધી ખેલાડીઓને હરાવ્યા હતા અને તાજેતરમાં બ્રસેલ્સ ખાતે યોજાયેલી ડાયમંડ લીગ ફાઈનલની ટ્રોફી પણ પોતાના નામે કરી હતી. એશિયન ગેમ્સના મંચ પર ઉતરવા માટે તે અત્યારે સૌથી મજબૂત દાવેદાર માનવામાં આવી રહ્યો છે, કારણ કે અન્ય દિગ્ગજ ખેલાડીઓ હાલમાં ઈજા કે ફોર્મની સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે, જેના કારણે આ ખેલાડીની જીતની શક્યતાઓ ખૂબ જ પ્રબળ બની ગઈ છે. સાધન સામગ્રીના નુકસાન જેવી નાની-મોટી અડચણોને બાજુ પર મૂકીને આ ખેલાડીનું સંપૂર્ણ ધ્યાન માત્ર આગામી એશિયન ગેમ્સમાં દેશ માટે સોનેરી સફળતા મેળવવા પર જ કેન્દ્રિત થયેલું છે.

# એશિયન ગેમ્સમાં ગોલ્ડ માટે એન્સી સોજનની ઐતિહાસિક કૂદ



(એજન્સી) ભુવનેશ્વર । તા. 15

વર્ષ ૨૦૨૬ની મહત્ત્વપૂર્ણ એશિયન ગેમ્સ પહેલા ભારતીય એથ્લેટિક્સ ક્ષેત્રે એક અત્યંત ગર્વભેર ક્ષણ સામે આવી છે, જ્યાં દેશની હોનહાર લાંબી કૂદની ખેલાડી એન્સી સોજને પોતાની અદ્ભુત મહેનત અને લગનથી રમતગમત જગતમાં એક નવો જ ઈતિહાસ રચવા માટે તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ખેલાડીએ પોતાની કારકિર્દીને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે માત્ર સખત પરિશ્રમ જ કર્યો નથી, પરંતુ વર્ષો જૂના તમામ રાષ્ટ્રીય રેકોર્ડને તોડીને સમગ્ર એશિયામાં પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન પણ નોંધાવ્યું છે, જેના કારણે આજે આખી દુનિયાની નજર આ યુવા ખેલાડીના આગામી પ્રદર્શન પર ટકેલી છે.

આ અદભુત સફળતા પાછળ ખેલાડીની વર્ષોની આકરી તાલીમ અને શારીરિક પરિવર્તનનો મોટો ફાળો રહેલો છે, જેણે તેને વૈશ્વિક સ્તરે આગવી ઓળખ અપાવી છે. મીડિયા અહેવાલ મુજબ, આ સિઝનની શરૂઆત પહેલા એન્સીએ પોતાના વજનમાં મોટો ઘટાડો કરીને પોતાની ફિટનેસને અત્યંત મજબૂત બનાવી હતી, જેણે મેદાન પર તેની સ્ફૂર્તિ અને પ્રદર્શનમાં ચાર ચાંદ લગાવી દીધા છે. ભુવનેશ્વરના કલિંગા સ્ટેડિયમ ખાતે યોજાયેલી ઈન્ટર-સ્ટેટ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ દરમિયાન તેણે શાનદાર પ્રદર્શન કરતા લાંબી કૂદમાં ૬.૮૮ મીટરનું અદ્ભુત અંતર કાપ્યું હતું અને દાયકાઓ જૂનો રેકોર્ડ ધ્વસ્ત કરી દીધો હતો. ભારતીય એથ્લેટિક્સના ઈતિહાસ પર નજર કરીએ તો વર્ષ ૨૦૦૪માં એથન્સ ઓલમ્પિક્સ દરમિયાન બનેલો રેકોર્ડ અત્યાર સુધી અકબંધ રહ્યો હતો, જેને તોડવો કોઈપણ ખેલાડી માટે એક મોટોડું પડકાર સમાન હતો. પરંતુ એન્સીએ પોતાની અનોખી શૈલી, આત્મવિશ્વાસ અને આક્રમક રમતથી આ અશક્ય જણાતા લક્ષ્યને પાર કરી બતાવ્યું છે. માત્ર રમત જ નહીં પરંતુ મેદાન પર તેની આકર્ષક કેશરચના, ખાસ પ્રકારના નખની ડિઝાઈન અને ઉત્સાહવર્ધક વસ્ત્રપરિધાન પણ દર્શકોમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બને છે, જે સાબિત કરે છે કે તે એક ઉત્કૃષ્ટ ખેલાડી હોવાની સાથેસાથે એક શાનદાર પ્રદર્શક પણ છે.

જાપાની શહેર નાગોયા ખાતે યોજાનારી આગામી એશિયન ગેમ્સના મંચ પર ઉતરવા માટે આ યુવા ખેલાડી સંપૂર્ણપણે સજ્જ છે અને તેનો એકમાત્ર હેતુ દેશ માટે ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસના પાનાઓમાં પોતાનું નામ અમર કરવાનો છે. આ અગાઉના પ્રદર્શનમાં તેણે એશિયાભરમાં સર્વોચ્ચ સ્કોર નોંધાવીને વિરોધી ખેલાડીઓ સામે સ્પષ્ટ સંકેત આપી દીધો છે કે તેનું આગામી લક્ષ્ય માત્ર મેડલ જીતવા પૂરતું મર્યાદિત નથી, પરંતુ રમતગમતની દુનિયામાં એક અનોખી મિસાલ કાયમ કરવાનો છે.

# નિશુ અને અંતીમ વચ્ચે કુસ્તી ટ્રાયલ્સમાં જંગ

(એજન્સી) નવી દિલ્હી । તા. 15



દેશની રાજધાની નવી દિલ્હી ખાતે આવેલા ઈન્દિરા ગાંધી સ્ટેડિયમમાં મંગળવારે કુસ્તી જગતની એક અત્યંત રોમાંચક અને મહત્ત્વપૂર્ણ રાષ્ટ્રીય પસંદગી ટ્રાયલનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અકલ્પનીય સંઘર્ષ બાદ ખેલાડીઓએ પોતાના શાનદાર પ્રદર્શનથી સૌનું ધ્યાન ખેંચ્યું હતું. આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં ત્રેપન કિલોગ્રામ વજન વર્ગની કેટેગરીમાં હોનહાર ખેલાડી નિશુએ શાનદાર વિજય મેળવીને ફાઈનલ મુકાબલામાં એશિયન ગેમ્સમાં ભાગ લેનાર ખેલાડી અંતીમ પંઘાલ સામે ટક્કર લેવા માટે પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે, જે આગામી સમયમાં યોજાનારી સિનિયર વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૬ માટે દેશનું પ્રતિનિધિત્વ કોણ કરશે તે નક્કી કરવા માટે અત્યંત નિર્ણાયક સાબિત થશે. આ પસંદગી ટ્રાયલ દરમિયાન દેશભરમાંથી આવેલા અગ્રણી મલ્લયોદ્ધાઓએ મેદાન પર પોતાની તાકાત અને દાવપેચનું અદ્ભુત પ્રદર્શન કર્યું હતું, જેના કારણે સમગ્ર પરિસરમાં રમતપ્રેમીઓનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, ત્રેપન કિલોગ્રામ વર્ગની અત્યંત રસાકસી ભરેલી સ્પર્ધામાં નિશુએ પોતાની પ્રતિભા અને સંયમનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા ફાઈનલ મેચમાં થિશકાને પરાજય આપીને વિજયી ટ્રોફી પોતાના નામે કરી હતી. રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાની પસંદગી નીતિ અનુસાર, સોમવારની આ ટ્રાયલના વિજેતા ખેલાડીઓને હવે આગામી સિનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે એશિયન ગેમ્સની ટિકિટ મેળવી ચૂકેલા ખેલાડીઓ સામે અંતિમ ટ્રાયલ રમવાનો વિશેષ અધિકાર મળ્યો છે, જે કઝાકિસ્તાનના અસ્તાના શહેરમાં આગામી ચોવીસ ઓક્ટોબરથી પહેલી નવેમ્બર દરમિયાન યોજાવાની છે.

# બ્રેન્ડન ટેલરે સચિન તેંડુલકરનો મોટો રેકોર્ડ તોડ્યો, હરારેમાં બ્રેન્ડન ટેલરની ઐતિહાસિક મેચ

(એજન્સી) ટોરોન્ટો । તા. 15



આંતરરાષ્ટ્રીય ક્રિકેટ જગતમાં મંગળવારનો દિવસ એક અત્યંત ઐતિહાસિક અને યાદગાર દિવસ સાબિત થયો છે, જ્યારે ઝિમ્બાબ્વેના અનુભવી ખેલાડી બ્રેન્ડન ટેલરે હરારે સ્પોર્ટ્સ ક્લબ ખાતે ઓસ્ટ્રેલિયા સામે રમાયેલી પહેલી એક દિવસીય મેચના મેદાન પર ઉતરીને મહાન ભારતીય બેટ્સમેન સચિન તેંડુલકરનો વર્ષો જૂનો રેકોર્ડ તોડી નાખ્યો છે. આ મહત્વપૂર્ણ મુકાબલામાં મેદાન પર પગ મૂકવાની સાથે જ આ વિકેટકીપર બેટ્સમેને પોતાની કારકિર્દીની બસો આઠમી એક દિવસીય મેચ રમીને ક્રિકેટ જગતમાં એક નવો જ કીર્તિમાન સ્થાપિત કર્યો છે, જેના કારણે દુનિયાભરના ખેલપ્રેમીઓ અને વિશેષજ્ઞો દ્વારા તેમની લાંબી અને પ્રેરણાદાયક સફરની ભારે પ્રશંસા કરવામાં આવી રહી છે.

આ અદભુત ઉપલબ્ધિ હાંસલ કરવા પાછળ ખેલાડીની બે દાયકા કરતાં વધુ લાંબી મહેનત અને ખેલ પ્રત્યેની અતૂટ નિષ્ઠા રહેલી છે, જેણે તેમને વૈશ્વિક સ્તરે એક અલગ જ ઓળખ અપાવી છે. મીડિયા અહેવાલ મુજબ, આજના આ મુકાબલા સાથે જ બ્રેન્ડન ટેલરની એક દિવસીય ક્રિકેટ કારકિર્દી બાવીસ વર્ષ અને ચાર મહિનાથી વધુ સમયની થઈ ચૂકી છે, જેણે સચિન તેંડુલકરના બાવીસ વર્ષ અને ત્રણ મહિનાના લાંબા સમયગાળાના રેકોર્ડ પાછળ છોડી દીધો છે. અત્રે ઉલ્લેખનીય છે કે સચિન તેંડુલકરે વર્ષ ૨૦૧૨માં પચાસ ઓવરના આ પ્રારૂપમાંથી નિવૃત્તિ લીધી હતી અને તેમણે પોતાની કારકિર્દી દરમિયાન ચાર સો ત્રેસઠ મેચોમાં અઢાર હજારથી વધુ રન બનાવીને સર્વોચ્ચ સ્થાન જાળવી રાખ્યું છે, જ્યારે બ્રેન્ડન ટેલરે પણ પોતાની શાનદાર બેટિંગ શૈલીથી હજારો રન બનાવ્યા છે.

આ ઐતિહાસિક સફરના ઈતિહાસ પર નજર કરીએ તો આ પ્રવાસ બિલકુલ સરળ નહોતો રહ્યો કારણ કે બ્રેન્ડન ટેલરે આજથી બાવીસ વર્ષ પહેલાં શ્રીલંકા સામે આ જ મેદાન પર પોતાની પહેલી મેચ રમીને કારકિર્દીની શરૂઆત કરી હતી. લાંબી રમત બાદ તેમણે વર્ષ ૨૦૨૧માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી વિદાય લીધી હતી, પરંતુ ઝિમ્બાબ્વે આગામી સમયમાં દક્ષિણ આફ્રિકા અને નામિબિયા સાથે મળીને આગામી વિશ્વ કપનું સહ-યજમાન બનવા જઈ રહ્યું છે તે વાતને ધ્યાનમાં રાખીને તેમણે વર્ષ ૨૦૨૫માં નિવૃત્તિ પાછી ખેંચીને ફરીથી મેદાન પર વાપસી કરવાનો નિર્ણય લીધો હતો. આ પુનરાગમન બાદ તેમણે પોતાની ફિટનેસ અને ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરીને આ સિદ્ધિ પોતાના નામે કરી છે, જે આગામી ટૂર્નામેન્ટ માટે તેમની ગંભીર તૈયારીઓ દર્શાવે છે.

આગામી સમયમાં યોજાનારી મોટી સ્પર્ધાઓ અને વિશ્વ કપની તૈયારીઓ વચ્ચે આ પ્રકારની સિદ્ધિ મેળવવી કોઈપણ ખેલાડી માટે ખૂબ જ પ્રોત્સાહક સાબિત થાય છે, અને આ જ કારણ છે ક ઝિમ્બાબ્વેની ટીમ પોતાના આ અનુભવી ખેલાડી પાસેથી મોટા પ્રદર્શનની આશા રાખી રહી છે.

# કાવહી લિયોનાર્ડની ટોરોન્ટોમાં વાપસી થઈ ગઈ

## રેપ્ટર્સ અને ક્લિપર્સ વચ્ચે ખેલાડીઓની મોટી આપ-લે

(એજન્સી) ટોરોન્ટો । તા. 15



બાસ્કેટબોલ જગતમાં અત્યાર સુધીની સૌથી મોટી અને ચર્ચાસ્પદ ખેલાડીઓની આપ-લે અંતે સોમવારે સત્તાવાર રીતે પૂર્ણ થઈ ગઈ છે, જ્યારે લાંબા સમયથી અટવાયેલી આ ડીલને લીગ તરફથી મંજૂરી મળી જતા ખેલાડી કાવહી લિયોનાર્ડની પોતાની જૂની ટીમ ટોરોન્ટો રેપ્ટર્સમાં ભવ્ય વાપસી થઈ ચૂકી છે. આ મહત્વપૂર્ણ સોદો અગાઉ અઢી મહિના પહેલા નક્કી કરવામાં આવ્યો હતો, પરંતુ સેલેરી કેપના નિયમોના ભંગ મામલે ચાલી રહેલી કડક તપાસ અને અદાલતી કાર્યવાહીના કારણે આ ટ્રેડ પર થોડા સમય માટે રોક લાગી ગઈ હતી, જેના કારણે રમતપ્રેમીઓમાં ભારે ઉત્સુકતા અને સસ્પેન્સ જોવા મળી રહ્યું હતું.

આ ડીલ અંતર્ગત કાવહી લિયોનાર્ડ ફરીથી ટોરોન્ટો રેપ્ટર્સ ટીમ સાથે જોડાઈ ગયા છે, જ્યારે બીજી બાજુ લોસ એન્જલસ ક્લિપર્સ ટીમને બ્રાન્ડન ઈંગ્રામ, ગ્રેડી ડિક, બે ફર્સ્ટ-રાઉન્ડ ડ્રાફ્ટ પિક્સ, બે સેકન્ડ-રાઉન્ડ પિક્સ અને એક પિક સ્વેપ મળ્યા છે. રેપ્ટર્સના જનરલ મેનેજર અને એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટે સત્તાવાર નિવેદનમાં ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ટીમમાં કાવહીની વાપસીથી સંસ્થા, શહેર અને દેશની જનતામાં એક નવો ઉત્સાહ જાગ્યો છે, કારણ કે તેમની સ્પર્ધાત્મક ભાવના અને વિજેતા માનસિકતા હંમેશાં યુવા ખેલાડીઓ માટે પ્રેરણારૂપ રહી છે.

કાવહી લિયોનાર્ડનો ઈતિહાસ આ ટીમ સાથે અત્યંત વિજયી રહ્યો છે, કારણ કે વર્ષ 2019માં તેમણે આ જ ટીમને તેમની પહેલી નેશનલ બાસ્કેટબોલ એસોસિએશનની ટ્રોફી જીતાડવામાં અત્યંત મહત્વપૂર્ણ અને નિર્ણાયક યોગદાન આપ્યું હતું. જો કે, આ ટ્રેડમાં અડચણ એટલા માટે આવી હતી કારણ કે લીગ દ્વારા ક્લિપર્સ ટીમ સામે એ બાબતની ગંભીર તપાસ શરૂ કરવામાં આવી હતી કે શું તેમણે લિયોનાર્ડના વળતર સંદર્ભે નિયમોનું ઉલ્લંઘન કર્યું છે કે નહીં. આ તપાસના અંતે લીગે ક્લિપર્સ પર ભારે દંડ ફટકાર્યો હતો અને માલિક પર પ્રતિબંધ મૂકવા સાથે ડ્રાફ્ટ પિક્સ જપ્ત કરવા જેવા કડક પગલાં પણ લીધા હતા. આ તમામ વિવાદો અને દંડની કાર્યવાહી વચ્ચે કાવહી લિયોનાર્ડે પોતાની રમત પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત રાખ્યું છે અને તેઓ અત્યાર સુધીની પોતાની સૌથી શાનદાર સ્કોરિંગ સીઝન પૂર્ણ કરીને મેદાન પર ઉતરી રહ્યા છે.

ભવિષ્ય // અગરકર અને બીસીસીઆઈ વચ્ચે કોલ્ડ વોર શરુ, ભવિષ્ય પર મોટો સસ્પેન્સ સર્જાયો

# અજીત અગરકરનું ટીમ ઈન્ડિયામાં ભવિષ્ય અધ્ધરતાલ બન્યું

(એજન્સી) મુંબઈ । તા. 15



ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના મુખ્ય પસંદગીકાર અજીત અગરકરનું ભવિષ્ય વર્તમાન સમયમાં ભારે અનિશ્ચિતતા અને સસ્પેન્સના ઘેરાવામાં મુકાઈ ગયું છે, કારણ કે તેમનો સત્તાવાર કાર્યકાળ પૂરો થઈ ચૂક્યો છે અને તેમનો નવો કોન્ટ્રેક્ટ લંબાવવા બાબતે બોર્ડ તથા તેમની વચ્ચે મનોમંથન ચાલી રહ્યું છે. રમતગમત જગતમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર, આગામી વર્ષે યોજાનારા મહત્વપૂર્ણ વિશ્વ કપની તૈયારીઓની ઉલટી ગણતરી શરૂ થઈ ચૂકી છે ત્યારે આ મહત્વના પદ પર અગરકરનું જળવાઈ રહેવું અત્યંત આવશ્યક માનવામાં આવી રહ્યું છે, પરંતુ કેટલાક આંતરિક મતભેદોને કારણે સ્થિતિ ઘણી જટિલ બની ગઈ છે અને આગામી ચોવીસથી અડતાલીસ કલાકમાં આ બાબતે સત્તાવાર નિર્ણય લેવામાં આવશે.

આ સમગ્ર વિવાદ પાછળનું મુખ્ય કારણ ભૂતપૂર્વ કપ્તાન રોહિત શર્માના ભવિષ્યને લઈને પસંદગી સમિતિ અને બોર્ડના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે ચાલી રહેલા મતભેદો છે, જેણે હવે ખુલ્લા વિવાદનું સ્વરૂપ ધારણ કરી લીધું છે. મીડિયા અહેવાલ મુજબ, પસંદગીકારો અને મુખ્ય પ્રશિક્ષક આગામી વિશ્વ કપની રણનીતિમાં કેટલાક નવા અને યુવા ખેલાડીઓને મોકો આપવા માંગે છે, પરંતુ બોર્ડના કેટલાક શીર્ષ અધિકારીઓ દ્વારા સિનિયર ખેલાડીઓને પૂરતું સમર્થન આપવામાં આવી રહ્યું છે. આ વિરોધાભાસી વલણને કારણે મુખ્ય પસંદગીકાર અજીત અગરકર અત્યંત નારાજ થયા છે અને તેમણે આ મામલે પોતાના અસંતોષના સ્પષ્ટ સંકેતો આપી દીધા છે, જેના કારણે તેમની આગામી ભૂમિકા સામે પ્રશ્નાર્થ ચિહ્ન ઊભું થઈ ગયું છે.

ભારતીય ક્રિકેટના ઈતિહાસમાં પસંદગીકારો અને બોર્ડના વહીવટી તંત્ર વચ્ચે આ પ્રકારના અણબનાવ અગાઉ પણ જોવા મળ્યા છે, પરંતુ વર્તમાન પરિસ્થિતિ ઘણી અલગ અને ગંભીર માનવામાં આવી રહી છે. તાજેતરમાં યોજાયેલી મહત્વપૂર્ણ સમીક્ષા બેઠકોમાં અજીત અગરકરની ગેરહાજરીએ આ ચર્ચાઓને વધુ વેગ આપ્યો છે કે તેઓ આ પદ પર ચાલુ રહેવા માંગતા નથી. જો આ સમયે કોઈ નવા વ્યક્તિને મુખ્ય પસંદગીકારની જવાબદારી સોંપવામાં આવે, તો સમગ્ર ટીમનું સંચાલન અને વિશ્વ કપ માટેની તૈયારીઓ ગંભીર રીતે પ્રભાવિત થઈ શકે છે, કારણ કે નનવા આગેવાન માટે તમામ ખેલાડીઓ અને પ્રશિક્ષકો સાથે યોગ્ય તાલમેલ બેસાડવો ખૂબ જ મુશ્કેલ કાર્ય સાબિત થશે.

આટલા મોટા વૈશ્વિક સ્તરના ટૂર્નામેન્ટ પહેલા આ પ્રકારની આંતરિક અસ્થિરતા ટીમ ઈન્ડિયાના પ્રદર્શન પર માઠી અસર કરી શકે છે, અને આ જ કારણ છે કે રમતપ્રેમીઓ અને વિશેષજ્ઞોની નજર બોર્ડની આગામી બેઠક પર કેન્દ્રિત થઈ છે. જો અજીત અગરકર પોતાના પદ પરથી રાજીનામું આપે છે અથવા બોર્ડ સાથેની સમજૂતીમાં નિષ્ફળ જાય છે, તો ભારતીય ક્રિકેટ પ્રશાસનમાં એક મોટો ફેરફાર જોવા મળી શકે છે. દેશના કરોડો ક્રિકેટ ચાહકો ઈચ્છી રહ્યા છે કે આ વિવાદનો જલદીથી કોઈ સંતોષકારક ઉકેલ આવે અને ટીમનું ધ્યાન માત્ર આગામી રમત અને વિજય મેળવવા પર જ કેન્દ્રિત રહે, જેથી વૈશ્વિક મંચ પર દેશનું ગૌરવ હંમેશાં જળવાઈ રહે.

નેશનલ ટેનિસ મિક્સ્ડ ડબલ્સ ચેમ્પિયનશિપની શરૂઆત

# હૈદરાબાદમાં રમાશે પ્રથમ મિક્સ્ડ ડબલ્સ ચેમ્પિયનશિપ

(એજન્સી) નવી દિલ્હી । તા. 15



ભારતીય રમતગમત જગતમાં આજરોજ એક અત્યંત મહત્વપૂર્ણ અને ગર્વ લેવા જેવી જાહેરાત કરવામાં આવી છે, જ્યાં દેશમાં ટેનિસ રમતના વિકાસ માટે અખિલ ભારતીય ટેનિસ એસોસિએશન દ્વારા એક તદ્દન નવી અને વિશેષ સ્પર્ધા શરૂ કરવાનો સત્તાવાર નિર્ણય લેવામાં આવ્યો છે. આ નવી પહેલ અંતર્ગત આગામી ઓક્ટોબર મહિનામાં દેશની સર્વપ્રથમ રાષ્ટ્રીય મિક્સ્ડ ડબલ્સ ચેમ્પિયનશિપનું ભવ્ય આયોજન કરવામાં આવશે, જેના કારણે દેશભરના ખેલાડીઓમાં અને રમતપ્રેમીઓમાં એક અનેરો ઉત્સાહ અને રોમાંચ જોવા મળી રહ્યો છે.

આ રોમાંચક ચેમ્પિયનશિપના આયોજન વિશે વિગતવાર માહિતી આપતા સત્તાવાર સૂત્રોએ જણાવ્યું છે કે આ સ્પર્ધા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય સ્તર જેવું જ સ્પર્ધાત્મક વાતાવરણ પૂરું પાડવાનો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આ ટૂર્નામેન્ટનું ઉદ્ઘાટન સત્ર આગામી ચોવીસથી ત્રીસ ઓક્ટોબર દરમિયાન હૈદરાબાદ ખાતે યોજાશે. આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં વિજેતા બનનાર ખેલાડીઓ માટે કુલ દસ લાખ રૂપિયાની આકર્ષક ઈનામી રકમ પણ રાખવામાં આવી છે, જે ખેલાડીઓની પ્રતિભાને યોગ્ય માન આપવા માટે એક મોટું પગલું સાબિત થઈ રહી છે. ટેનિસ જગતના ઈતિહાસ પર નજર કરીએ તો ભારતમાં અત્યાર સુધી પુરુષો અને મહિલાઓ માટે અલગ અલગ રાષ્ટ્રીય સ્પર્ધાઓ યોજાતી હતી, પરંતુ મિક્સ્ડ ડબલ્સ માટે કોઈ સમર્પિત રાષ્ટ્રીય મંચ ઉપલબ્ધ ન હતો. આ ખામીને દૂર કરવા માટે તેલંગાણા સ્ટેટ ટેનિસ એસોસિએશનના સહયોગથી આ નવી પરંપરાની શરૂઆત કરવામાં આવી છે. આ આગામી ચેમ્પિયનશિપમાં કુલ બત્રીસ ટીમો ભાગ લેશે અને ચોવીસ ઓક્ટોબરથી ક્વોલિફાઈંગ મુકાબલાઓનો પ્રારંભ થશે.

## વૈશ્વિક સુરક્ષા માટે મોટો ખતરો, અંતરિક્ષમાં શરૂ થઈ નવી જંગ

# USએ અંતરિક્ષમાં હથિયારો તૈનાત કર્યા રશિયા-ચીન એલર્ટ

(એજન્સી) વૉશિંગ્ટન । તા. 15

વિશ્વભરમાં ચાલી રહેલા વિવિધ સંઘર્ષો વચ્ચે હવે માનવજાત માટે વધુ એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે, જેમાં અમેરિકાએ પૃથ્વીની કક્ષામાં પોતાના સૈન્ય હથિયારો સત્તાવાર રીતે તૈનાત કરી દીધા છે. અમેરિકન સ્પેસ ફોર્સના અધિકારીઓએ તાજેતરમાં એ વાતનો ખુલાસો કર્યો છે કે તેમની પાસે ઓર્બિટમાં અત્યાધુનિક સ્પેસ કંટ્રોલ વેપન ઉપલબ્ધ છે, જે કોઈપણ કટોકટીના સમયે દુશ્મન દેશોની આક્રમક કાર્યવાહી સામે દેશના સંયુક્ત દળોનું સચોટ રક્ષણ કરવા માટે સંપૂર્ણપણે સક્ષમ છે. આ મહત્ત્વપૂર્ણ પગલાથી વૈશ્વિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે અને સમગ્ર અંતરિક્ષ ક્ષેત્રમાં એક નવી સૈન્ય હરીફાઈની શરૂઆત થઈ ચૂકી છે.



અમેરિકા દ્વારા લેવાયેલા આ આક્રમક પગલા બાદ વૈશ્વિક સ્તરે હલચલ મચી ગઈ છે, કારણ કે અત્યાર સુધી અંતરિક્ષને શાંતિપૂર્ણ ક્ષેત્ર માનવામાં આવતું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર, અમેરિકન સ્પેસ ફોર્સના પ્રવક્તાએ સ્પષ્ટ કર્યું છે કે તેમની પાસે અવકાશમાં ચોક્કસ પ્રકારના હથિયાર મોજૂદ છે. જોકે, રાષ્ટ્રીય સુરક્ષાના કારણોસર કયા ચોક્કસ હથિયારો ગોઠવવામાં આવ્યા છે તેની સચોટ અને વિગતવાર માહિતી સાર્વજનિક કરવામાં આવી નથી. આ મિશન અંતર્ગત કાઈનેટિક અને નોન-કાઈનેટિક પદ્ધતિઓનો ઉપયોગ કરીને વિરોધી દેશોની અવકાશી ક્ષમતાઓને ગંભીર રીતે પ્રભાવિત કરવામાં આવી શકે છે, જે આવનારા સમયમાં મોટા સંઘર્ષના એંધાણ આપી રહી છે.

અંતરિક્ષમાં સૈન્ય પ્રભુત્વ જમાવવાની આ હોડ કોઈ નવી નથી, પરંતુ તેનો ઈતિહાસ દાયકાઓ જૂનો છે. વર્ષ 1957માં સોવિયત યુનિયન દ્વારા સ્પુતનિક ઉપગ્રહ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યા બાદથી જ અમેરિકા અને મોસ્કો વચ્ચે અવકાશી સાધનોને નષ્ટ કરવાની હરીફાઈ શરૂ થઈ ગઈ હતી. ત્યારબાદ વર્ષ 1967માં આઉટર સ્પેસ ટ્રીટી નામના મહત્ત્વપૂર્ણ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જેનો મુખ્ય ઉદ્દેશ્ય પૃથ્વીની કક્ષામાં મોટા પાયે તબાહી મચાવતા વિનાશક હથિયારો મૂકવા પર કડક પ્રતિબંધ મૂકવાનો હતો. પરંતુ સમયની સાથે આ તમામ કાયદાઓ અને સંધિઓને બાજુ પર મૂકીને મહાસત્તાઓ હવે અવકાશમાં પોતાના હથિયારો ગોઠવવામાં લાગી ગઈ છે.

આંતરરાષ્ટ્રીય કરારો અને પ્રતિબંધોના કાગળો પરના નિયમો હોવા છતાં અમેરિકા, ચીન અને રશિયા જેવા દેશો આ સંધિઓની મર્યાદાઓમાંથી બહાર નીકળીને અંતરિક્ષમાં યુદ્ધ લડવાની નવી તકનીકો વિકસાવી રહ્યા છે. વર્તમાન આધુનિક યુગમાં કોઈપણ સેટેલાઈટ સૈન્ય સંચાર, સર્વેલન્સ અને નેવિગેશન માટે અત્યંત કરોડરજ્જુ સમાન માનવામાં આવે છે.

**હૂથી વિદ્રોહીઓના હુમલાથી ખળભળાટ**

## સાઉદી અરેબિયામાં મિસાઈલ હુમલાથી દહેશત મચી ગઈ



(એજન્સી) વૉશિંગ્ટન । તા. 15

વૈશ્વિક સ્તરે ચાલી રહેલા વિવિધ તણાવપૂર્ણ સંઘર્ષો વચ્ચે મધ્ય પૂર્વના દેશોમાંથી એક અત્યંત ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે, જેમાં યમનના હૂથી વિદ્રોહીઓએ દક્ષિણ-પશ્ચિમ સાઉદી અરેબિયાના મહત્વપૂર્ણ વિસ્તારો પર અચાનક ડઝનેક ઘાતક મિસાઈલો અને સશસ્ત્ર ડ્રોન દ્વારા ભીષણ હુમલો કરી દીધો છે. આ અચાનક થયેલા હુમલાને કારણે સાઉદી અરેબિયાના ખમીસ મુશૈત ખાતે આવેલા મુખ્ય સૈન્ય એરબેઝને સીધું નિશાન બનાવવામાં આવ્યું હતું, જેના પરિણામે સમગ્ર ક્ષેત્રમાં ભયનો માહોલ છવાઈ ગયો છે અને આંતરરાષ્ટ્રીય સુરક્ષા વ્યવસ્થા સામે મોટા સવાલો ઊભા થયા છે.

આ અચાનક થયેલા આક્રમક હુમલા બાદ સમગ્ર પ્રદેશમાં ભારે હલચલ મચી ગઈ છે, કારણ કે આનાથી નાગરિક જીવન અને મહત્વપૂર્ણ સૈન્ય ઠેકાણાઓ પર સીધું જોખમ તોળાઈ રહ્યું છે. મીડિયા અહેવાલ અનુસાર, આ ભીષણ હુમલાઓમાં ઓછામાં ઓછા તેર નિર્દોષ નાગરિકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જેને તુરંત જ સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. જોકે સાઉદી સિવિલ ડિફેન્સના અધિકારીઓએ બાદમાં પુષ્ટિ કરી છે કે હાલ પૂરતો તાત્કાલિક ખતરો ટળી ગયો છે, પરંતુ સુરક્ષાની દ્રષ્ટિએ કોઈપણ જોખમ ન લેતા વહીવટી તંત્ર દ્વારા અનેક મહત્વપૂર્ણ શહેરોમાં કડક પગલાં લેવામાં આવ્યા છે.

આ પ્રકારના સૈન્ય સંઘર્ષોનો ઈતિહાસ ઘણો જૂનો અને જટિલ રહ્યો છે, જેમાં સરહદ પારથી થતા હુમલાઓ અવારનવાર પ્રાદેશિક શાંતિને ડહોળતા આવ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ, આ તાજેતરની કાર્યવાહી યમન ખાતે અગાઉ કરવામાં આવેલા હવાઈ હુમલાઓનો સીધો પલટવાર હોવાનું વિદ્રોહી જૂથ દ્વારા દાવો કરવામાં આવ્યો છે. સાઉદી અરેબિયા દ્વારા અગાઉ કરવામાં આવેલી એર સ્ટ્રાઈક દરમિયાન વિમાન હેંગર, રડાર સિસ્ટમ, મહત્વપૂર્ણ રનવે અને ગોળા-બારૂદના ડિપોને ભારી નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું, જેના બદલા સ્વરૂપે આજના આ વિનાશક ડ્રોન અને મિસાઈલ હુમલાઓ કરવામાં આવ્યા છે. લાલ સમુદ્રના પ્રવેશદ્વાર પર આવેલા વ્યૂહાત્મક સ્થળો અને પેરીમ દ્વીપ પર ચાલી રહેલી ગતિવિધિઓએ સાઉદી અરેબિયાની ઓઈલ નિકાસ અને વૈશ્વિક સપ્લાય પર મોટું આર્થિક દબાણ વધારી દીધું છે. અગાઉ પણ આવા જ હુમલાઓના કારણે દેશની મહત્વપૂર્ણ પાઈપલાઈન ઠપ થઈ ગઈ હતી, અને જો આ પ્રકારના સંઘર્ષો લાંબો સમય ચાલશે તો વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં મોટો ઉછાળો આવી શકે છે. આ ગંભીર મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે સાઉદી નેતૃત્વ દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ચર્ચા શરૂ કરવામાં આવી છે, જેથી આર્થિક અને સૈન્ય સ્થિરતા જાળવી શકાય.

### સુરક્ષા એલર્ટ અને પરિવહન પર અસર

આ ગંભીર અને તણાવપૂર્ણ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સાઉદી અરેબિયાના સક્ષમ અધિકારીઓએ ખમીસ મુશૈત, આભા અને તાઈફ સહિતના અનેક દક્ષિણી શહેરોમાં તાત્કાલિક ધોરણે ઈમરજન્સી એલર્ટ જાહેર કરી દીધું છે. લાલ સમુદ્રના તટીય વિસ્તારોમાં આવેલા યનબૂ અને અન્ય ક્ષેત્રોમાં ખતરાના સાયરન સતત વાગી રહ્યા છે, જેના કારણે સામાન્ય જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. આ ઉપરાંત, સુરક્ષા અને સલામતીના કારણોસર જેદ્દાહ એરપોર્ટ પર આવતી અને જતી તમામ ઉડાનોને અસ્થાયી રૂપે રોકી દેવામાં આવી છે, અને રિયાધમાં આ ગંભીર કટોકટીમાંથી બહાર નીકળવા માટે ઉચ્ચ સ્તરીય બેઠકોનો દોર ચાલી રહ્યો છે.

## ન્યૂઝ બ્રીફ

### બોરીવલી ઈસ્ટમાં રહેતી મહિલા બની ડિજિટલ અરેસ્ટનો શિકાર



વૉશિંગ્ટન । વિશ્વભરમાં ચાલી રહેલા વિવિધ સંઘર્ષો વચ્ચે હવે માનવજાત માટે વધુ એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે, જેમાં અમેરિકાએ પૃથ્વીની કક્ષામાં પોતાના સૈન્ય હથિયારો સત્તાવાર રીતે તૈનાત કરી દીધા છે. અમેરિકન સ્પેસ ફોર્સના અધિકારીઓએ તાજેતરમાં એ વાતનો ખુલાસો કર્યો છે કે તેમની પાસે ઓર્બિટમાં અત્યાધુનિક સ્પેસ કંટ્રોલ વેપન ઉપલબ્ધ છે, જે કોઈપણ કટોકટીના સમયે દુશ્મન દેશોની આક્રમક કાર્યવાહી સામે દેશના સંયુક્ત દળોનું સચોટ રક્ષણ કરવા માટે સંપૂર્ણપણે સક્ષમ છે. આ મહત્ત્વપૂર્ણ પગલાથી વૈશ્વિક રાજકારણમાં ગરમાવો આવી ગયો છે અને સમગ્ર અંતરિક્ષ ક્ષેત્રમાં એક નવી સૈન્ય હરીફાઈની શરૂઆત થઈ ચૂકી છે. અમેરિકા દ્વારા લેવાયેલા આ આક્રમક પગલા બાદ વૈશ્વિક સ્તરે હલચલ મચી ગઈ છે, કારણ કે અત્યાર સુધી અંતરિક્ષને શાંતિપૂર્ણ ક્ષેત્ર માનવામાં આવતું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર, અમેરિકન સ્પેસ ફોર્સના પ્રવક્તાએ સ્પષ્ટ કર્યું છે કે તેમની પાસે અવકાશમાં ચોક્કસ પ્રકારના હથિયાર મોજૂદ છે.

### ઈઝરાયલના વડાપ્રધાનના મેકઅપ પાછળ કરોડોનો ખર્ચ



જેરૂસલેમ । વૈશ્વિક સ્તરે અનેક ગંભીર સંઘર્ષો અને આર્થિક પડકારો વચ્ચે ઈઝરાયલમાંથી એક અત્યંત ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે, જેમાં માહિતી અધિકાર હેઠળ બહાર આવેલા આંકડાઓએ રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જગાવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૬ દરમિયાન દેશના વડાપ્રધાનોના હેરસ્ટાઈલ, મેકઅપ અને સત્તાવાર પ્રતિનિધિત્વ પાછળ કુલ ૪,૭૦,૦૦૦ ડૉલર એટલે કે લગભગ ૪.૪૯ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ ખર્ચવામાં આવી છે. આ જાહેર કરાયેલા સરકારી આંકડાઓ મુજબ, આ કુલ ગૃમિંગ ખર્ચનો આશ્ચર્યજનક રીતે લગભગ ૯૦ ટકા જેટલો મોટો હિસ્સો વર્તમાન વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ અને તેમના પત્ની સારા નેતન્યાહૂના નામે રહ્યો છે, જેના કારણે સામાન્ય જનતામાં રોષ જોવા મળી રહ્યો છે. આ સંવેદનશીલ વિગતો બહાર આવ્યા બાદ દેશમાં પારદર્શિતા અને નાણાકીય જવાબદારીને લઈને ગંભીર સવાલો ઉભા થયા છે. ડેટા દર્શાવે છે કે બેન્જામિન નેતન્યાહૂ ફરીથી સત્તામાં પરત ફર્યા બાદ હેરસ્ટાઈલ અને મેકઅપ પાછળ થતા ખર્ચમાં અદભુત અને નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો છે.

**બહિષ્કાર :** હાઈ કમિશનમાં ઘૂસણખોરી અંગેની કાર્યવાહી; ભારતીય ઉત્પાદનોનો બહિષ્કાર

# સાઉદી અરેબિયામાં મદીના પાસે મળ્યો યુરેનિયમનો ખજાનો, ખનિજ શોધ કરી

(એજન્સી) રિયાધ । તા. 15

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા વિવિધ વૈશ્વિક તણાવ અને યુદ્ધ જેવી અનિશ્ચિત પરિસ્થિતિઓ વચ્ચે સાઉદી અરેબિયામાંથી એક અત્યંત મહત્વપૂર્ણ અને ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે, જેમાં દેશે મુસ્લિમોના અત્યંત પવિત્ર શહેર ગણાતા મદીના નજીકથી અણધારી સફળતા મેળવતા લગભગ અગિયાર કરોડ ટન યુરેનિયમ યુક્ત કાચું ખનિજ અને દુર્લભ ખનિજો શોધી કાઢ્યા હોવાનો સત્તાવાર દાવો કર્યો છે. આ ભગીરથ શોધ દેશની આગામી પેઢીની ઉર્જા સુરક્ષા અને આર્થિક કાયાકલ્પ માટે એક સીમાચિહ્નરૂપ સાબિત થઈ શકે છે, જેના કારણે વૈશ્વિક સ્તરે અર્થશાસ્ત્રીઓ અને રાજકીય વિશ્લેષકોની નજર આ પ્રદેશ પર કેન્દ્રિત થઈ ગઈ છે.

આ અદભુત અને વિશાળ શોધ બાદ વૈશ્વિક બજારમાં ભારે હલચલ મચી ગઈ છે, કારણ કે અત્યાર સુધી માત્ર ઓઈલ નિકાસ માટે જાણીતો આ દેશ હવે પરમાણુ અને ખનિજ ક્ષેત્રમાં પણ મહાસત્તા બનવા તરફ આગળ વધી રહ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, દેશના ઉર્જા મંત્રી પ્રિન્સ અબ્દુલઅઝીઝ બિન સલમાને સત્તાવાર રીતે જાહેરાત કરી છે કે મદીના ક્ષેત્રમાં આવેલા પ્રસિદ્ધ 'જબલ સયિદ પ્રોજેક્ટ' ખાતે હાથ ધરવામાં આવેલા વ્યાપક ભૌગોલિક અને ખાનગી સંશોધનો દરમિયાન આ મોટી સફળતા હાથ લાગી છે. આ કાચા માલમાં ભારે તત્વો તેમજ દુર્લભ ખનિજોની ઉચ્ચ સાંદ્રતા જોવા મળી છે, જે દેશના ભવિષ્યના વિકાસ માટે અત્યંત મૂલ્યવાન સાબિત થશે.



આ પ્રકારની ખનિજ શોધનો ઈતિહાસ ઘણો લાંબો અને મહેનત માંગી લેતો હોય છે, જેમાં વર્ષોની વૈજ્ઞાનિક મથામણ બાદ આ પ્રકારના પરિણામો સામે આવતા હોય છે. સાઉદી અરેબિયા દ્વારા લાંબા સમયથી પોતાના પરંપરાગત અર્થતંત્રને ઓઈલ સિવાયના અન્ય ક્ષેત્રો તરફ વાળવા માટેના પ્રયાસો થઈ રહ્યા છે, અને આ નવી શોધ તે જ દિશામાં એક ખૂબ જ મજબૂત પગલું માનવામાં આવી રહી છે. થોડા સમય અગાઉ જ અમેરિકા અને સાઉદી અરેબિયા વચ્ચે નાગરિક પરમાણુ કાર્યક્રમ વિકસાવવા માટે એક મહત્વપૂર્ણ કરાર થયો હતો, જે આ દેશને પોતાની જ ધરતી પર પરમાણુ ક્ષમતા વિકસાવવા માટે સક્ષમ બનાવે છે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભૌગોલિક રાજકીય તણાવ વચ્ચે આ ઘટનાક્રમ ખૂબ જ સૂચક છે.

આ યુરેનિયમની વિશાળ શોધ એવા સમયે સામે આવી છે જ્યારે દેશ પોતાની 'વિઝન 2030' યોજના હેઠળ 'ઊર્જા વૈવિધ્યીકરણ અભિયાન'ને વેગ આપી રહ્યો છે. આ ભાગીદારી અને નવા સંસાધનો દેશને માત્ર તેલ પરની નિર્ભરતામાંથી મુક્ત કરીને એક આધુનિક અને ઉર્જાથી સભર રાષ્ટ્ર તરીકે સ્થાપિત કરવામાં મદદ કરશે. નિષ્ણાતોના મતે, આ પ્રોજેક્ટથી દેશની અર્થવ્યવસ્થાને જબરદસ્ત મજબૂતી મળશે અને વૈશ્વિક ઉર્જા બજારમાં તેનું સ્થાન વધુ ઊંચું જશે. સરકાર દ્વારા આ ક્ષેત્રમાં સતત રોકાણ વધારવામાં આવી રહ્યું છે જેથી આગામી સમયમાં આ ખનિજોનો વ્યવસ્થિત ઉપયોગ કરીને દેશને આર્થિક રીતે વધુ સમૃદ્ધ બનાવી શકાય.

મદીના ક્ષેત્રમાં આવેલા 'જબલ સયિદ પ્રોજેક્ટ' ખાતે કરવામાં આવેલા ભૌગોલિક અને ખાનગી સંશોધનોમાં આ સફળતા મળી છે. સાઉદી અરેબિયાના ઉર્જા મંત્રી પ્રિન્સ અબ્દુલઅઝીઝ બિન સલમાને જણાવ્યું હતું કે આ કાચા માલમાં ભારે તત્વો સહિત દુર્લભ ખનિજોની ઉચ્ચ સાંદ્રતા સાથે આશાસ્પદ પ્રમાણમાં યુરેનિયમ પણ મળી આવ્યું છે. આ શોધ સાઉદી અરેબિયાની એનર્જી-ડાયવર્સિફિકેશન ડ્રાઈવ (ઊર્જા વૈવિધ્યીકરણ અભિયાન) અને 'વિઝન ૨૦૩૦' હેઠળ ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

## રશિયા પાસેથી ક્રૂડ ખરીદવાના કારણે ભારત પર સો ટકા ટેરિફનો ખતરો

(એજન્સી) વૉશિંગ્ટન । તા. 15

વૈશ્વિક સ્તરે ચાલી રહેલા વિવિધ તણાવપૂર્ણ સંઘર્ષો વચ્ચે અમેરિકાના રાજકારણમાંથી એક અત્યંત મહત્વપૂર્ણ અને ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે, જેમાં યુએસ સંસદમાં રશિયા પરના પ્રતિબંધોને વધુ કડક બનાવવા માટે એક નવો સુધારો રજૂ કરવામાં આવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, પ્રતિષ્ઠિત બિલમાં કરવામાં આવેલા આ નવા પ્રસ્તાવને કારણે હવે ભારત જેવા મુખ્ય દેશોની મુશ્કેલીઓ વધી શકે છે, કારણ કે રશિયા પાસેથી સસ્તી કિંમતે ક્રૂડ ઓઈલની ખરીદી કરવા બદલ દેશ પર ભારે ભરખમ આર્થિક શુલ્ક ઝીંકવાની તૈયારીઓ ચાલી રહી છે. આ કાયદાકીય પ્રક્રિયાના આગમનથી આંતરરાષ્ટ્રીય બજારમાં ભારે ચિંતાનું વાતાવરણ છવાઈ ગયું છે અને તમામ દેશોની નજર વોશિંગ્ટન પર કેન્દ્રિત થઈ છે. આ નવા સંશોધનને કારણે આંતરરાષ્ટ્રીય વેપાર ક્ષેત્રે મોટો હડકંપ મચી ગયો છે, કારણ કે આ પ્રસ્તાવ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય રશિયાની અર્થવ્યવસ્થાને નબળી પાડવાનો છે. મીડિયા અહેવાલો અને સંસદીય દસ્તાવેજો મુજબ, આ કાયદો અગાઉ સેનેટમાં ભારે સમર્થન મેળવી ચૂક્યો છે અને હવે તે હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં પહોંચ્યો છે, જ્યાં તેના પર ગંભીર મંથન ચાલી રહ્યું છે. અમેરિકન વહીવટી તંત્રનું માનવું છે કે રશિયા દ્વારા પોતાના ઉર્જા સંસાધનોના વેચાણથી જે નાણાકીય કમાણી થાય છે, તેનો સીધો ઉપયોગ યુક્રેન સામે ચાલી રહેલા સૈન્ય સંઘર્ષ અને યુદ્ધ પાછળ કરવામાં આવી રહ્યો છે, જેને રોકવા માટે આ અત્યંત આક્રમક આર્થિક પગલાંઓ ઉઠાવવા અનિવાર્ય બની ગયા છે. આ સમગ્ર વિવાદનો ઈતિહાસ મોસ્કો અને પશ્ચિમી દેશો વચ્ચેના લાંબા સમયના તણાવ સાથે જોડાયેલો છે, જે સમયાંતરે વધુ ઉગ્ર બનતો ગયો છે.

## બ્રિક્સ સમિટ બાદ ડ્રેગનનું મોટું નિવેદન બહાર આવ્યું છે, ભારત ચીન સરહદી શાંતિ, દ્વિપક્ષીય સંબંધોમાં નવો મોડ

(એજન્સી) નવી દિલ્હી । તા. 15

વૈશ્વિક સ્તરે યોજાયેલી મહત્વપૂર્ણ બ્રિક્સ સમિટ પૂરી થયા બાદ અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ પોતાના સ્વદેશ પરત ફર્યા પછી ડ્રેગન તરફથી એક અત્યંત મોટું અને ચોંકાવનારું નિવેદન સામે આવ્યું છે, જેના કારણે આંતરરાષ્ટ્રીય રાજકારણમાં ભારે ચર્ચા જાગી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ચીનના વિદેશ મંત્રાલય દ્વારા સત્તાવાર રીતે એ વાતની પુષ્ટિ કરવામાં આવી છે કે ભારતની મુલાકાત અને ઉચ્ચ સ્તરીય બેઠકો બાદ ભારતીય પક્ષે એવો સ્પષ્ટ અને મક્કમ વિશ્વાસ અપાવ્યો છે કે તે પોતાની પવિત્ર જમીન પર ક્યારેય કોઈપણ પ્રકારની ચીન-વિરોધી ગતિવિધિઓ કે પ્રવૃત્તિઓને મંજૂરી આપશે નહીં. આ રાજદ્વારી ઘટનાક્રમ બંને દેશો વચ્ચેના વણસેલા સંબંધોને સુધારવાની દિશામાં એક ખૂબ જ મોટું અને સકારાત્મક પગલું માનવામાં આવી રહ્યું છે, જે આગામી સમયમાં એશિયન ક્ષેત્રમાં અને



સ્થિરતા સ્થાપવામાં અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

ચીનના વિદેશ મંત્રાલયના અગ્રણી પ્રવક્તા અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા આપવામાં આવેલા નિવેદનમાં એ વાત પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે કે ભારત અને ચીન વચ્ચેના આજના આ દ્વિપક્ષીય સંબંધો કોઈપણ ત્રીજા પક્ષના પ્રભાવ કે દબાણથી સંપૂર્ણપણે મુક્ત છે. સમિટ દરમિયાન દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના સર્વોચ્ચ નેતા શી જિનપિંગ વચ્ચે બંધ બારણે એક લાંબી અને સંતોષકારક ચર્ચા થઈ હતી, જેમાં બંને દેશોના સર્વોચ્ચ હિતોને ધ્યાનમાં રાખીને મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. આ બેઠક પછી ચીની પક્ષ દ્વારા સત્તાવાર નિવેદન જાહેર કરીને એવું સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ભારત હવે પોતાના પડોશી દેશ સાથેના સંબંધોમાં એક નવો અધ્યાય શરૂ કરવા માટે ઉત્સુક છે, અને આ જ કારણસર સરહદી વિસ્તારોમાં પરસ્પર ભરોસો વધારવા પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.

ભારત અને ચીન વચ્ચે લાંબા સમયથી સરહદી વિસ્તારોને લઈને તણાવ અને મતભેદો ચાલ્યા આવ્યા છે, જેના કારણે બંને દેશોની સેનાઓ આમનેસામને રહી ચૂકી છે. આ ઈતિહાસને ધ્યાનમાં રાખીને બ્રિક્સ સમિટના મંચ પર મળેલી આ મુલાકાતને ખૂબ જ ઐતિહાસિક માનવામાં આવી રહી છે, કારણ કે વર્ષોના સંઘર્ષ બાદ હવે બંને દેશોના નેતાઓ રાજદ્વારી માર્ગે સમસ્યાઓ ઉકેલવા માટે ગંભીર બન્યા છે.

**એઆઈ** | **બ્રેઈન કેન્સર સામે કીમોથેરપીથી પાંચ ગણી અસરકારક પદ્ધતિની શોધ**

# વૈજ્ઞાનિકોની નવી શોધથી કેન્સર નાશ પામશે

(એજન્સી)વૉશિંગ્ટન । તા. 15

મેડિકલ જગતમાં અત્યાર સુધીના ઈતિહાસમાં સૌથી મોટી અને ક્રાંતિકારી સફળતા હાથ લાગી છે, જેમાં મગજના સૌથી આક્રમક અને દવાઓ સામે પ્રતિકાર દર્શાવતા ગ્લિયોબ્લાસ્ટોમા નામના જીવલેણ કેન્સર સામે લડવા માટે અમેરિકાની અગ્રણી સંસ્થાના કુશળ વૈજ્ઞાનિકો દ્વારા એક અદભુત ઈન્જેક્ટેબલ નેનો-એન્ટેના વિકસાવવામાં આવ્યા છે. આ અત્યાધુનિક નેનો-એન્ટેના શરીરની બહારથી ઉત્પન્ન કરવામાં આવતા ચુંબકીય ક્ષેત્ર દ્વારા સક્રિય થઈને સીધા જ કેન્સરના કોષો પર આક્રમક પ્રહાર કરે છે અને તેમને સંપૂર્ણપણે નષ્ટ કરવાની અદ્ભુત ક્ષમતા ધરાવે છે. આ મહત્વપૂર્ણ સંશોધન અહેવાલ વિજ્ઞાન જગતની પ્રખ્યાત અને પ્રતિષ્ઠિત જર્નલ સાયન્સ એડવાન્સીસમાં સત્તાવાર રીતે પ્રકાશિત કરવામાં આવ્યો છે, જેનાથી સમગ્ર વૈશ્વિક તબીબી ક્ષેત્રમાં ખુશી અને આશ્ચર્યની લહેર દોડી ગઈ છે.



સામાન્ય સંજોગોમાં આ પ્રકારના ગ્લિયોબ્લાસ્ટોમા કેન્સરમાં અત્યાધુનિક સર્જરી, રેડિયેશન કે પછી કીમોથેરાપી જેવી પીડાદાયક સારવાર કરાવ્યા પછી પણ દર્દીનું આયુષ્ય સરેરાશ માત્ર બારથી પંદર મહિના જ આસપાસ રહેતું હોય છે અને રોગનું જોખમ સતત તોળાતું રહે છે. પરંતુ આ નવી ટેકનોલોજીના આગમનથી ચિત્ર સંપૂર્ણપણે બદલાઈ ગયું છે અને દર્દીઓ માટે નવી આશાનું કિરણ જાગ્યું છે. પ્રયોગશાળામાં દર્દીઓના ડ્રગ-રેઝિસ્ટન્ટ કેન્સર ટિશ્યુ પર કરવામાં આવેલા સફળ પ્રયોગોમાં આ અદભુત ટેકનોલોજીએ પાવન અને સચોટ પરિણામો આપતા બાવન ટકાથી વધુ કેન્સર કોષોનો સંપૂર્ણ સફાયો કરી દીધો છે, જે દર્દીઓની રક્ષા માટે એક મોટો ચમત્કાર સાબિત થઈ રહ્યો છે.

આ ક્રાંતિકારી પદ્ધતિનો ઈતિહાસ અને વિકાસ ખૂબ જ રસપ્રદ રહ્યો છે, જેમાં સંશોધન ટીમ દ્વારા આ નવીન વિજ્ઞાનને એક ખાસ નામ આપીને તેના પર લાંબા સમયથી મથામણ કરવામાં આવી રહી હતી. વાળની જાડાઈના સોમા ભાગ જેટલા અત્યંત સૂક્ષ્મ આ નેનો-એન્ટેના શરીરમાં પહોંચાડ્યા બાદ ખોપરીની બહારથી લો-ફ્રિકવન્સી મેગ્નેટિક ફીલ્ડ દ્વારા એક્ટિવેટ કરવામાં આવે છે, જેનાથી પેદા થતા બાયો-ઈલેક્ટ્રિક કરંટ માત્ર કેન્સર સેલ્સને જ નષ્ટ કરે છે. આ વિશેષ પ્રક્રિયા દરમિયાન આસપાસના સ્વસ્થ ન્યુરોન્સ અને મગજના પેશીઓને કોઈ જ પ્રકારનું નુકસાન પહોંચતું નથી, જે આ સારવારની સૌથી મોટી અને સુરક્ષિત વિશેષતા છે. આ અદભુત ટેકનોલોજી આગામી સમયમાં દર્દીઓ માટે વરદાન સાબિત થશે કારણ કે તેને મગજમાં સરળતાથી ઈન્જેક્ટ કરી શકાય છે અને ભવિષ્યમાં માત્ર સામાન્ય ઈન્જેક્શન આપીને રક્તપ્રવાહ દ્વારા મગજ સુધી પહોંચાડી શકાશે.

## US પ્રમુખ ટ્રમ્પે AIના ખતરાને ફગાવ્યો, વૈશ્વિક સુરક્ષા માટે મોટો ખતરો

(એજન્સી)વૉશિંગ્ટન । તા. 15

વૈશ્વિક સ્તરે આધુનિક ટેકનોલોજી અને તેના સંભવિત જોખમો અંગે ચાલી રહેલી ગંભીર ચર્ચા વચ્ચે, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર અંકુશ મેળવવાના તમામ પ્રયાસોને એક મોટું અને પાયાવિહોણું ષડ્યંત્ર ગણાવ્યું છે. પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર સ્પષ્ટ અવાજમાં તેમણે જણાવ્યું છે કે કૃત્રિમ બુદ્ધમત્તા દ્વારા માનવજાતના વિનાશની તમામ વાતો સંપૂર્ણપણે કાલ્પનિક અને પાયા વિહોણી છે. વેપાર જગતના ઈતિહાસમાં ક્યારેય એવું જોવા મળ્યું નથી કે કોઈ ઉદ્યોગના દિગ્ગજો ખુદ એવા નિયમો લાવવાની માંગ કરે જે તેમને સીધા પાયમાલી તરફ ધકેલી દે, અને આ જ કારણસર આ સમગ્ર વિવાદને એક મોટા ઢોંગ તરીકે જોવામાં આવી રહ્યો છે.

અમેરિકન પ્રમુખના આ આક્રમક નિવેદન બાદ વૈશ્વિક ટેકનોલોજી બજારમાં ભારે હલચલ મચી ગઈ છે, કારણ કે એક તરફ જ્યાં મોટાભાગના વૈજ્ઞાનિકો આ ટેક્નોલોજીના અનિયંત્રિત વિકાસને રોકવા માટે કડક કાયદાઓની માંગ કરી રહ્યા છે, તો બીજી તરફ સર્વોચ્ચ નેતૃત્વ તેને માત્ર એક બનાવટી અફવા માની રહ્યું છે.

પ્રમુખ ટ્રમ્પે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે કૃત્રિમ બુદ્ધમત્તાનો દુનિયા પર કબજો જમાવવો, માનવજાતને તબાહ કરવી અને બીજી તમામ ડરામણી વાતો માત્ર એક ઢોંગ સિવાય કશું જ નથી. આ પ્રકારના વિવાદો અગાઉના રશિયા વિવાદ, યુક્રેન વિવાદ અને રાજકીય મહાભિયોગના કાવતરાં જેવું જ એક નવું જુઠાણું સાબિત થઈ રહ્યા છે, જેમાં કોઈ નક્કર તથ્ય નથી અને તેનો હેતુ માત્ર વણજોઈતો ડર ફેલાવવાનો છે.

## GJEPC દ્વારા ભારતીય જેમ અને જ્વેલરી ઉદ્યોગ માટે 100 અબજ ડોલરના નિકાસ લક્ષ્યાંકની યોજના રજૂ કરાઈ

# કેન્દ્રીયગૃહમંત્રીશ્રીઅમિતશાહનીવિશેષઉપસ્થિતિમાં 52માં ઈન્ડિયા જેમ્સ એન્ડ જ્વેલરી એવોર્ડ્સ યોજાયાં

(એજન્સી) અમદાવાદ | તા 15

દેશના રાજકીય નેતૃત્વ અને ભારતીય જેમ એન્ડ જ્વેલરી ઉદ્યોગના અગ્રણીઓને એક મંચ પર લાવનારા એક ઐતિહાસિક સમારોહમાં, જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GJEPC) દ્વારા પ્રતિષ્ઠિત 52માં ઈન્ડિયા જેમ્સ એન્ડ જ્વેલરી એવોર્ડ્સ (IGJA) નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી.52માં ઈન્ડિયા જેમ્સ એન્ડ જ્વેલરી એવોર્ડ્સનું આયોજન વિવિધ ભાગીદારોના સહયોગથી કરવામાં આવ્યું હતું જેમાં, વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ 'ગોલ્ડ પાર્ટનર' તરીકે, GIA 'પાવર્ડ બાય પાર્ટનર' તરીકે, તેમજ વૈભવ ગ્લોબલ લિમિટેડ, કિરણ જેમ્સ, ફેરારી લોજિસ્ટિક્સ, ધાનેરા ડાયમંડ્સ અને આઈગિરી જ્વેલ્સ સહ-ભાગીદારો તરીકે જોડાયા હતાં.આ એવોર્ડ સમારંભમાં દેશ અને રાજ્યના અગ્રણી નેતાઓ, નીતિ ઘડવૈયાઓ, સાંસદો અને ઉદ્યોગ જગતના દિગ્ગજો એકત્રિત થયા હતા. મહારાષ્ટ્રના માનનીય મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસ, મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદે અને ગુજરાતના માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી ઉપરાંત મહારાષ્ટ્ર સરકારના ઈલેક્ટ્રોનિક્સ, માહિતી ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિભાગના માનનીય મંત્રી એડવોકેટ આશિષ મિનલ બાબાજી શેલાર તથા રાજ્યસભાના સાંસદ શ્રી ગોવિંદ ધોળકિયાએ આ પ્રસંગની શોભા વધારી હતી.આ પ્રસંગે જીજેઈપીસી અને ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓ હાજર રહ્યાં હતાં, જેમાં જીજેઈપીસીના ચેરમેન શ્રી કિરીટ ભણસાલી, વાઈસ ચેરમેન શ્રી શૌનક પરીખ, ભારત ડાયમંડ બુર્સના પ્રમુખ શ્રી અનૂપ મહેતા, જીજેઈપીસીના ઈવેન્ટ્સ કન્વીનર શ્રી મનસુખ કોઠારી, ઓડિટ્સ એન્ડ ફાયનાન્સ



કન્વીનર શ્રી અનિલ વિરાણી અને પશ્ચિમ ક્ષેત્રના રીજનલ ચેરમેન શ્રીમતી ખુશ્બુ રાણાવતનો સમાવેશ થાય છે. દેશ અને રાજ્યોના આવા અગ્રણી નેતાઓની ઉપસ્થિતિએ ભારતની નિકાસ, ઉત્પાદન, રોજગારી અને વૈશ્વિક વેપારની આકાંક્ષાઓ માટે જેમ અને જ્વેલરી ક્ષેત્રના વધતા વ્યૂહાત્મક મહત્વને દર્શાવ્યું હતું.માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, 'જેમ અને જ્વેલરી ક્ષેત્રમાં વૈશ્વિક કેન્દ્ર બનવા માટે ભારત પાસે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, મૂડી, ક્ષમતા અને સાહસિકો ઉપલબ્ધ છે. હીરાના વેપારમાં થઈ રહેલાં સતત પરિવર્તનોને પગલે માત્ર ઝડપને બદલે હવે મોટા પાયે કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરવાનો સમય આવી ગયો છે. લેબ-ગ્રોન ડાયમંડ્સમાં વ્યાપક તકો રહેલી છે. ભારતે મેન્યુફેક્ચરિંગ અને ટેકનોલોજીથી લઈને જ્વેલરી, બ્રાન્ડિંગ અને રિટેલ સુધીની સમગ્ર વેલ્યુ ચેઈન તૈયાર કરવી જોઈએ અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ ધરાવતી ભારતીય બ્રાન્ડ્સ વિકસાવવી જોઈએ. ભારત સરકાર, મહારાષ્ટ્ર અને ગુજરાતની સરકાર સાથે મળીને આ માટે જરૂરી તમામ સહયોગ આપવા માટે તૈયાર છે. હું આ ઉદ્યોગનું ભવિષ્ય ખૂબ જ ઉજ્જવળ જોઈ રહ્યો છું અને જેમ તથા જ્વેલરી ક્ષેત્રે ભારત માટે વૈશ્વિક લીડર તરીકે ઉભરી આવવાનો સમય આવી ગયો છે.' મહારાષ્ટ્રના માનનીય મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે, 'ભારતની નિકાસ અને આર્થિક વિકાસમાં દેશના જેમ અને જ્વેલરી ઉદ્યોગનું પ્રદાન અત્યંત નોંધપાત્ર રહ્યું છે, જેમાં મહારાષ્ટ્ર અને મુંબઈ અગ્રણી ભૂમિકા ભજવે છે. અહીં નિર્માણ પામેલી ઈકોસિસ્ટમ, ખાસ કરીને ભારત ડાયમંડ બુર્સ દ્વારા વેપારીઓ, કારીગરો અને કર્મચારીઓને એક વિશાળ ઉદ્યોગ પરિવાર તરીકે એકમંચ પર લાવવામાં આવ્યા છે. અમારો ઉદ્દેશ્ય રાજ્યની નીતિઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા આ ઉદ્યોગને સતત ટેકો આપવાનો છે. વર્ષ 2025માં રજૂ કરવામાં આવેલી નવી જ્વેલરી નીતિમાં અર્થતંત્ર અને રોજગારી બંનેમાં તેના યોગદાનને ધ્યાનમાં રાખીને આ ક્ષેત્રને વધુ મજબૂત કરવાના નિયમોનો સમાવેશ કરાયો છે. અમે નવી મુંબઈ ખાતે એક આધુનિક જ્વેલરી ઈકોસિસ્ટમ પણ વિકસાવી રહ્યા છીએ, જેમાં રૂ.1 લાખ કરોડનું રોકાણ આકર્ષવાની અને 50,000 નોકરીઓ ઊભી કરવાની ક્ષમતા છે.' આ પ્રસંગે બોલતા મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે, 'દેશભરમાં 50 લાખથી વધુ લોકો આ ક્ષેત્ર સાથે જોડાયેલાં છે અને આ ઉદ્યોગે ભારતને વૈશ્વિક વેપારમાં એક મજબૂત કેન્દ્ર તરીકે પ્રસ્થાપિત કર્યું છે. દેશની કુલ જેમ અને જ્વેલરીની નિકાસમાં મહારાષ્ટ્ર અને મુંબઈનો હિસ્સો 50% થી વધુ છે. મુંબઈનું ભારત ડાયમંડ બુર્સ હીરાના વેપાર માટેનું એક પ્રમુખ વૈશ્વિક કેન્દ્ર છે.

## અમદાવાદથી ઉજ્જૈન હવે માત્ર 6 કલાકમાં! સિંહસ્થ પહેલાં ગુજરાત-MP વચ્ચે તૈયાર થઈ જશે સુપરફાસ્ટ એક્સપ્રેસવે

(એજન્સી) ઉજ્જૈન | તા 15

મધ્ય પ્રદેશના ઉજ્જૈનથી ગુજરાતના અમદાવાદ સુધીનો પ્રવાસ હવે વધુ ઝડપી અને સુવિધાજનક બનવા જઈ રહ્યો છે. ઉજ્જૈનને સીધા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે સાથે જોડતા ઉજ્જૈન-ગરોઠ ફોર-લેન સેક્શન (NH-752D)નું નિર્માણ કાર્ય પૂરઝડપે ચાલી રહ્યું છે. આ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટના પૂર્ણ થવાથી બંને રાજ્યો વચ્ચેની કનેક્ટિવિટી વધુ મજબૂત થશે.હાલમાં ઉજ્જૈનથી અમદાવાદ જવા માટે ઝાબુઆ-દાહોદના જૂના રૂટનો ઉપયોગ કરવો પડે છે, જેની કુલ લંબાઈ આશરે 420 કિલોમીટર છે. રસ્તા પરના ટ્રાફિક અને સિંગલ રોડને કારણે આ સફર પૂરી કરવામાં 9થી 10 કલાકનો સમય લાગતો હતો. પરંતુ ઉજ્જૈન-ગરોઠ હાઈવે બનવાથી તે ગરોઠ પાસે સીધો દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે સાથે જોડાઈ જશે. આ નવા એક્સપ્રેસવે પર વાહનોની ગતિ 100થી 120 કિલોમીટર પ્રતિ કલાકની રહેવાથી હવે આ પ્રવાસ માત્ર 5.5થી 6 કલાકમાં જ પૂરો થઈ જશે, જેનાથી મુસાફરોના 3થી 4 કલાકની બચત થશે.આ નવા કોરિડોરનો લાભ માત્ર ઉજ્જૈન કે અમદાવાદના મુસાફરોને જ નહીં, પરંતુ મધ્ય પ્રદેશના અન્ય મોટા શહેરોને પણ મળશે. જેમ કે, ઈન્દોર અને દેવાસ ઉજ્જૈન રિંગ રોડ સાથે જોડાયેલા હોવાથી આ બંને શહેરોમાંથી દિલ્હી કે અમદાવાદ જતો ટ્રાફિક પણ આ રૂટનો સરળતાથી ઉપયોગ કરી શકશે. જ્યારે રતલામ અને મંસૌર જેવા માળવા ક્ષેત્રના જિલ્લાઓના લોકો પણ ગુજરાતના અમદાવાદ અને વડોદરા જેવા પ્રમુખ શહેરો સાથે વધુ મજબૂત રીતે જોડાઈ જશે.

(એજન્સી) નવી દિ

# News Brief

## કોંગ્રેસમાં મોટા ફેરબદલની તૈયારી: રાહુલ ગાંધી-પ્રિયંકા ગાંધીએ 130 નેતાઓને પૂછ્યા આકરા સવાલો, કોનું કપાશે પત્તું?



(એજન્સી) નવી દિલ્હી | તા 15

કોંગ્રેસ પક્ષમાં સંગઠનાત્મક ફેરબદલની દિશા સ્પષ્ટ થતી દેખાઈ રહી છે. રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને કેસી વેણુગોપાલે 130 સંભવિત ઉમેદવારોના ઈન્ટરવ્યુ લીધા છે. મંગળવારે વર્તમાન AICC સચિવો સાથે બેઠક યોજાશે, જેમાં લગભગ 50 ટકા સચિવોને બદલવામાં આવે તેવી શક્યતા છે. નવા ચહેરાઓને તક આપવા અને સંગઠનને મજબૂત કરવા આ કવાયત હાથ ધરાઈ છે.કોંગ્રેસ પક્ષમાં લાંબા સમયથી ચાલી રહેલા મોટા ફેરબદલની દિશા હવે સ્પષ્ટ થતી જોવા મળી રહી છે. પાર્ટી નેતૃત્વ સંગઠનને નવેસરથી મજબૂત કરવા માટે સઘન તૈયારીઓ કરી રહ્યું છે. પક્ષ ટૂંક સમયમાં જ AICC સચિવોમાં મોટો ફેરબદલ કરી શકે છે, જેમાં વર્તમાન સચિવોમાંથી લગભગ અડધા જેટલા નેતાઓને તેમની જવાબદારીઓમાંથી મુક્ત કરવામાં આવવાની સંભાવના છે. આ બદલાવની પ્રક્રિયા અંતર્ગત છેલ્લા એક સપ્તાહમાં આશરે 130 સંભવિત ઉમેદવારોના ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા છે. આ ઈન્ટરવ્યુ પ્રક્રિયામાં લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા અને AICC મહાસચિવ (સંગઠન) કેસી વેણુગોપાલ સામેલ રહ્યા છે.કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા અનુસાર, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા મંગળવારે વર્તમાન AICC સચિવો સાથે મુલાકાત કરશે. આ દરમિયાન તેમના કામકાજની સમીક્ષા કરવામાં આવશે અને તેમને મહત્ત્વપૂર્ણ ફીડબેક આપવામાં આવશે. આ બેઠક સંગઠનમાં પ્રસ્તાવિત ફેરબદલ પહેલાં યોજાઈ રહી છે. એવું માનવામાં આવે છે કે લગભગ 50 ટકા વર્તમાન AICC સચિવોને તેમની જવાબદારીઓમાંથી મુક્ત કરવામાં આવી શકે છે, જેથી નવા ચહેરાઓને પક્ષમાં આગળ લાવવાની તક મળી શકે.અહેવાલ મુજબ, નવા સચિવોની પસંદગી માટે ગ્રૂપ ઈન્ટરવ્યુની પ્રક્રિયા 7 સપ્ટેમ્બરથી શરૂ થઈ હતી. દરેક ઉમેદવાર માટે તૈયાર કરવામાં આવેલા ડોઝિયરના આધારે તેમને પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ, આ ડોઝિયરમાં પક્ષ સંગઠનમાં ઉમેદવારના કામ અને તેમના પ્રદર્શનથી જોડાયેલી તમામ માહિતી સામેલ હતી. કોંગ્રેસમાં હાલમાં કુલ 64 AICC સચિવો છે, જેમાંથી મોટાભાગનાને અલગ-અલગ રાજ્યોની જવાબદારી સોંપવામાં આવી છે. તેઓ સંબંધિત રાજ્યોમાં AICC મહાસચિવો કે પ્રભારી નેતાઓની અંદર કામ કરે છે.ઈન્ટરવ્યુમાં સામેલ એક નેતાના જણાવ્યા મુજબ, ઉમેદવારોના ઈન્ટરવ્યુ 12 થી 14 લોકોની બેચમાં લેવામાં આવ્યા હતા. રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી અને કેસી વેણુગોપાલે સંગઠનમાં તેમના કામને લઈને વિસ્તારથી પ્રશ્નો કર્યા હતા. ઉમેદવારોને પહેલા પોતાના વિશે પરિચય આપવા માટે કહેવામાં આવ્યું હતું, અને ત્યારબાદ પક્ષમાં તેમના પ્રદર્શન, તેમની ભૂમિકા તથા સંગઠન માટેના યોગદાન વિશે સવાલો પૂછવામાં આવ્યા હતા. ઉમેદવારોને એ પણ પૂછવામાં આવ્યું કે તેમણે પોતાની ભૂમિકામાં કયા-કયા કામો કર્યા અને તેના પાછળના કારણો શું હતા.

## ટક્કર મારનાર આરોપીનો લૂલો બચાવ સામે બાઈકર ગર્લ પરિવારનો પ્રહાર, કેમ રસ્તા પર પીછો કરતો હતો

ગુરુગ્રામ : ગુરુગ્રામમાં કાર અકસ્માતનો ભોગ બનેલી બાઈકર સિયા (શિવાની ચૌહાણ) એ સોમવારે રાત્રે પોતાનું પહેલું વિડીયો સ્ટેટમેન્ટ જાહેર કર્યું છે. આજ તક પર આરોપીના ઈન્ટરવ્યુ બાદ સિયાએ આ જવાબી વિડીયો રજૂ કર્યો હતો. બીજી તરફ, સોમવારે સાંજે પીડિતાના પિતા રોશન ચૌહાણે વકીલ સાથે ગુરુગ્રામના સેક્ટર ૫૬ પોલીસ સ્ટેશન પહોંચીને લેખિત ફરિયાદ નોંધાવી હતી અને કેસમાં કડક કલમો ઉમેરવાની માગ કરી હતી.પોતાના વિડીયો સ્ટેટમેન્ટમાં સિયાએ આરોપીના તમામ આરોપોનો સખત વળતો પ્રહાર કર્યો હતો. સિયાએ પ્રશ્ન ઉઠાવ્યો કે જો આરોપી દાવો કરતો હોય કે બાઈકર્સ તેને હેરાન કે મારપીટ કરી રહ્યા હતા, તો તે રસ્તા પર તેમનો પીછો કેમ કરી રહ્યો હતો? સિયાએ વધુમાં દાવો કર્યો હતો કે આરોપીએ જાણીજોઈને કારની લેન બદલીને બાઈકને ટક્કર મારી હતી, જે સંપૂર્ણપણે ઈરાદાપૂર્વક કરવામાં આવેલી હિંસક ઘટના હતી.પીડિતાના પિતા રોશન ચૌહાણે જણાવ્યું કે પોલીસે આ કેસમાં સુઓમોટુ (સ્વતઃ સંજ્ઞાન લઈને) FIR નોંધી લીધી છે અને તેમને ફરિયાદની રસીદ પણ મળી ગઈ છે. તેમણે ઉમેર્યું કે વાયરલ વિડીયો જોતાં સ્પષ્ટ થાય છે કે આ માત્ર એક સામાન્ય અકસ્માત નથી, પરંતુ હિટ-એન્ડ-રન અને હત્યાનો પ્રયાસ હતો. સદનસીબે પુત્રીને ગંભીર ઈજા નથી થઈ, પરંતુ વિડીયોમાં તેને દૂર સુધી ઢસડાતી જોઈ શકાય છે.રોશન ચૌહાણે સ્પષ્ટતા કરી કે આ ભયાનક ઘટના બાદ તેમની પુત્રી ખૂબ જ ડરી ગઈ હતી, જેથી તેણે શરૂઆતમાં પરિવારને કશું જણાવ્યું નહોતું. જો તેણે પહેલાં જાણ કરી હોત તો પોલીસ કાર્યવાહી વહેલી થઈ શકી હોત. તેમણે ભારપૂર્વક કહ્યું કે તેમની દીકરી કંઈ ખોટું નહોતી કરી રહી અને સામાન્ય રીતે બાઈક ચલાવી રહી હતી. તેઓ પોતાની પુત્રીને ન્યાય અપાવવા માટે જરૂરી દરેક કાનૂની હદ સુધી જશે.સિયાના વકીલે જણાવ્યું હતું કે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કેસમાં હત્યાના પ્રયાસ ના આરોપો ઉમેરવા જોઈએ.

## લો કરો વાત, જથ્થાબંધ ફુગાવો ૯.૯૨ ટકાને પાર...

નવી દિલ્હી : ભારતીયોએ આ વખતની નવરાત્રિ અને દિવાળી કાળઝાળ મોંઘવારી વચ્ચે ઉજવવી પડે તેમ લાગે છે. દેશમાં દૂધ, દહી, છાશ, ઘી, તેલ,શાકભાજી, અનાજ ખાંડ, પેટ્રોલ બધુ જ મોંઘુ થઈ રહ્યુ છે. આ મોંઘવારીનું પ્રતિબિંબ પાડતા હોય તેમ જથ્થાબંધ ફુગાવો ઓગસ્ટના અંતે ડબલ ફિગર નજીક ૯.૯૨ ટકાએ પહોંચી ગયો હતો. સપ્ટેમ્બરમાં તે વધીને ૧૦ ટકાથી પણ વધુ થાય તેવી અર્થશાસ્ત્રીઓએ ચેતવણી આપી છે. આ સિવાય રિટેલ ફુગાવો પણ વધીને ૪.૮૨ ટકા થયો છે. તંત્ર એકબાજુએ ઉજવણી અને આયોજનો વ્યસ્ત છે તો બીજી બાજુએ પ્રજા મોંઘવારીથી ત્રસ્ત છે. દિવાળી મનાવતા દેવાળું નીકળી જાય તેવી સ્થિતિ છે.જથ્થાબંધ ફુગાવામાં સતત થઈ રહેલા વધારાનું મુખ્ય કારણ પશ્ચિમ એશિયામાં ચાલતુ યુદ્ધ અને તેના કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલો વધારો છે. આ ઉપરાંત નબળા વરસાદે પણ ફુગાવામાં વૃદ્ધિની સંભાવનામાં વધારો કર્યો છે. આ બતાવે છે કે આગામી મહિનાઓમાં સ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે.ઓગસ્ટમાં પેટ્રોલિયમ અને નેચરલ ગેસની મોંઘવારીનો દર ૩૪.૪૧ ટકા રહ્યો છે. જુલાઈમાં તે ૨૬.૯૯ ટકા હતો. એટલે કે એક જ મહિનામાં તેમા નોંધપાત્ર વધારો થતાં કિંમતો પર દબાણ ખાસ્સુ વધી ગયું છે. તેની અસર ઇંધણ અને વીજ પુરવઠા પર પણ દેખાઈ રહી છે. જુલાઈમાં તેમા ૨૦.૦૫ ટકાની તુલનાએ ઓગસ્ટમાં તે વધીને ૨૨.૯૩ ટકા થઈ ગયો છે. ઓગસ્ટમાં ખાદ્ય ફુગાવો વધીને સાત ટકાએ પહોંચી ગયો છે, જે ૨૦ મહિનાના ઊંચા સ્તરે છે. ઓગસ્ટમાં તે ૬.૬ ટકા હતો. ફળ, શાકભાજી, દધ, મસાલા અને ખાંડના ભાવ વધતાં ખાદ્ય ફુગાવામાં વધારો થયો છે. અર્થશાસ્ત્રીઓએ ઓગસ્ટના અંતે રિટેલ ફુગાવો ૪.૮૦ ટકા રહેવાનો અંદાજ મૂક્યો હતો. તેઓએ ૪.૪૦ ટકાથી લઈને ૫.૦૫ ટકાની વચ્ચે અંદાજ મૂક્યો હતો. આ પહેલા જુનમાં રિટેલ ફુગાવાએ ચાર ટકાની સપાટી તોડી હતી અને ૩.૯૩ ટકાથી ઉપર જઈ ૪.૩૮ ટકા થઈ ગયો હતો.

## મહારાષ્ટ્ર હિન્દી સાહિત્ય અકાદમીના કાવ્યપાઠ કાર્યક્રમમાં શૌર્ય અને દેશભક્તિના કાવ્યાત્મક રંગમાં રંગાયા શ્રોતાઓ




મુંબઈ | 'હિન્દી દિવસ' નિમિત્તે 'રાજભાષા પખવાડા'ની ઉજવણીના ભાગરૂપે મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમી દ્વારા આયોજિત કાવ્યપાઠ કાર્યક્રમમાં શૌર્ય અને દેશભક્તિની કાવ્યાત્મક અભિવ્યક્તિઓએ શ્રોતાઓને મંત્રમુગ્ધ અને ભાવવિભોર કરી દીધા. આ ભવ્ય કાર્યક્રમ પ્રભાદેવી, મુંબઈ સ્થિત 'પુ. લ. દેશપાંડે મહારાષ્ટ્ર કલા અકાદમી'ના નાના સભાગૃહમાં યોજાયો હતો. મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમીના ભૂતપૂર્વ કાર્યકારી અધ્યક્ષ ડૉ. શીતલા પ્રસાદ દુબેએ કાર્યક્રમની અધ્યક્ષતા કરી હતી, જ્યારે ફિલ્મ સિટીના ભૂતપૂર્વ ઉપાધ્યક્ષ અમરજીત મિશ્રા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. નાગપુરના જાણીતા કવયિત્રી સુશ્રી શ્રદ્ધા શૌર્યે પોતાની જોમભરી શૈલીથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા; તેમણે 'વીર રસ' શૈલીમાં મહિલા સશક્તિકરણ અને રાષ્ટ્રીય ચેતનાને સમર્પિત વિવિધ રચનાઓનું પઠન કર્યું અને ભરપૂર દાદ મેળવી. મુંબઈના લોકપ્રિય હાસ્ય કવિ સુરેશ મિશ્રાએ પોતાની રમૂજી અને રસપ્રદ રચનાઓ દ્વારા શ્રોતાઓને ખડખડાટ હસાવ્યા, તેમજ રાષ્ટ્રગીત 'વંદે માતરમ્'ને વિશેષ કાવ્યાત્મક અંજલિ આપીને દેશભક્તિની ભાવના પણ જગાડી. કાર્યક્રમનું કુશળ સંચાલન મુંબઈના વરિષ્ઠ પત્રકાર અને સાહિત્યકાર ડૉ. અજીત રાયે કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય તથા રાષ્ટ્રગીત અને મહારાષ્ટ્ર રાજ્યગીતના ગાન સાથે થઈ હતી અને સમાપન રાષ્ટ્રગાન સાથે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભમાં, ડૉ. શીતલા પ્રસાદ દુબેએ મુખ્ય અતિથિ અને બંને કવિઓનું શાલ, સ્મૃતિચિહ્ન અને પુસ્તકો અર્પણ કરીને સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે અકાદમીના ભૂતપૂર્વ સભ્યો ગજાનન મહતપુરકર અને સુશ્રી કમલા બડોની સહિત અનેક વરિષ્ઠ સાહિત્યકારો અને કાવ્યપ્રેમીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

### મુખ્યમંત્રી અને દિગ્ગજોના ગઢમાં પરાજય

## રાજસ્થાનમાં દિગ્ગજોના ગઢમાં જ ભાજપનો સફાયો! પૂર્વ CMથી લઈને મોટા મંત્રીઓને ફટકો

(એજન્સી) જયપુર | તા 15

રાજસ્થાન સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપને મોટો ઝટકો લાગ્યો છે. મુખ્યમંત્રી ભજનલાલ શર્માના ગઢ ભરતપુરમાં 65માંથી માત્ર 20 બેઠકો મળી, જ્યારે અપક્ષો 36 બેઠકો જીત્યા. પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેના ઝાલાવાડમાં પણ કોંગ્રેસે 29 બેઠકો મેળવી. આ પરિણામો દર્શાવે છે કે જનતામાં સરકારની કામગીરી સામે અસંતોષ પ્રવર્તી રહ્યો છે, જે 2028ની વિધાનસભા ચૂંટણી પહેલા ભાજપ માટે ચિંતાનો વિષય છે. રાજસ્થાનમાં તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામોએ ભારતીય જનતા પાર્ટી (BJP) ના દિગ્ગજ નેતાઓને મોટો રાજકીય અરીસો બતાવ્યો છે. મુખ્યમંત્રી ભજનલાલ શર્માના ગૃહ જિલ્લા ભરતપુરથી લઈને પ્રદેશ અધ્યક્ષ અને અન્ય દિગ્ગજોના ક્ષેત્રોમાં પાર્ટીને અપેક્ષિત સફળતા મળી નથી. આ ચૂંટણીના પરિણામોથી સ્પષ્ટ થાય છે કે જનતામાં સરકારની કામગીરી સામે અસંતોષ પ્રવર્તી રહ્યો છે, જેનું



મહત્ત્વપૂર્ણ પરિણામ આ ચૂંટણીમાં જોવા મળ્યું છે. ચૂંટણી પહેલાં મોટા દાવા કરનાર નેતાઓ પોતાના જ ક્ષેત્રોમાં પાર્ટીને જીતાડી શક્યા નથી.મુખ્યમંત્રી ભજનલાલ શર્માના ગૃહ જિલ્લા ભરતપુરમાં 65 વોર્ડમાંથી ભાજપ માત્ર 20 બેઠકો પર સીમિત રહી ગઈ, જ્યારે 36 વોર્ડમાં અપક્ષો વિજયી બન્યા અને કોંગ્રેસને માત્ર 7 બેઠકો મળી. પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેના પ્રભાવશાળી ક્ષેત્ર ઝાલાવાડમાં પણ કોંગ્રેસે 45માંથી 29 બેઠકો જીતીને સ્પષ્ટ બહુમતી મેળવી અને ભાજપને સત્તા ગુમાવવી પડી.

## રાજસ્થાન સ્થાનિક ચૂંટણી: અજમેરમાં 36 વર્ષ પછી ભાજપનો ગઢ તૂટ્યો, 10 મનપામાં કાંટાની ટક્કર

રાજસ્થાનમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો જાહેર થતા ભાજપ અને કોંગ્રેસને મિશ્ર પ્રતિસાદ મળ્યો છે. જયપુર, કોટા, અલવરમાં ભાજપ આગળ રહ્યું, જ્યારે કોંગ્રેસે 36 વર્ષ બાદ અજમેર જીતી સૌને ચોંકાવ્યા. 10,235 વોર્ડમાંથી ભાજપને 4,179, કોંગ્રેસને 3,613 અને અપક્ષોને 2,273 બેઠકો મળી. પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેના ગઢ ઝાલાવાડમાં પણ કોંગ્રેસનો વિજય થયો. રાજસ્થાનમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીના સોમવારે જાહેર થયેલા પરિણામોએ રાજ્યના શહેરી રાજકારણમાં મોટો ઉલટફેર સર્જ્યો છે. સત્તાધારી ભારતીય જનતા પાર્ટી અને વિરોધ પક્ષ કોંગ્રેસ બંને માટે આ પરિણામો મિશ્ર સાબિત થયા છે. એક તરફ ભાજપે જયપુર, કોટા અને અલવર જેવા મુખ્ય શહેરોમાં પોતાની સરસાઈ જાળવી રાખી છે, તો બીજી તરફ કોંગ્રેસે 36 વર્ષ પછી ભાજપના ગઢ ગણાતા અજમેરમાં ઐતિહાસિક વિજય મેળવીને સૌને ચોંકાવી દીધા છે.રાત્રે 8.30 વાગ્યા સુધીમાં જાહેર થયેલા 10,244 વોર્ડ પૈકીના 10,235 વોર્ડના પરિણામો મુજબ ભાજપ 4,179 બેઠકો સાથે આગળ રહ્યું છે, જ્યારે કોંગ્રેસે 3,613 બેઠકો જીતી છે. આ ચૂંટણીમાં અપક્ષ ઉમેદવારોએ પણ મોટો પ્રભાવ પાડતાં 2,273 બેઠકો પોતાના નામે કરી છે. બાકીની બેઠકો RLP, BSP, BAP, CPIM અને આમ આદમી પાર્ટી જેવા નાના પક્ષોના ફાળે ગઈ છે.રાજસ્થાનની 10 મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી છે.ભાજપ જયપુર, કોટા અને અલવરમાં સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યો છે. જ્યારે ઉદયપુર અને ભીલવાડામાં ભાજપે સ્પષ્ટ બહુમતી હાંસલ કરી લીધી છે.બીકાનેરમાં કોંગ્રેસે સ્પષ્ટ બહુમતી મેળવી છે, જ્યારે અજમેર અને પાલીમાં કોંગ્રેસ સૌથી મોટો પક્ષ બન્યો છે. પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેના ગૃહ નગર ઝાલાવાડમાં પણ કોંગ્રેસે વિજય મેળવ્યો છે. ભરતપુરમાં અપક્ષ ઉમેદવારોનું સૌથી મજબૂત પ્રદર્શન રહ્યું છે, જ્યારે જોધપુરમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે લગભગ સરખી બેઠકો સાથે ટાઈ જેવી સ્થિતિ સર્જાઈ છે.રાજ્ય ચૂંટણી પંચના આંકડા મુજબ, અજમેરમાં ભાજપ 36 વર્ષ પછી ચૂંટણી હારી ગયું છે. અજમેરના 80 વોર્ડમાંથી કોંગ્રેસે 37 બેઠકો જીતીને સૌથી મોટો પક્ષ બનવાનું ગૌરવ મેળવ્યું છે.

### સરકારે મેટાના નિર્ણયને ગણાવ્યો 'પ્રથમ પગલું': સુરક્ષા સાથે કોઈ બાંધછોડ નહીં

## કેન્દ્ર સરકારની લાલ આંખ બાદ મેટા ઝૂક્યું: ચાઈલ્ડ અબ્યુઝ કન્ટેન્ટની હવે સીધી પોલીસ ફરિયાદ થશે!

(એજન્સી) નવી દિલ્હી | તા 15

બાળકોની ઓનલાઈન સુરક્ષા માટે કેન્દ્ર સરકારના કડક વલણ બાદ મેટાએ મોટો નિર્ણય લીધો છે. ફેસબુક અને ઈન્સ્ટાગ્રામની પેરન્ટ કંપની મેટા હવે બાળ યૌન શોષણના કેસો સીધા ભારતીય એજન્સીઓને રિપોર્ટ કરશે. MeitYના અધિકારીએ આ માહિતી આપી હતી. સરકારે આને 'પ્રથમ પગલું' ગણાવ્યું છે, અને અન્ય પ્લેટફોર્મ્સને પણ કડક કાર્યવાહીની ચેતવણી આપી છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર બાળકોની ઓનલાઈન સુરક્ષા સુનિશ્ચિત કરવા અને હાનિકારક કન્ટેન્ટ પર લગામ કસવા કેન્દ્ર સરકારના કડક વલણ બાદ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામની પેરન્ટ કંપની મેટા (Meta)એ મોટો નિર્ણય લીધો છે. મેટાએ સ્પષ્ટ ખાતરી આપી છે કે તે બાળ યૌન શોષણ (CSEAM) અને બાળકોની સુરક્ષા સાથે જોડાયેલા તમામ સંવેદનશીલ




કેસો સીધા ભારતીય કાયદા અમલીકરણ એજન્સીઓને રિપોર્ટ કરશે. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (MeitY)ના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યા અનુસાર, મેટાએ આ સંદર્ભે મંત્રાલયને સત્તાવાર પત્ર પાઠવીને જાણ કરી છે.કેન્દ્ર સરકારે સ્પષ્ટ કર્યું છે કે ભારતમાં કામ કરતી કોઈપણ સોશિયલ મીડિયા કંપની માટે બાળકોની ડિજિટલ સુરક્ષા એ મૂળભૂત સિદ્ધાંત છે અને તે કોઈપણ બાંધછોડ વગરનો વિષય છે.સરકારે મેટાના આ પગલાંને બાળકો માટે પ્લેટફોર્મ સુરક્ષિત બનાવવાની દિશામાં માત્ર એક 'પ્રથમ પગલું' ગણાવ્યું છે. સરકારી અધિકારીઓએ ભારપૂર્વક કહ્યું કે આ દિશામાં હજુ ઘણું કામ કરવાની જરૂર છે.સરકાર અન્ય તમામ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ સાથે પણ સતત સંપર્કમાં છે, જેથી બાળકો સાથે જોડાયેલ હાનિકારક કન્ટેન્ટ સમયસર ઓળખીને તાત્કાલિક હટાવી શકાય. સરકારે ચેતવણી આપી છે કે બાળકોની ઓનલાઈન સુરક્ષામાં બેદરકારી દાખવનાર કોઈપણ પ્લેટફોર્મ સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.મેટા સામે તાજેતરમાં ઈન્સ્ટાગ્રામ પર પેઈડ એડવર્ટાઈઝમેન્ટ્સ દ્વારા બાળ યૌન શોષણ સંબંધિત સામગ્રી અને એપ્સને પ્રમોટ કરવાના આક્ષેપો બાદ તપાસનો ગાળિયો કસાયો હતો. નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ (NCPCR) એ આ મામલે મેટા ઈન્ડિયાના વરિષ્ઠ અધિકારીઓને સમન્સ પાઠવી ખુલાસો માંગ્યો હતો.

### બેંગલુરુ પોલીસના અનેક રાજ્યોમાં દરોડા, પાંચ કરોડની દવા જપ્ત

## બેંગલુરુમાં 50 ટકા ડિસ્કાઉન્ટથી નકલી કેન્સર ડ્રગ, આઈસીયુ ઈન્જેકશન્સના વેચાણનું કૌભાંડ

બેંગ્લુરુ : બેંગ્લુરુમા કેન્સરની બનાવટી દવાનો કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે.તપાસકારો હવે બનાવટી અને રિપેકેજ્ડ થયેલી દવાઓ ૯૦થી પણ વધુ હોસ્પિટલોઅને ક્લિનિક્સને મોકલવામાં આવી હતી તેની તપાસ કરી રહ્યા છે. બેંગ્લુરુ પોલીસની સ્પેશ્યલ ઇન્વેસ્ટિગેશન ટીમ (સિટ) અને ડ્રગ કંટ્રોલ ડિપાર્ટમેન્ટ દ્વારા આ તપાસ સંયુક્ત રીતે હાથ ધરવામાં આવી રહી છે.આ કૌભાંડના સંદર્ભમાં ફાર્મસી કૃપા હેલ્થકેરના માલિક વીરેશકુમાર જૈનની ધરપકડ કરવામાઁ આવી છે. અહેવાલો મુજબ પોલીસે જણાવ્યું હતું કે જૈનની ફાર્મસી કૃપા હેલ્થકેરનો ઉપયોગ બનાવટી દવાઓનો સંગ્રહ કરવા અને તેનું વિતરણ કરવા માટે કરવામાં આવતો હતો. બેંગ્લુરુમાં મિનર્વા સર્કલ નજીક ફાર્મસીમાં પોલીસે દરોડો પાડતા અને શંકાસ્પદ બનાવટી ડ્રગ્સનો નોંધપાત્ર જથ્થો કબ્જે કરતાં આ તપાસનો વ્યાપ વધ્યો હતો. જપ્ત કરવામાં આવેલા જથ્થામાં કેન્સરની દવાઓ, જીવનરક્ષક દવાઓ અને આઈસીયુ ઈન્જેકશન્સનો સમાવેશ થાય છે. તપાસકર્તાઓ માને છે કે કૌભાંડીઓ આ બનાવટી



દવાઓ હોસ્પિટલો, ક્લિનિક્સ અને મેડિકલ સ્ટોર્સને ૫૦ ટકા સુધીના ડિસ્કાઉન્ટે પૂરી પાડતા હતા.આ અંગે વરિષ્ઠ અધિકારીને ટાંકીને સ્થાનિક અખબારે આપેલા અહેવાલમાં જણાવાયું હતું કે અમે સંખ્યાબંધ દસ્તાવેજો જપ્ત કર્યા છે, તેમા આ દવાઓ ખરીદવામાં આવી અને પછી વેચવામાં આવી તથા તેનું વિતરણ કરવામાં આવ્યું તેની ચકાસણી કરવામાં આવી રહી છે. ' બિડાડી ખાતે ૧૮મી ઓગસ્ટના રોજ દરોડો પાડવામાં આવ્યો ત્યાં સુધી કોઈને આ કૌભાંડની ખબર ન હતી. સત્તાવાળાઓને તેમા ૪.૯ કરોડની બનાવટી દવાઓ મળી આવી હતી, તેની સાથે તેના બનાવટી દસ્તાવેજો, ઈન્જેકશન્સથી ભરેલા સાધનો અને બનાવટી લેબલ્સનો સમાવેશ થાય છે.આ તપાસના પગલે સિટે કર્ણાટક, હરિયાણા, હિમાચલ પ્રદેશ, તમિલનાડુ અને મહારાષ્ટ્રમાં ૧૦ સ્થળોએ તપાસ કરી હતી. તેના પગલે તપાસકારો કૃપા હેલ્થકેર અને તેના માલિક વીરેશકુમાર સુધી પહોંચ્યા હતા. તપાસકારો હવે આ દવાઓ વેચવામાં મહત્ત્વની ભૂમિકા જાવનારા ૧૫ મેડિકલ રિપ્રેઝન્ટેટિવની ભૂમિકા પણ ચકાસી રહ્યા છે.સિટના વડા અને જોઈન્ટ પોલીસ કમિશ્નર (વેસ્ટ) વામસી કૃષ્ણાએ જણાવ્યું હતું કે તપાસ હજી પણ ચાલી રહી છે અને તપાસક્રતાઓ હજી આ ઈન્ટરસ્ટેટ કૌભાંડનો વ્યાપ કેટલો છે તેના તળિયા સુધી પહોંચી શક્યા નથી. અમે બેન્ક ટ્રાન્ઝેકશન્સ રેકોર્ડ, ખરીદી અને વેચાણના આંકડા તથા અન્ય દસ્તાવેજો મેળવ્યા છે. આના પરથી કૌભાંડની ખબર પડી છે. પોલીસનું માનવું છે કે જૈન પાંચ વર્ષથી કૌભાંડ ચલાવતો હતો. તે પ્રશાંત સાથે જોડાયેલો હોવાનું માનવામાં આવે છે.આ પ્રશાંત કૌભાંડનો માસ્ટરમાઈન્ડ હોવાનું તપાસકર્તાઓ માની રહ્યા છે.

# સિટી એક્સપ્રેસ

## ક્રેડિટ કાર્ડ રિવોર્ડ પોઈન્ટ્સની લાલચ દંપતીને ભારે પડી

અમદાવાદ | અમદાવાદ શહેરના અમરાઈવાડી વિસ્તારમાં રહેતા પરિવારને ક્રેડિટ કાર્ડના રૂપિયા 9,500ના રિવોર્ડ પોઈન્ટ્સ રોકડમાં રિડીમ કરાવવાની લાલચ આપી સાયબર ગઠિયાએ વોટ્સએપ મારફતે બનાવટી APK ફાઈલ મોકલી મોબાઈલ હેક કરી લીધો હતો. ત્યારબાદ ગઠિયાએ વાતચીત ચાલુ રાખીને જ તેમના બે અલગ-અલગ બેંકના ક્રેડિટ કાર્ડમાંથી ટુકડે-ટુકડે કુલ રૂપિયા 1.89 લાખની રકમ ઉપાડી લઈને છેતરપિંડી આચરી હતી. આ મામલે રામોલ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

## વેજલપુરની 'બાબુ કાલિયા ગેંગ' સામે ગુજસીટોક હેઠળ ગુનો દાખલ

અમદાવાદ | અમદાવાદના વેજલપુર સ્થિત ફતેવાડી વિસ્તારમાં સંગઠિત ગુનાખોરી આચરતી કુખ્યાત બાબુ કાલિયા ગેંગ પર પોલીસે સકંજો કસ્યો છે અને તેની સામે ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ્સ એક્ટ (GUJCTOC) હેઠળ ગુનો દાખલ કર્યો છે. નોંધનીય છે કે, બાબુ કાલિયા ગેંગના કેસમાં બે આરોપીઓને જે તે સમયે 307ના ગુના હેઠળ ધરપકડ કરી હતી. એક દિવસના રિમાન્ડ મેળવ્યા બાદ તે જેલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા. ત્યારબાદ આ કેસમાં નવી કલમ ઉમેરીને વધુ તપાસ અર્થે રિમાન્ડ માગતા કોર્ટે બાબુ કાલિયાના રિમાન્ડ આપ્યા છે, જ્યારે બીજો આરોપી વસીમ ઉર્ફે ડેમો હાલ જ્યુડિશિયલ કસ્ટડીમાં છે.

### બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસની યાદી અમિત ચાવડાએ રદ કરતા વિવાદ

# 'અમારે કોંગ્રેસ સામે નહીં ભાજપ સામે લડવું છે, મને પ્રમુખ પદેથી હટાવી દો' : ગુલાબસિંહ

અમદાવાદ | બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ તરીકે ગુલાબસિંહ રાજપૂતની નિમણૂક થયાને એક વર્ષ વિતી ગયા બાદ પણ સંગઠનની રચના કરવામાં ન આવી. બે દિવસ પહેલા ગુલાબસિંહે પોતાની જ રીતે બનાસકાંઠા અને વાવ-થરાદ જિલ્લા કોંગ્રેસના સંગઠનની જાહેરાત કરી દીધી. જો કે, પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ આ યાદીને રદ કરી દેતા વિવાદ સર્જાયો છે.

અમિત ચાવડાની કાર્યવાહી બાદ ગુલાબસિંહે કહ્યું- અમારે કોંગ્રેસ સામે નહીં ભાજપ સામે લડવું છે. મને જિલ્લા પ્રમુખ પદેથી હટાવી અન્ય કોઈને નિમણૂક આપી. સાથે કોઈનું નામ લીધા વિના કહ્યું કે, લોકસભામાં પાર્ટી વિરુદ્ધ કામ કરનારા લોકો દ્વારા સંગઠનને નુકસાન કરવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે.

ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અને બનાસકાંઠા જિલ્લા પ્રમુખ વચ્ચેનો ગજગ્રાહ સપાટી પર આવી ગયો છે. બે દિવસ પહેલા બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ગુલાબસિંહ રાજપૂતે જિલ્લા કોંગ્રેસ સમિતિનું માળખું જાહેર કર્યું હતું. જેમાં બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના માળખામાં ઉપપ્રમુખ, પ્રમુખ, મહામંત્રી, મંત્રી, ખજાનચી, પ્રવક્તા, કાર્યાલય મંત્રી, કારોબારી સભ્યોની નિમણૂક કરવામાં આવી હતી.

અંદાજે 200થી વધુ કાર્યકર્તાઓને અલગ અલગ જવાબદારી જિલ્લા સમિતિમાં સોંપવામાં આવી હતી. જેની સંપૂર્ણ યાદી ગુલાબસિંહ રાજપૂતે પોતાના સોશિયલ મીડિયા પર મૂકી વાયરલ કરી હતી.

બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિની યાદી જાહેર થતાં ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા દ્વારા તેનો વિરોધ કરવામાં આવ્યો હતો. બનાસકાંઠા કોંગ્રેસ પ્રમુખ ગુલાબસિંહ રાજપૂતે વિશ્વાસમાં લીધા વગર બનાસકાંઠા જિલ્લાનું માળખું જાહેર કર્યું હોવાનો દાવો કરી નિમણૂકો તાત્કાલિક અસરથી રદ કરવા આદેશ કર્યો હતો. બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિના હોદ્દેદારો અને કારોબારીની યાદીને પ્રદેશ સમિતિ તરફથી મંજૂરી ન આપવામાં આવી હોવાનો દાવો કરી ગુલાબસિંહ રાજપૂતે જાહેર કરેલી નિમણૂકો રદ કરી હતી.

બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ગુલાબસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, જ્યારથી હું જિલ્લા પ્રમુખ બન્યો ત્યારથી નિમણૂક અટકેલી છે. જિલ્લાનું માળખું જ ન હોય તો કામ કઈ રીતે થઈ શકે તેને લઈને અનેક વખત રજૂઆત પણ કરી છે. બેથી ત્રણ લોકો મજબૂત




રાહુલ ગાંધી સામે જે લોકોએ કેસ કર્યા તે લોકો સાથે સાંઠગાંઠ કરીને કોંગ્રેસનું સંગઠન નથી બનવા દેતા તેવા દાવા સાથે ગુલાબસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, ગેનીબેન ચૂંટણી હારે તે માટે આ લોકોએ ભાજપ જોડે પૈસા લીધા, કોંગ્રેસના લોકોની મીટિંગ કરાવી અને જે લોકોએ રાહુલ ગાંધી સામે કેસ કર્યા તે જ લોકો સાથે સાંઠગાંઠ કરી હતી. તેમ છતાં ગેનીબેન ઠાકોર જીતી ગયા અને પાટણ હરાવવામાં તે લોકો સફળ રહ્યા હતા. જો આ રીતે પક્ષ ચાલવાનો હોય તો કઈ રીતે સત્તા મળશે? અને લોકોની સેવા કરીશું. હજુ પણ ભેગા થઈને રજૂઆત કરીશું અને જે લોકો પાર્ટીને નુકશાન કરે છે તેને હટાવવા રજૂઆત કરીશું. જે યાદી જાહેર કરવામાં આવી તે ધારાસભ્ય, પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ પ્રમુખ અને તાલુકા સમિતિ પાસેથી નામ લઈને અભિપ્રાયથી નામ નક્કી.

કોંગ્રેસને નુકશાન કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. પાટણ અને બનાસકાંઠા લોકસભા હરાવવાનું જે લોકોએ કામ કર્યું તે જ લોકો સંગઠનને નુકસાન કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

રાહુલ ગાંધી સામે જે લોકોએ કેસ કર્યા તે લોકો સાથે સાંઠગાંઠ કરીને કોંગ્રેસનું સંગઠન નથી બનવા દેતા તેવા દાવા સાથે ગુલાબસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, ગેનીબેન ચૂંટણી હારે તે માટે આ લોકોએ ભાજપ જોડે પૈસા લીધા, કોંગ્રેસના લોકોની મીટિંગ કરાવી અને જે લોકોએ રાહુલ ગાંધી સામે કેસ કર્યા તે જ લોકો સાથે સાંઠગાંઠ કરી હતી. તેમ છતાં ગેનીબેન ઠાકોર જીતી ગયા અને પાટણ હરાવવામાં તે લોકો સફળ રહ્યા હતા. જો આ રીતે પક્ષ ચાલવાનો હોય તો કઈ રીતે સત્તા મળશે? અને લોકોની સેવા કરીશું. હજુ પણ ભેગા થઈને રજૂઆત કરીશું અને જે લોકો પાર્ટીને નુકશાન કરે છે તેને હટાવવા રજૂઆત કરીશું. જે યાદી જાહેર કરવામાં આવી તે ધારાસભ્ય, પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ પ્રમુખ અને તાલુકા સમિતિ પાસેથી નામ લઈને અભિપ્રાયથી નામ નક્કી કરવામાં આવ્યા છે. 15 ટકા એવા લોકો હતા જેમણે કોંગ્રેસ માટે જીવ રેડ્યો છે તેમને જવાબદારી સોંપવામાં આવી હતી. એક બે લોકો એવું કહે છે કે અમને પૂછ્યા વગર કેમ નામ નક્કી કરવામાં આવ્યા છે. જેથી અમે કીધું હતું કે જે નામ દૂર કરવા હોય તે પ્રદેશ પ્રમુખ સાથે વાત કરીને નક્કી કરી લો બીજા નામનું તો સંગઠન બનવા દો.

અમારે કોંગ્રેસ સામે નહીં ભાજપ લડવું છે પ્રમુખ પદ પરથી હટાવી નવી નિમણૂક કરી દો તેવું કહી ગુલાબસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, કોંગ્રેસ જિંદા બાદ નહીં અમે જિંદા બાદ એવું કહે તે લોકોની નિમણૂક આપો તો જ સંગઠન બનવા દઈશું નહીં તો નહીં કરવા દઈએ. જેથી તેવા લોકોના કહેવાથી નિમણૂંક રદ કરવામાં આવી તે દુઃખની બાબત છે. પાર્ટી માટે કામ કરતા 15 લોકોના નામ આવ્યા જેથી તેને લઈને તે બે ત્રણ લોકોએ વિરોધ કરીને નામ રદ કરવામાં આવ્યા છે. મેં અને ઉત્તર ગુજરાતના અનેક લોકોએ પ્રભારી અને રાષ્ટ્રીય પ્રમુખને પણ રજૂઆત કરી છે. પ્રદેશ પ્રમુખને પણ રજૂઆત કરી પરંતુ કોઈ નિર્ણય લેવામાં આવતો નથી.

ગેનીબેન સાથે પણ ગઈકાલે રાત્રે ચર્ચા થઈ છે અને તે પણ જાણે છે કે તેમણે હરાવવા માટે પણ તે લોકો પ્રયાસ કરતા હતા અને આજે પણ ગેનીબેનને નુકશાન થાય તે માટેના પ્રયાસ કરી રહ્યા છે. પ્રભારી ધ્યાન દોર્યું છે કે અમારે ભાજપ સામે લડવું છે.

# પોલીસ સ્ટેશનમાં યુવક દ્વારા પેન્ટથી પંખે લટકીને આપઘાત કરાયો

### ટ્રેનમાં જામનગરથી યુપી જતા કોઈએ હેરાન કરતા અમદાવાદ ઉતર્યો, ફરિયાદ કરતા પો.સ્ટેશન લવાયો; ભાઈ સાથે પણ વાત કરાવી




રાજુ, મૃતક

અમદાવાદ | અમદાવાદના શહેરકોટડા પોલીસ સ્ટેશનમાં મદદ માટે આવેલા ઉત્તરપ્રદેશના ખેરી જિલ્લાના 38 વર્ષીય રાજુ જાટવે પોલીસની નજર ચૂકવી ઈલેક્ટ્રિક રૂમમાં જઈ પેન્ટથી પંખે લટકી ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે.

રાજુ પોતાના વતન ઉત્તરપ્રદેશ જવા માટે મિત્ર સાથે નીકળ્યો હતો. ટ્રેન અસારવા પહોંચી ત્યારે રાજુ મિત્રને જાણ કર્યા વગર ટ્રેનમાંથી ઉતરી ગયો હતો. બાદમાં તેને પોલીસ કંટ્રોલમાં ફોન કરતા પોલીસ પહોંચી અને તેને શહેરકોટડા પોલીસ સ્ટેશન લઈ આવી હતી.

તેને પોલીસકર્મીને જણાવ્યું હતું કે છેલ્લા ત્રણેક માસથી મોટી ખાબડી જામનગરમાં નોકરી કરતો હતો, પરંતુ કોઈ કારણોસર નોકરીમાંથી કાઢી મુક્યો હતો અને પરત નોકરી પર રાખતા ન હતા જેથી તે ટેન્શનમાં હતો. બીજી તરફ રાજુ સાથે યુપી જઈ રહેલો તેનો મિત્ર હાલમાં ફોન ઉપાડતો ન હોવાથી પોલીસે તેની પણ તપાસ શરૂ કરી છે.

રાજુની સ્થિતિને ધ્યાનમાં રાખીને પોલીસે તેનું કાઉન્સેલિંગ કરાવી તેના ભાઈ સાથે ફોન પર વાત કરાવી હતી. રાજુ પાસે પૈસા ન હોવાનું જણાવતા તેના ભાઈએ એક દિવસમાં રૂપિયા મોકલી આપવાની ખાતરી આપી હતી. આ દરમિયાન એક પોલીસ કર્મચારીએ રાજુને નાસ્તો કરવા માટે 100 રૂપિયા આપ્યા હતા.

બાદમાં પોલીસકર્મીને તેને કોઈ કાર્યવાહી નથી કરવી તેવું જણાવી પોલીસ સ્ટેશનમાં થોડો સમય બેસી પૈસા આવશે એટલે સવારની ટ્રેનમાં બેસીને જતો રહેશે તેવું કહેતા પોલીસકર્મીઓએ તેને વેઈટિંગ એરિયામાં બેસાડ્યો હતો.

વહેલી સવારે કોઈ પોલીસકર્મી તેની આસપાસ ન હોવાનો લાભ લઈને યુવકે વેઈટિંગ એરિયાની સામે ઈલેક્ટ્રિક રૂમમાં જઈને અંદરથી દરવાજો બંધ કરીને પોતાના પેન્ટ વડે ગળાફાંસો ખાઈને આપઘાત કર્યો હતો. પોલીસકર્મીની નોકરી 8 વાગ્યે પૂર્ણ થતાં ઈલેક્ટ્રીક રૂમના લોકરમાં રાખેલા કપડા તથા બેગ લેવા દરવાજો ખોલતા ખૂલ્યો નહી.

પોલીસકર્મીએ બુમ પાડી બે-ત્રણ વખત દરવાજો ખખડાવતા દરવાજો ના ખોલતા બારીમાંથી જોતા રાજુ પંખા પર ગળાફાંસો ખાધેલી હાલતમાં મળ્યો હતો. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

## ગાંધીનગરમાં ડિવોર્સી મહિલા પોલીસ કોન્સ્ટેબલનો આપઘાત : ઘરમાં પંખે દુપટ્ટો બાંધીને ગળાફાંસો ખાધો

ગાંધીનગર | ગાંધીનગરના સેક્ટર-3ડી વિસ્તારમાં રહેતા અને શાહીબાગ પોલીસ હેડ ક્વાર્ટર્સમાં ફરજ બજાવતા 28 વર્ષીય મહિલા કોન્સ્ટેબલસ જ્હાનવી ડાભીએ પોતાના જ ઘરે પંખા સાથે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે. મૃતક રાત્રિની ડ્યુટી પૂરી કર્યા બાદ પોતાના ઘરે પરત ફર્યા હતા અને આત્યંતિક પગલું ભરી લીધું હતું. હાલમાં આ મામલે સેક્ટર 7 પોલીસે ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ શરૂ કરી છે. તપાસમાં સામે આવ્યું છે કે, જ્હાનવીના ડિવોર્સ થઈ ચૂક્યા છે અને તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર 25 હજારથી વધુ ફોલોઅર્સ છે. સેક્ટર-3ડી ખાતે રહેતાં જ્હાનવીબેન અનિલભાઈ ડાભી અમદાવાદ શહેરના શાહીબાગ પોલીસ હેડ ક્વાર્ટર્સમાં લોકરક્ષક કોન્સ્ટેબલ તરીકે પોતાની ફરજ નિભાવી રહ્યા હતા. ગઈકાલે 14 સપ્ટેમ્બરે રાત્રે તેઓ પોતાની નાઈટ ડ્યુટી પૂર્ણ કરીને ગાંધીનગર સ્થિત પોતાના ઘરે પાછા આવ્યા હતા. મોડી રાત સુધી તેઓ રૂમમાંથી બહાર ન આવતા પરિવારજનોને શંકા ગઈ હતી. પરિવારજનોએ રૂમનો દરવાજો ખખડાવ્યો હતો, પરંતુ અંદરથી કોઈ જ પ્રતિસાદ સાંપડ્યો ન હતો. આથી આસપાસના લોકોની મદદથી અંદર જઈને તપાસ કરતાં જ્હાનવીબેન રૂમના પંખા સાથે દુપટ્ટા વડે ગળાફાંસો ખાધેલી હાલતમાં મૃત અવસ્થામાં મળી આવ્યા હતા. પોલીસે મૃતદેહને નીચે ઉતારીને પંચનામાની કાર્યવાહી કરી પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, 28 વર્ષીય જ્હાનવીબેનના અગાઉ ડિવોર્સ થઈ ચૂક્યા છે. જો કે આટલી નાની વયે અને પોલીસ વિભાગ જેવી ગંભીર નોકરી સાથે જોડાયેલા મહિલા કર્મચારીએ આ પ્રકારનું અંતિમ પગલું કેમ ભર્યું તે અંગેનું ચોક્કસ કારણ હજુ સુધી અકબંધ છે. હાલ તો સેક્ટર-7 પોલીસે અકસ્માતે મોતના ગુનો નોંધ્યો છે. પોલીસ દ્વારા મૃતકના પરિવારજનો, મિત્રો અને સહકર્મીઓની પૂછપરછ કરી રહી છે. જેથી આપઘાત પાછળનું સાચું કારણ બહાર આવી શકે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ અને પોલીસની વિગતવાર તપાસ પૂર્ણ થયા બાદ જ આ અંગે વાસ્તવિક કારણો પરથી પડદો ઉંચકાશે.



## બાળકોની સુરક્ષા માટે ગુજરાતમાં નવી નીતિ

ગાંધીનગર | બાળકોને હિંસા, શોષણ, દુર્વ્યવહાર, ઉપેક્ષા અને ભેદભાવથી સુરક્ષિત રાખવા ગુજરાત સરકારે 'ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ નીતિ-2026' જાહેર કરી છે. આ નીતિમાં બાળ સુરક્ષાને માત્ર એક વિભાગની જવાબદારી ન રાખી પરિવાર, શાળા, હોસ્પિટલ, બાળ સંભાળ સંસ્થા, સ્થાનિક સંસ્થાઓ, NGO, ઉદ્યોગો, મીડિયા, ધાર્મિક સંસ્થાઓ અને ડિજિટલ પ્લેટફોર્મ સુધી વ્યાપક બનાવવામાં આવી છે. બાળકો વિરુદ્ધ દુર્વ્યવહાર અને શોષણ સામે 'ઝીરો ટોલરન્સ'નો અભિગમ નીતિમાં અપનાવવામાં આવ્યો છે.

નવી નીતિનો ઉદ્દેશ માત્ર ઘટના બન્યા બાદ કાર્યવાહી કરવાનો નહીં, પરંતુ જોખમની સમયસર ઓળખ, નિવારણ, તાત્કાલિક પ્રતિભાવ, પરામર્શ, પુનઃપ્રાપ્તિ, પુનર્વસન અને પુનઃસમાવેશનની સમગ્ર વ્યવસ્થા ઊભી કરવાનો છે. બાળકનું શ્રેષ્ઠ હિત, સમાનતા, જીવન અને વિકાસનો અધિકાર, બાળકના મતનો આદર, ગૌરવ અને સન્માન, ગુપ્તતા, પરિવારનું સશક્તિકરણ તથા હિંસાથી સુરક્ષા જેવા સિદ્ધાંતોને મહત્વ આપવામાં આવ્યું છે.

## નવા નરોડામાં 300 કરોડનો પ્લોટ:સોલા, આંબલી અને ગોતાના 9 પ્લોટનું જાહેર હરાજીથી વેચાણ; 12 ઓક્ટોબર સુધી રજિસ્ટ્રેશન કરી શકાશે

અમદાવાદ | ટીપી સ્કીમ અંતર્ગત શહેરના સોલા, આંબલી, ગોતા, જગતપુર અને રાણીપ સહિતના વિસ્તારોમાં અમદાવાદ મનપાને રિઝર્વેશનના મળેલા 9 પ્લોટનું ઈ-જાહેર હરાજીથી વેચાણ કરવામાં આવશે. આ પ્લોટના વેચાણથી 1001 કરોડ રૂપિયાની આવક કોર્પોરેશનને થશે. શહેરીજનોને પ્રાથમિક સુવિધાના કામો સહિતના વિવિધ કામો પાછળ આ રકમ ખર્ચ કરાશે.

મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરોડો રૂપિયાની આવક ઊભી કરવા માટે કરોડોની કિંમતના પ્લોટનું જાહેર હરાજીથી વેચાણ કરવામાં આવે છે. શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા આંબલી, ગોતા, સોલા, જગતપુર, અને રાણીપજેવા વિકસિત અને પોશ વિસ્તારોમાં આવેલા છે. આ તમામ પ્લોટો પૈકી સૌથી મોટો પ્લોટઉત્તર ઝોનમાં આવેલા હંસપુરા વિસ્તારમાં ટીપી 109 (મુઠિયા-હંસપુરા-બિલાસિયા)નો પ્લોટ નંબર 96 વેચાણમાં મૂકવામાં આવ્યો છે. રહેણાંક (સેલ ફોર રેસિડેન્સ) હેતુ માટેના 41,843 ચોરસ મીટર ક્ષેત્રફળ ધરાવતા આ વિશાળ પ્લોટની તળિયાની કિંમત (ઓફસેટ પ્રાઈસ) પ્રતિ ચોરસ મીટર રૂ. 71,000 નક્કી કરવામાં આવી છે. માત્ર આ એક જ પ્લોટના વેચાણથી કોર્પોરેશનની તિજોરીમાં 297 કરોડ



રૂપિયાથી વધુની રકમ જમા થવાનો અંદાજ છે. તમામ 9 પ્લોટોનું વેચાણની જાહેર હરાજી 15 અને 16 ઓક્ટોબરના રોજ રાખવામાં આવી છે. 12 ઓક્ટોબર સુધી મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ પરથી પ્લોટના જાહેર હરાજીના વેચાણની માહિતી મેળવી અને રજીસ્ટ્રેશન કરાવી શકે છે અને 14 ઓક્ટોબર સુધી ઓનલાઈન બીડ ભરી શકાશે. 15 ઓક્ટોબરના રોજ હંસપુરા, આંબલી, સોલા અને ગોતાના 5 પ્લોટ અને 16 ઓક્ટોબરના રોજ ગોતા, જગતપુર, રાણીપ અને સોલાના 4 પ્લોટનું ઈ- જાહેર હરાજી કરવામાં આવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ટીપી સ્કીમ અંતર્ગત પ્રાપ્ત થતા કોમર્શિયલ અને રેસિડેન્શિયલ હેતુના પ્લોટોનું વેચાણ કરીને મેળવેલી રકમનો ઉપયોગ શહેરના વિવિધ વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓ ઊભી કરવા માટે કરાશે. સ્ટેન્ડિંગ કમિટીની મંજૂરી બાદ આ ભંડોળમાંથી શહેરીજનો માટે પીવાનું પાણી, ગટર વ્યવસ્થા, પાકા રસ્તા, સ્ટ્રીટ લાઈટ, સ્ટોર્મ વોટર (વરસાદી પાણી) લાઈન, સુંદર બાગ-બગીચા, જાહેર લાઈબ્રેરી, સિવિક સેન્ટર અને ફાયર સ્ટેશન જેવી આધુનિક માળખાકીય સુવિધાઓનો વિકાસ કરવામાં આવશે.

## અમદાવાદમાં બે અકસ્માત, એકનું મોત : અંજલિ બ્રિજ પર ટ્રકે બે યુવકોને કચડ્યા, એસ.જી હાઈવે પર કાર ડિવાઈડર સાથે અથડાઈ બુકડો થઈ...

અમદાવાદ | અમદાવાદમાં 15 સપ્ટેમ્બરની સવારે અકસ્માતની બે ઘટના સામે આવી છે. પ્રથમ ઘટનામાં પાલડી વિસ્તારમાં અંજલિ બ્રિજ પાસે એક આઈસર ટ્રક જઈ રહી હતી, ત્યારે રોંગ સાઈડમાં ટ્રક પણ સામેથી આવી રહી હતી. આઈસરની પાછળ એક બાઈક પર બે યુવક જઈ રહ્યા હતા. બાઈક ચાલકે આઈસરનો ઓવરટેક કરવા જતાં રોંગ સાઈડમાં આવતી અન્ય ટ્રક સાથે ટક્કર થતા બંને યુવકો બાઈક સાથે ટ્રકની નીચે આવી ગયા હતા. આ ઘટનામાં બાઈકચાલક યુવકનું સ્થળ પર જ મોત થયું છે, જ્યારે એક યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. અકસ્માત બાદ ટ્રક ડ્રાઈવર ભાગી રહ્યો હતો, જેને સ્થાનિકો પકડવા માટે દોડ્યા પણ હતા. એન



ડિવિઝન ટ્રાફિક પોલીસે ટ્રકચાલક સામે ગુનો દાખલ કર્યો છે. એસ.જી. હાઈવે પર વાઈડ એન્ગલ સામે ઈસ્કોન બ્રિજ ઉપર સવારે 3:30 વાગ્યે અકસ્માત સર્જાયો હતો. 20 વર્ષીય હેત સુનીલભાઈ પરીખ કાર લઈને જઈ રહ્યો હતો, ત્યારે ઓવર સ્પીડના કારણે કાર બેકાબૂ બની ડાયવર્ઝન સાથે અથડાઈ હતી. અકસ્માતમાં સદનસીબે હેતને ઈજા પહોંચી નથી, પરંતુ કારનો બુકડો બોલી ગયો છે. અકસ્માતનો મેસેજ મળતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી, ત્યાં કારચાલક પણ હાજર હતો. તેણે પોલીસને જણાવ્યું કે, તે રાત્રે ગાંધીનગરથી પોતાના ઘરે જઈ રહ્યો હતો, ત્યારે સ્પીડમાં કાર ચલાવતા તેણે પોતાનું બેલેન્સ ગુમાવ્યું હતું અને કાર બ્રિજ પર મૂકેલા ડાયવર્ઝનના લોખંડના પતરા સાથે અથડાઈ ગઈ હતી.

## શેલા-બોપલ, આંબલી, SBR પાણી પાણી : રસ્તા પર જાણે નદી વહેતી હોય, કાર-બાઈક અડધા ડૂબી ગયા

અમદાવાદ | ફરી એકવાર વરસાદે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની પ્રિ-મોન્સુન કામગીરીની પોલ ખોલી નાખી છે. વરસાદ પડતાં જ શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ છે. પોશ વિસ્તાર ગણાતા સિંધુ ભવન રોડ, બોપલ અને આંબલી વિસ્તારમાં રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા છે. માત્ર મુખ્ય રસ્તાઓ જ નહીં, પરંતુ સોસાયટીઓમાં પણ ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં રહીશોની મુશ્કેલી વધી છે. અનેક ઘરોના ચોક અને સોસાયટીના રસ્તાઓ પર નદીની જેમ વરસાદી પાણી ભરાઈ જતાં લોકોને ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલ બન્યું છે. જેથી વરસાદી પાણીના નિકાલ માટેની વ્યવસ્થા સામે સવાલો ઉઠી રહ્યા છે.

રસ્તાઓ પર પાણી ભરાઈ જતાં વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પાણીમાંથી વાહન પસાર કરવું પડે છે, જેના કારણે વાહનો બંધ થવાની સાથે ટ્રાફિકની સમસ્યા પણ સર્જાઈ રહી છે. બીજી તરફ ચાલતા જતા રાહદારીઓને પણ પાણીમાંથી પસાર થવાની ફરજ પડી રહી છે. ક્યાં રસ્તો છે અને ક્યાં ખાડો છે તે પાણી ભરાવાના કારણે દેખાતું ન હોવાથી અકસ્માતનો ભય પણ રહે છે. સોસાયટીઓમાં પાણી ઘૂસી જતાં રહીશોને ઘરેથી વાહન બહાર કાઢવામાં તેમજ રોજિંદા કામ માટે બહાર નીકળવામાં મુશ્કેલી પડી રહી છે. સિંધુ ભવન રોડ શહેરના પોશ અને સૌથી વિકસિત વિસ્તારો પૈકીનો એક ગણાય છે. રોડની આસપાસ કરોડોની કિંમતના બંગલા, વૈભવી કોમર્શિયલ બિલ્ડિંગો, રેસ્ટોરન્ટ અને દુકાનો આવેલી છે. કરોડો રૂપિયાના પ્રોપર્ટી રોકાણ અને હાઈ-પ્રોફાઈલ વિસ્તાર હોવા છતાં વરસાદ પડતાં જ અહીં રસ્તાઓ પર પાણી ભરાઈ જવાની સ્થિતિ સર્જાય છે. સિંધુ ભવન રોડ પર વરસાદી પાણી ભરાતા વાહનચાલકોને પાણીમાંથી પસાર થવું પડે છે. અડધું બાઈક ડૂબી જાય તેવા પાણી મુખ્ય માર્ગ પર ભરાઈ જતા નદી વહેતી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.